CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883



Page 20

# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ


Year : 04, Issue : 29, Dt. 02-06-2026 (TUESDAY) Rs. 02/- Page : 37, RNI No. GUJGUJ/2023/84789

### ગતટર્મમાં RTOએ લેખિતમાં કહ્યું હતું કે, ગાડીમાંથી હૂટર હટાવો

# મેયર, સ્ટે.ચેરમેન, ડેપ્યૂટી મેયર, દંડક શાસક પક્ષ નેતાની ગાડીના હૂટર ગેરકાયદેસર

**પૂર્વ મેયર નયનાબેન પેઢડિયા, ડેપ્યૂટી મેયર ટીકુભા, સ્ટે. ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ નેતા વિક્રમ પૂજારા, પક્ષના નેતા લીલુબેન જાદવ, દંડક મનીષ રાડીયા, ફાયર ચેરમેન દિલીપ લુણાગરિયા 5 વર્ષ સુધી કાયદા વિરૂધ્ધ રહ્યા**






રાજકોટ | CITY NEWS 30-04-2026, APRIL, WEDNESDAY 06

આ નેતાઓ કાયદાનું પાલન કરતાં નથી !

નયનાબેન પેઢડીયા (મેયર)

નરેન્દ્રસિંહ ઉર્ફે ટીકુભા

વિક્રમ પૂજારા

જયમીન ઠાકર

દિલીપ લુણાગરીયા

લીલુબેન જાદવ

મનિષ રાડિયા દંડક

RTOએ 25 દિવસ પહેલા મનપાને સાયરન હટાવવા પત્ર લખ્યો પણ પોતાના ઘરની ધોરાજી ચલાવી રહ્યાં છેઃ શું કાયદાથી ઉપર છે રાજકોટનાં નેતાઓ



રાજકોટ CITY NEWS 05 30-04-2026, APRIL, WEDNESDAY

નેતાઓને મોટાઈનો શોખ ! લેખિતમાં સાયરન હટાવવાનું સૂચન છતાંય જૈસે થે !

નાક કટ્ટા તો કટ્ટા લેકિન ખીર-ઘી તો ચટ્ટા

(અર્થઃ આબરૂને નુકસાન પહોંચે તો પણ સ્વાદિષ્ટ ચીજનો સ્વાદ લેવો)

રાજકોટમાં કાયદો ભાજપનાં નેતાઓ માટે નહીં માત્ર જનતા માટે જ ?

» સ્ટે.ચેરમેન, મેયર, ડે.મેયરે RTOનાં આદેશનો ઉલાળ્યો કર્યો !

» રાજકોટ ભાજપનાં 6 નેતાઓની કારમાં ગેરકાયદે સાયરન

» રાજકોટ ભાજપ નિયમોનું માનતું કેમ નથી ?

## RTO કચેરીએ 4 એપ્રિલ 2025ના રોજ મનપાના ચીફ ઓફિસરને લેખિતમાં જણાવ્યું હતું

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાત સહિત સમગ્ર દેશમાં VIP વાહનો પર સાયરન અને લાલબત્તી લગાવવાના મુદ્દે સ્પષ્ટ નિયમો લાગુ છે. તાજેતરમાં લોકોમાં ફરી પ્રશ્ન ઊઠ્યો છે કે શું મેયર પોતાની સરકારી કાર પર સાયરન અથવા હૂટર લગાવી શકે?

મોટર વ્હીકલ્સ નિયમો અનુસાર, રાજકીય પદાધિકારીઓ જેમ કે મેયર, MLA અથવા અન્ય અધિકારીઓને પોતાની કાર પર સાયરન લગાવવાની મંજૂરી નથી. ૨૦૧૭માં કેન્દ્ર સરકારે VIP કલ્ચર ઘટાડવા માટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો હતો, જેના મુજબ હવે માત્ર ઇમરજન્સી સેવાઓને જ આ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.

કાયદા મુજબ, પોલીસ, એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડ જેવા ઇમરજન્સી વાહનોને જ સાયરન અને ફ્લેશિંગ લાઇટ્સનો ઉપયોગ કરવાની છૂટ છે.

જાહેર માહિતી મુજબ, ઘણા રાજ્યોમાં કેટલાક નેતાઓએ બેકન લાઇટના બદલે સાયરન લગાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ટ્રાફિક વિભાગે તેને પણ ગેરકાયદેસર ગણાવી કાર્યવાહી કરવાની ચેતવણી આપી હતી.

નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે દંડ અને કાનૂની કાર્યવાહી થઈ શકે છે. આ નિયમો સમગ્ર દેશમાં લાગુ પડે છે, એટલે ગુજરાતમાં પણ મેયર પોતાની કાર પર સાયરન લગાવી શકતા નથી.

## ડ્રગ્સ-સિન્ડિકેટ પર હૂમલો : ગુજરાત-મુંબઈમાં એક સાથે ED ની તપાસ




સિટી ન્યૂઝ@રાજકોટ

દાઉદ ઈબ્રાહિમના નજીકના સાથી અને ડ્રગ તસ્કર સલીમ ડોલાના નેટવર્ક પર EDએ મોટી કાર્યવાહી કરતા મુંબઈ, સુરત, અંકલેશ્વર અને રાજકોટમાં ૨૦ સ્થળોએ દરોડા પાડ્યા છે. ઈડીની આ તપાસ દરમિયાન હવાલા, મની લોન્ડરિંગ અને બેનામી સંપત્તિઓના એક બહુ મોટા નેટવર્કનો ખુલાસો થયો છે. પ્રવર્તન નિદેશાલય (ED) ની મુંબઈ ઝોનલ ઓફિસની ટીમે આંતરરાષ્ટ્રીય ડ્રગ તસ્કરી અને મની લોન્ડરિંગ સાથે જોડાયેલા કેસમાં આ ઓપરેશન હાથ ધર્યું છે. તપાસ એજન્સીના જણાવ્યા અનુસાર, માદક પદાર્થોની તસ્કરી સાથે જોડાયેલું આ આંતરરાષ્ટ્રીય સિન્ડિકેટ હજારો કરોડ રૂપિયાના ડ્રગ્સના વ્યવસાય સાથે સંકળાયેલું હતું અને તે કેટલાક દેશો સુધી ફેલાયેલું હતું. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ ભારત સરકાર સલીમ ડોલાને તુર્કી (તુર્કિયે) થી પ્રત્યાર્પણ કરીને ભારત પાછી લાવી હતી.ભાગેડુ અને આતંકવાદીઓને ફંડ પૂરું પાડનારા દાઉદ ઈબ્રાહિમનો આ નજીકનો સાથી લાંબા સમયથી આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિબંધિત માદક પદાર્થોનું નેટવર્ક ચલાવીને ભારે ગેરકાયદેસર કમાણી કરતો હતો. EDના આ દરોડા મુખ્યત્વે એવા લોકો અને સંસ્થાઓ પર કેન્દ્રિત છે જેઓ આ આખા નેટવર્કનો હિસ્સો રહ્યા છે, જેમાં ડ્રગ્સ (મેફેડ્રોન - MD) બનાવવા માટે વપરાતા પ્રીકર્સર્સ કેમિકલ્સના સપ્લાયર્સ, કેમિકલના વ્યવસાય સાથે જોડાયેલા વચેટિયાઓ, તેના ઉત્પાદકો, વિતરકો તેમજ હવાલા ઓપરેટરો અને બેનામી સંપત્તિના માલિકો સામેલ છે. આ સમગ્ર મની લોન્ડરિંગ તપાસ 'પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ' (PMLA), ૨૦૦૨ હેઠળ મુંબઈમાં સલીમ ડોલા અને અન્ય આરોપીઓ વિરુદ્ધ નોંધાયેલી કેટલીક FIR ના આધારે શરૂ કરવામાં આવી છે. તપાસ દરમિયાન EDને પુરાવા મળ્યા છે કે આ અત્યંત સંગઠિત ટોળકી પ્રીકર્સર્સ કેમિકલ્સની ખરીદી, ગુપ્ત રીતે મેફેડ્રોનનું ઉત્પાદન, રાજ્યો વચ્ચે ડ્રગ્સનો સપ્લાય અને વિદેશોમાં તસ્કરી કરીને મોટી માત્રામાં ગેરકાયદેસર નાણાં મેળવતી હતી. ગુના દ્વારા કમાયેલા આ નાણાંની અસલી ઓળખ છુપાવવા માટે તેને હવાલા ચેનલો દ્વારા અહીંથી તહીં મોકલવામાં આવતા હતા અને વિવિધ સહયોગીઓના નામે સ્થાવર-જંગમ તેમજ બેનામી સંપત્તિઓ ખરીદવામાં રોકવામાં આવતા હતા.

8 આતંકીઓની ધરપકડ બાદ ટેરર મોડ્યૂલનો પર્દાફાશ

## પાકિસ્તાનથી ભારત વિરૂધ્ધ ષડયંત્ર રચે છે દાઉદ !

દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમની સિન્ડિકેટ દ્વારા ચલાવવામાં આવી રહેલા એક મોટા આતંકી મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે. પોલીસ દ્વારા આ મામલે આઠ લોકોની ધરપકડ કરવામાં આવી છે, જેઓ દિલ્હી અને મુંબઈમાં મોટા હુમલા કરવાની યોજના બનાવી રહ્યા હતા. પકડાયેલા આરોપીઓની પૂછપરછ દરમિયાન એક મહત્વનો ખુલાસો થયો છે કે, કરાચીનો ક્લિફ્ટન રોડ વિસ્તાર હજુ પણ કુખ્યાત ડોન દાઉદ ઈબ્રાહિમ માટે સુરક્ષિત આશ્રયસ્થાન બનેલો છે. આરોપીઓએ પોલીસ સમક્ષ કબૂલાત કરી છે કે તેઓ મુખ્યત્વે દાઉદ ઈબ્રાહિમના અત્યંત નજીકના અને ખાસ સાથીદાર મુદસ્સર હુસૈન સૈયદ ઉર્ફે મુન્ના ઝિંગાડાના સંપર્કમાં હતા. એક અધિકારીએ જણાવ્યું કે, આ સમગ્ર ઓપરેશન કરાચીના ક્લિફ્ટન રોડ વિસ્તારમાંથી ઓપરેટ કરવામાં આવી રહ્યું હતું, જે સાબિત કરે છે કે દાઉદ ઈબ્રાહિમ આજે પણ ત્યાં જ વસવાટ કરી રહ્યો છે.

**લાલ આંખ; મનપાને જે કોઈએ નુકશાન કર્યુ કે કરાવ્યું તે અધિકારી–કોન્ટ્રાક્ટર ઘરભેગા ?**

# મહાપાલિકામાં જૂના શંકાસ્પદ પ્રોજેક્ટ મેયરના રડારમાં

# ક્લીન અપ ડ્રાઈવ શરૂ

## પૂર્વ ચેરમેન ઠાકરે બે વર્ષમાં મંજૂર કરેલા ‘કાળા’ પ્રોજેક્ટ ફાઈલો ખૂલ્લી રહી છે ?



## જૂની ટીમના બે સંગઠન નેતા ઉપર પણ સકંજો આવશે?



## બે વર્ષમાં મંજૂર કરેલા પ્રોજેક્ટ શંકાના આધારે સ્થગિત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં નવનિયુક્ત મેયર ડૉ. નયન શુક્લાના કાર્યકાળની શરૂઆત સાથે જ મનપામાં મોટા પાયે કાર્યવાહીનો ધડાકો થયો છે. પૂર્વ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જૈમીન ઠાકરના સમયગાળામાં મંજૂર થયેલા અનેક શંકાસ્પદ પ્રોજેક્ટ્સ પર તાત્કાલિક અસરથી રોક લગાવવામાં આવી છે.

મેયર દ્વારા સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે કે, હવે કોર્પોરેશનમાં કોઈપણ પ્રકારની ગેરરીતિ સહન નહીં કરવામાં આવે અને પ્રજાના પૈસાનો બગાડ અટકાવવામાં આવશે. ખાસ કરીને લગભગ ૧૧૦૦ કરોડના કામો સહિત ઝોનલ કોન્ટ્રાક્ટ્સની કામગીરીને પણ તપાસના ઘેરામાં લેવામાં આવી છે.

માહિતી મુજબ, અગાઉ સ્ટેન્ડિંગ કમિટીમાં સભ્ય તરીકે રહેલા મેયર નયન શુક્લાએ આ કામોને લઈને વિરોધ નોંધાવ્યો હતો. હવે સત્તા સંભાળતા જ તેમણે આ તમામ પ્રોજેક્ટ્સની ઊંડાણપૂર્વક સમીક્ષા શરૂ કરાવી છે.

મેયરે અધિકારીઓને આદેશ આપ્યો છે કે આગામી ૩ દિવસમાં તમામ ઓન-પેપર અને મંજૂર થયેલા કામોની વિગતવાર વાસ્તવિક રિપોર્ટ રજૂ કરવામાં આવે. જો કોઈ ગેરરીતિ સામે આવશે તો જવાબદારો સામે કડક પગલાં લેવાશે તે પણ સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે.

આ નિર્ણયને લઈને મનપાના રાજકારણમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. અગાઉ જે પ્રોજેક્ટ્સને લીલી ઝંડી આપવામાં આવી હતી, તે જ કામો હવે અટકાવાતા અનેક સવાલો ઉભા થયા છે. હવે નજર રહેશે કે આ તપાસમાં શું બહાર આવે છે અને શું ખરેખર કોઈ મોટો ભ્રષ્ટાચાર સામે આવે છે કે નહીં.

ગત ટર્મમા સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં મંજૂર થયેલા કચરાના ૧૧૦૦ કરોડ સહિતના કામો શંકાસ્પદ હોવાનું નેહલ શુક્લે જણાવ્યું હતું. તેમજ ઝોનલ કોન્ટ્રાક્ટમાં મુદત પૂર્ણ થયા બાદ નવો કોન્ટ્રાક્ટ અપાય તે સમયગાળા દરમિયાન થતો કામનો ખર્ચ એકજ એજન્સીને મળે છે કે કેમ તેનો પણ વિરોધ કરેલો છતાં અનેક કોન્ટ્રાક્ટ તેમની ઈચ્છા વિરુદ્ધ મંજૂર કરવામાં આવ્યા છે જેના ઉપર હાલ રોક લગાવી દેવામાં આવી છે.

**ખુલ્લુ આમંત્રણ : ધીરેંન્દ્ર શાસ્ત્રીનું એલાન : વાત નહીં, હવે પ્રૂફ આપો**

# હિંમત હોય તો દરબારમાં આવો વિરોધીઓને 'બાબા'ની ચેલેન્જ





**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

૪ જૂનથી બાબા બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રી રાજકોટ આવી રહ્યા છે. રાજકોટના રેસકોર્સમાં ૫ થી ૭ જૂન દરમિયાન 'સનાતન સેતુ હનુમાન કથા'નું આયોજન કરવામાં આવ્યું છે. જો કે, બાબા બાગેશ્વર રાજકોટ પધારે તે પહેલા જ તેની કથાને લઈ વિવાદ શરૂ થઈ ચૂક્યો છે. સામાજિક આગેવાન પરસોત્તમ પીપળીયાએ ધીરેન્દ્ર શાસ્ત્રીના કાર્યક્રમને લઈ સવાલો ઉઠાવ્યા છે અને કહ્યું છે કે, ચમત્કાર, તાંત્રિક વિદ્યા કે મેલિવિદ્યા જેવું કશું હોતું નથી. મારી પર મેલીવિદ્યા કે તંત્ર-મંત્ર અજમાવી જુએ. પીપળીયાના આ નિવેદન બાબતે આયોજક દ્વારા બાબા બાગેશ્વરનું ધ્યાન દોરવામાં આવતા ધીરેન્દ્ર શાસ્ત્રીએ પડકાર ફેંકનારા લોકોને દરબારમાં આવવા આમંત્રણ આપ્યું છે.મંગેશભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર સનાતન સમિતિ દ્વારા રાજકોટના રેસકોર્સ મેદાનમાં આગામી તારીખ ૫,૬, અને ૭ જૂનના રોજ ત્રણ દિવસ સનાતન સેતુ હનુમાન કથાનું દિવ્ય કરવામાં આવ્યું છે જેમાં બીજા દિવસે એટલે કે ૬ જૂનના રોજ ધીરેન્દ્ર શાસ્ત્રીનો દિવ્ય દરબાર યોજવામાં આવશે. આ કથાનું આયોજન હિન્દુ સમાજને સંગઠીત બનાવવાની નેમ સાથે કરવામાં આવી રહ્યું છે. આયોજકોનું કહેવું છે કે સૌરાષ્ટ્રની ધર્મપ્રેમી જનતાને ઘર આંગણે બાગેશ્વરધામ સરકારના દર્શન-સત્સંગ કથા અને દિવ્ય દરબારનો ત્રિવેણી સંગમ ભર્યો અનેરો અવસર આવ્યો છે ત્યારે હિન્દૂ ધર્મપ્રેમી ભક્તો સહ પરિવાર જોડાશે તેવો અમને વિશ્વાસ છે. વિરોધીઓને જવાબ આપતા તેઓએ જણાવ્યું હતું કે, છેલ્લા એક અઠવાડિયાથી રાજકોટમા કેટલાક વિરોધીઓ ખોટા નિવેદનો કરી રહ્યા છે. વિરોધ કરતા લોકોએ ૨૦૨૩માં પણ બાબાના આગમન પૂર્વે વિરોધ કર્યો હતો એ જ રીતે આ વર્ષ પણ વિરોધ કરી રહ્યા છે. પૂજ્ય ધીરેન્દ્ર શાસ્ત્રીને પણ આ અંગે જાણ કરવામાં આવતા તેઓએ પણ સ્પષ્ટ કહ્યું છે કે જેમને ચેલેન્જ કરવી હોય તે કરે અને રૂબરૂ દરબારમાં આવી શકે છે.

## ત્રણ વર્ષમાં બીજી વાર બાબા બાગેશ્વર રાજકોટ આવશે

હિંદુઓમાં સનાતન સંસ્કાર, હનુમાન ભક્તિ, સમાજના સકારાત્મક મૂલ્યો, રાષ્ટ્ર ભાવના અને આધ્યાત્મિક જાગૃતિનો લોકોમાં સંચાર થાય અને સનાતન ધર્મની ધ્વજા ફરકતી રહે તે માટે બાબા બાગેશ્વર દેશ અને દુનિયામાં ભ્રમણ કરી રહ્યા છે જે અંતર્ગત જૂન ૨૦૨૩ બાદ ફરી જૂન ૨૦૨૬માં તેઓ રાજકોટ આવી રહ્યા છે. રાજકોટમાં કથા ગ્રાઉન્ડ બેઠક વ્યવસ્થામાં ૨૪ ખંડમાં વિભાજિત કરવામાં આવી છે એક ખંડમાં ભારતીય બેઠક પ્રમાણે ૧૮૦૦ લોકોનો સમાવેશ થઈ શકે તેવી બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે. કથામાં આવતા લોકોને કોઈ મુશ્કેલી ન સર્જાઈ તે માટે આયોજન કરી રાજકોટ રેસકોર્સ રીંગરોડ પર ફન વર્લ્ડ ગ્રાઉન્ડની બાજુમાં ગેટ નંબર ૧ અને ૨ જાહેર જનતા માટે, પોલીસ હેડ ક્વાર્ટર પાસે ગેટ નંબર ૩ સાધુ-સંતો અને આમંત્રિત મહેમાનો માટે જ્યારે મહિલા પોલીસ સ્ટેશનની સામે આવેલ ગેટ નંબર ૪ પ્રોટોકોલ માટે, જુના એરપોર્ટ સામે ગેટ નંબર ૫ અને બાલભવન ગેટ નંબર ૬ જાહેર જનતા માટે પ્રવેશની વ્યવસ્થા કરવામાં આવી છે. આ જ રીતે પાર્કિંગ માટે ભક્તોને અગવડ ન પડે તે માટે ચૌધરી હાઈસ્કુલ, પોલીસ હેડ ક્વાર્ટર અને રિલાયન્સ ગ્રાઉન્ડમાં વ્યવસ્થા કરવામાં આવી છે.

## કથાશ્રવણ માટે આવનારા ભક્તોને ઈંધણ બચાવવા અપીલ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલને ધ્યાનમાં રાખી વર્તમાન પરિસ્થિતિમાં કથા શ્રવણ માટે આવતાં ભક્તો એકલા વાહનમાં આવવાના બદલે શેરીંગ સિસ્ટમથી વાહનોનો ઉપયોગ કરે જેથી પેટ્રોલ ડિઝલની બચત થાય તેવી તેમજ શક્ય હોય ત્યાં સુધી ઈ.વી. વાહનોનો વપરાશ કરવા અપીલ કરવામાં આવી છે. આ ઉપરાંત રાજકોટ મનપા તંત્ર સાથે સંકલન કરી કથા સ્થળે આવવા-જવા માટે ઈ.વી. બસોના ખાસ રૂટ શરૂ કરાવવા પ્રયાસો કરવામાં આવશે. જયારે ધીરેન્દ્ર શાસ્ત્રીને એરપોર્ટ પર આગમનથી કથા સ્થળ સુધી સ્વાગત યાત્રામાં તમામ ઈ.વી. વાહનોનો જ ઉપયોગ કરવામાં આવશે. કથા નિમિતે સમગ્ર શહેરમાં કળશ યાત્રા કાઢવાના બદલે પેટ્રોલ-ડિઝલની બચત થાય એ હેતુથી કથાના આગલા દિવસે એટલે કે તા. ૪ જુનના દિવસે રાજકોટ શહેરના ૧૦ ઝોનમાં જે તે વિસ્તારના ધાર્મિક અને સામાજીક સંગઠનો દ્વારા વિસ્તાર પુરતી કળશ પાત્રા રાખવામાં આવશે અને બધા વિસ્તારની કળશ યાત્રાના આયોજન થનાર છે.

## ક્રિકેટ સટ્ટાબાજી શંકામાં : જાણીતી એન્કરનું કનેક્શન બહાર આવશે ?

# બૂકીઓને ગુપ્ત માહિતી પહોંચાડનાર એન્કર શૈફાલી બગ્ગાની 'ED'એ કરી પૂછપરછ?







CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883

સિટી ન્યૂઝ સૌરાષ્ટ્રનો ધબકાર... Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

Page 13

Year : 04, Issue : 11, Dt. 12-05-2026 (TUESDAY) Rs. 02/- Page : 31, RNI No. GUJGUJ/2023/84789

ગ્લેમર પાછળ ગંદકી એન્કર બૂકી નેટવર્કનો મોટો ખૂલાસો

ક્રિકેટની એન્કર શૈફાલી બગ્ગા સટ્ટાબાજી બ્રાન્ડ એમ્બેસેડર ?

હવાલાકિંગ ખંજન ઠક્કરે એન્કરને મર્સીડીઝ કાર અને ફ્લેટ ગિફ્ટ કરી

એન્કર શૈફાલી બગ્ગા

હવાલાકિંગ ખંજન ઠક્કર

કાયદાના ડર વગર શૈફાલી સટ્ટાનું કરી રહી છે ખૂલ્લેઆમ પ્રમોશન

સિટી ન્યૂઝ@મુંબઈ

મુંબઈના ક્રિકેટ મેદાનની દૂધિયા ફ્લડલાઈટ્સ વચ્ચે, ચમકતા IPL ક્રિકેટ ટુર્નામેન્ટ સાથે ઊંડો સંબંધ ધરાવતા લોકો દ્વારા પ્રિય, સુગંધિત પારિજાત ફૂલોમાંના એક, શૈફાલી બગ્ગા માટે મુશ્કેલીઓ વધી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, IPL મેચો દરમિયાન ડ્રેસિંગ રૂમ, ટીમ હોટલ, સ્ટ્રેટેજી મીટિંગ્સ અને ખેલાડીઓની હિલચાલ અંગેની ગુપ્ત માહિતી બુકીઓને પહોંચાડવાની શંકાના આધારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ની ટીમે તેના ગળા સુધી પહોંચી છે. સૂત્રો સૂચવે છે કે ED ટીમે તાજેતરમાં આ મધુકામિની શૈફાલી બગ્ગાના ઘરે અચાનક દરોડો પાડ્યો હતો અને તેની કડક પૂછપરછ કરી હતી.

વધુમાં, શૈફાલી બગ્ગાએ ED પૂછપરછ દરમિયાન અનેક ચોંકાવનારા અને સનસનાટીભર્યા ખુલાસા કર્યા છે, જેને લઈને ED હવે તેને કોઈપણ સમયે વધુ પૂછપરછ માટે તેના મુખ્યાલયમાં બોલાવી શકે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે પૂછપરછ દરમિયાન, શૈફાલીએ કુખ્યાત હવાલા કિંગ ખાનજાન ઠક્કર પાસેથી ફ્લેટ અને કાર ખરીદવાની કબૂલાત કરવા ઉપરાંત, ક્રિકેટ સટ્ટાબાજી માફિયાઓ સાથે ગાઢ સંબંધો ધરાવતી હાઈ-પ્રોફાઈલ આલિયા હમીદીના ઘણા છુપાયેલા રહસ્યો પણ જાહેર કર્યા છે. ED દ્વારા વધુ પૂછપરછ દરમિયાન, શૈફાલી IPL સટ્ટાબાજીમાં સામેલ લોકોના ઘણા વધુ છુપાયેલા રહસ્યો જાહેર કરી શકે છે.

નોંધનીય છે કે લોક સ્વામીએ ૧૨ મે, ૨૦૨૬ ના અંકમાં "ક્રિકેટ ટીવી એન્કર શેફાલી બગ્ગા... કાયદાનો ભંગ કરીને અને ખુલ્લેઆમ સન એપનો પ્રચાર કરતી" શીર્ષક હેઠળ એક પ્રખ્યાત વાર્તા પ્રકાશિત કરીને IPL છેતરપિંડી કૌભાંડનો પર્દાફાશ કરી દીધો હતો. લોક સ્વામીમાં આ પ્રખ્યાત વાર્તા પ્રકાશિત થયા પછી જ EDએ મધુ કામિની શૈફાલી બગ્ગાને કસ્ટડીમાં લીધા હતા. BCCIના ભ્રષ્ટાચાર વિરોધી એકમને પહેલાથી જ ડર હતો કે બેલગામ સોશિયલ મીડિયા પ્રવૃત્તિઓ, ખેલાડીઓ સુધી અનધિકૃત ઍક્સેસ અને રીલ સંસ્કૃતિ સંવેદનશીલ મેચની માહિતી લીક કરી શકે છે, જે હવે સાચું સાબિત થઈ રહ્યું છે.


### રાજકોટ મહાપાલિકાની ફૂડ શાખાનું ચેકિંગ

# GJ-5નાં સેન્ડવિચ & પિઝા ખાવાલાયક નથી




## 28 કિલો અખાદ્ય જથ્થાનો નાશ, આઈસ્ક્રીમનાં 7 શંકાસ્પદ નમુના લેવાયા

## બાળકોની ચોકલેટના ગોડાઉનમાં એક્સપાયરી માલ જપ્ત



સિટી ન્યૂઝ@રાજકોટ

આરોગ્ય વિભાગની ટીમે "ડાયમંડ ચોકલેટ સ્ટોર" નામના ગોડાઉનમાં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મોટા પ્રમાણમાં સમયગાળા પૂર્ણ થયેલ ચોકલેટ અને અન્ય ખાદ્ય ઉત્પાદનો મળી આવ્યા હતા. આ તમામ માલને તાત્કાલિક અસરથી જપ્ત કરવામાં આવ્યો છે.આ ઉપરાંત, ગોડાઉનમાં બાળકો માટે વેચાણમાં રાખવામાં આવેલી પેપ્સી સહિતની પીણાની વસ્તુઓનો પણ જથ્થો મળ્યો હતો, જેને લઈને વિભાગે વધુ તપાસ શરૂ કરી છે.આરોગ્ય વિભાગે જણાવ્યું છે કે આવા એક્સપાયરી અને ગુણવત્તા વિહિન ખાદ્ય પદાર્થો બાળકોના આરોગ્ય માટે ગંભીર જોખમ ઊભું કરી શકે છે. તેથી જ ખાદ્ય સુરક્ષા નિયમોનું પાલન ન કરનાર વિક્રેતાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.



સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ મહાપાલિકાના ફૂડ વિભાગ દ્વારા ખાદ્યપદાર્થોમાં થતી ભેળસેળ અટકાવવા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં કાલાવડ રોડ પરનાં 'G.J-૫ સેન્ડવિચ & પિઝા'માંથી ૨૮ કિગ્રા એક્સપાયરી ડેટ વીતેલ અખાદ્ય જથ્થાનો નાશ કરવામાં આવ્યો છે અને ત્યાંથી ચીઝનો નમૂનો લેવાયો છે. ઉપરાંત, રામાપીર ચોકડીથી રૈયાધાર વિસ્તારમાં ખાદ્યચીજોનું વેચાણ કરતા ૨૧ ધંધાર્થીઓની તપાસ કરી લાઇસન્સ વગરના ૬ વેપારીઓને નોટિસ આપવામાં આવી હતી, જ્યારે ફૂડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ મંગળેશ્વર, બાલાજી સેલ્સ, સાગર સરબતવાલા અને અતુલ આઇસ્ક્રીમ જેવી પેઢીઓમાંથી આઇસ્ક્રીમના કુલ ૭ શંકાસ્પદ નમૂના લઈ લેબોરેટરીમાં મોકલાયા છે. જેનો રિપોર્ટ આવ્યા બાદ જો ભેળસેળ સાબિત થશે તો વેપારીઓ સામે પગલાં લેવાશે.

રાજકોટમાં ઉનાળાની સિઝનમાં રોગચાળો ન ફેલાય તે માટે ફૂડ વિભાગની ટીમે કાલાવડ રોડ પર આવેલ બીટ & બાઇટ ફૂડ ઝોનમાં ઓચિંતા દરોડા પાડી ખાણીપીણીની પ્રખ્યાત પેઢીઓનું ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં કાલાવડ રોડ પર કટારીયા ચોક પહેલા આવેલ 'G.J-૫ સેન્ડવિચ & પિઝા' નામની પેઢીમાં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન પેઢીના કિચનમાંથી સંગ્રહ કરેલ સોસ, ચટણી, ફ્રોઝન ફૂડ, પિઝાનું રો-મટિરિયલ, ચિપ્સ, સેન્ડવિચનો મસાલો વગેરે એક્સપાયરી ડેટ વીતેલ અને અત્યંત વાસી મળી આવ્યો હતો. અધિકારીઓએ માનવ સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડે તેવા કુલ ૨૮ કિગ્રા અખાદ્ય જથ્થાનો સ્થળ પર જ નાશ કર્યો હતો અને ત્યાંથી ચીઝ (લૂઝ) નો નમૂનો લીધો હતો.

**કમલમમાં હાઈ એલર્ટ** 17 ધારાસભ્યો હિટલિસ્ટમાં 2027 ચૂંટણીમાં કાપ નક્કી?


# કમળ ખીલી ગયું પણ ચિંતા યથાવત 2027 પહેલા ભાજપનો મોટો સંકેત?

## હાઈકમાન્ડ એલર્ટ; અત્યારથી જ મૂળીયા ઔર મજબૂર કરવા કવાયત શરૂ

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોમાં તમામ ૧૫ મહાનગરપાલિકાઓ પર કમળ ખીલવીને ભાજપ ભલે વિજયોત્સવ મનાવી રહ્યું હોય, પરંતુ ગાંધીનગર 'કમલમ' થી લઈને દિલ્હી હાઈકમાન્ડ સુધી ખુશીની પાછળ એક ઘેરી ચિંતાની લકીરો પણ ખેંચાઈ છે. પ્રચંડ સીટોના ઘોંઘાટ વચ્ચે ભાજપે એક એવું આંકડાકીય સત્ય પકડી પાડ્યું છે, જે ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં સત્તાના સમીકરણો બદલી શકે છે.

ઉપરછલ્લી નજરે વિપક્ષ સાફ દેખાય છે પણ અસલી ગણિત અલગ જ વાર્તા કહી રહ્યું છે. સમગ્ર રાજ્યમાં વિપક્ષે ભાજપની દર ૩ બેઠક સામે ૧ બેઠક (૩:૧) જીતીને ગ્રાઉન્ડ લેવલ પર પોતાનું લશ્કર અકબંધ રાખ્યું છે.



સૌથી મોટો ઝટકો ગ્રામીણ મોરચે લાગ્યો છે. પાકના ભાવો, સિંચાઈના પ્રશ્નો અને સ્થાનિક સ્તરે સરકારી બાબુશાહીથી ગ્રામીણ પ્રજામાં ભારે નારાજગી છે. જો ૨૦૨૭ સુધીમાં આ નારાજગી વધુ ૨ થી ૩% વધે, તો ભાજપ સીધું રેડ ઝોનમાં આવી શકે છે. કેટલાક રાજકીય વિશ્લેષકો આ બાબતે કહી રહ્યાં છે કે જો હાલમાં ચૂંટણી થાય તો આપને ફાયદો થાય કે ના થાય પણ કોંગ્રેસને બેઠકોમાં ફાયદો થઈ શકે છે. આ જ સાયલન્ટ એન્ટી-ઈન્કમ્બન્સીને ડામવા માટે 'કમલમ' ખાતે સંગઠનની હાઈ-પ્રોફાઈલ સમીક્ષા બેઠક યોજાઈ હતી. ભાજપ કોઈપણ કાચું કાપવાના મૂડમાં નથી અને ૨૦૨૭ પહેલાં સંગઠનને સાવચેત કરવાના કડક આદેશો આપી દીધા છે.

**કારણ-1**

**સ્થાનિક ચૂંટણીમાં ગામડામાં વિપક્ષે ભાજપની બેઠક સામે 1 બેઠક જીતીને ગ્રાઉન્ડ લેવલ પર પોતાનું લશ્કર અકબંધ રાખ્યું છે**

**કારણ-2**

**પાકના ભાવો, સિંચાઈના પ્રશ્નો અને સ્થાનિક સ્તરે સરકારી બાબુશાહીથી ગામડાની પ્રજા નારાજ છે જો 2027માં આ નારાજગી 2 થી 3% વધે તો ભાજપ સીધુ રેડઝોનમાં**

**કારણ-3**

**જે ધારાસભ્યો પોતાના હોમ ગ્રાઉન્ડ પર ભાજપના વિજયરથને મજબૂત રાખવામાં નિષ્ફળ સાબિત થયા છે 2027માં તેમના પત્તા કપાશે ?**

## 16 ધારાસભ્યો અને શું છે તેમનું નબળું રિપોર્ટ કાર્ડ...

### મોહનભાઈ કોંકણી (વ્યારા – ST)



તાપી જિલ્લાનું મુખ્ય મથક હોવા છતાં વ્યારા તાલુકા પંચાયતમાં કોંગ્રેસે ૨૦માંથી ૧૩ બેઠકો જીતીને ભાજપને ધૂળ ચટાવી દીધી છે. હોમ-ગ્રાઉન્ડ પર એન્ટી-ઈન્કમ્બન્સી એટલી પ્રબળ છે કે આદિવાસી મતદારોએ ભાજપના શાસનને નકારી દીધું.

### દિનેશસિંહ કુશવાહા (બાપુનગર)



પૂર્વ અમદાવાદનો આ વિસ્તાર શ્રમિકો અને હિન્દી ભાષી મતદારોનો ગઢ ગણાય છે. જ્ઞાતિગત સમીકરણો અનુકૂળ હોવા છતાં જનતાએ ભાજપ વિરુદ્ધ કરેલું આ મતદાન દિનેશસિંહના વ્યક્તિગત રિપોર્ટ કાર્ડને ગાંધીનગરમાં સખત નબળું પાડે છે.

### જે. વી. કાકડિયા (ધારી–બગસરા)



અમરેલીની બગસરા તાલુકા પંચાયતમાં આમ આદમી પાર્ટી (AAP) એ ૧૬ માંથી ૧૦ બેઠકો મેળવીને એકહથ્થુ સત્તા મેળવી છે અને ભાજપને માત્ર ૬ બેઠક પર સીમિત કરી દીધું છે. જે.વી. કાકડિયા પક્ષપલટો કરીને ભાજપમાં આવ્યા હતા.

### દર્શનાબેન દેશમુખ (નાંદોદ)



નર્મદા જિલ્લાની ડેડિયાપાડા, તિલકવાડા અને શાકબારા જેવી મહત્વની તાલુકા પંચાયતોમાં 'આપ' (AAP) એ ભાજપનો સૂર્યોદય થવા દીધો નથી. દર્શનાબેન સરકારી યોજનાઓ હોવા છતાં ભાજપની વોટબેંક બચાવી શક્યા નથી.

### કેશાજી ચૌહાણ (દિયોદર)



બનાસકાંઠાના ઓબીસી (OBC) અને ગ્રામીણ પટ્ટામાં ગેનીબેન ઠાકોર અને વિપક્ષી જોડાણ સામે ભાજપનું સંગઠન હાંફી ગયું છે. તાલુકા પંચાયત સ્તરે વિપક્ષનો વોટશેર ૪૯% સુધી પહોંચી જવો અને ભાજપને પાતળી બહુમતી મળી.

### કુવરજી બાવળિયા (જસદણ)



સૌરાષ્ટ્રના સૌથી કદાવર ઓબીસી નેતા હોવા છતાં, જસદણ અને આસપાસના ગ્રામીણ વિસ્તારોમાં ભાજપને મોટો ફટકો પડ્યો છે. તાલુકા અને જિલ્લા પંચાયતોમાં વિપક્ષને મળેલો ૪૮-૪૯% વોટશેર સાબિત કરે છે કે હવે માત્ર કુવરજીના નામે ભાજપને મત મળતા નથી.

### ધર્મેન્દ્રસિંહ વાઘેલા (વડોદરા, વાઘોડિયા)



વડોદરાની આસપાસની ગ્રામ્ય પંચાયતોમાં ક્ષત્રિય આંદોલનની અસરો અથવા સ્થાનિક જૂથબંધી ભારે પડી છે. શહેરમાં મનીષા વકીલની જેમ જ ગ્રામીણ મોરચે ધર્મેન્દ્રસિંહ વાઘેલાના વિસ્તારોમાં ભાજપના સત્તાવાર ઉમેદવારો સામે બળવાખોરો અને વિપક્ષે બાજી મારી છે.

### મનીષા વકીલ (વડોદરા સિટી)



વડોદરા મહાનગરપાલિકામાં ભાજપે સત્તા મેળવી હોવા છતાં, મનીષા વકીલના વિધાનસભા સેક્ટરમાં આવતા ચોક્કસ વૉર્ડમાં વિપક્ષે પેનલો તોડી છે. વડોદરા જેવા ભાજપના પરંપરાગત ગઢમાં શહેરી નારાજગી દેખાવી એ સાબિત કરે છે કે ધારાસભ્ય તરીકે લોકલ કનેક્ટ તૂટ્યો છે.

### કનુભાઈ દેસાઈ (પારડી)



રાજ્યના નાણામંત્રી હોવા છતાં વલસાડ જિલ્લાના કપરાડા અને ધરમપુર જેવા આંતરિક ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં ભાજપનો વોટશેર પલટાયો છે. ઘણી જગ્યાએ ભાજપે અપક્ષોના તોડજોડથી સત્તા મેળવવી પડી છે.

### અનિકેત ઠાકર (પાલનપુર)



પાલનપુર અને દાંતીવાડા તાલુકા પંચાયતોમાં કોંગ્રેસ બાજી મારી ગઈ છે. અનિકેત ઠાકર ભાજપના ધારાસભ્ય હોવા છતાં, ગ્રામીણ સ્તરે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય મહેશ પટેલનો ગઢ તેઓ તોડી શક્યા નથી. સ્થાનિક નિષ્ક્રિયતા જવાબદાર હોવાનું મનાઈ રહ્યું છે.

### મણિભાઈ વાઘેલા (પોશીના – ST)



કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા મણિભાઈ વાઘેલા આદિવાસી મતદારોનો ભરોસો જીતવામાં નિષ્ફળ રહ્યા છે. પોશીના તાલુકા પંચાયતમાં આદિવાસીઓએ ભાજપ અને કોંગ્રેસ બંને પરંપરાગત પક્ષોને નકારીને આમ આદમી પાર્ટીની આખી પેનલને વિજય અપાવ્યો છે.

### બળવંતસિંહ રાજપૂત (સિદ્ધપુર)



ગ્રામીણ વિસ્તારો અને તાલુકા પંચાયતમાં પલટાયેલું પાસું બળવંતસિંહ માટે નેગેટિવ સાબિત થઈ શકે છે. સિદ્ધપુર વિધાનસભાનો મોટો હિસ્સો ગ્રામીણ મતદારો ધરાવે છે. સિદ્ધપુરના ગ્રામીણ પટ્ટામાં ઠાકોર અને મુસ્લિમ મતદારોનું પ્રભુત્વ વધારે છે.

### ડૉ. સુખાજી ઠાકોર (બહુચરાજી)



'કમલમ' ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી, તેમાં બહુચરાજી તાલુકા પંચાયતનો આ ડ્રામા કેન્દ્ર સ્થાને રહ્યો હતો. આ બેદરકારી બદલ સ્થાનિક ધારાસભ્ય ડૉ. સુખાજી ઠાકોર અને મહેસાણા જિલ્લા સંગઠનના પ્રભારીઓ પર કડક સંગઠનાત્મક પગલાં લેવાઈ શકે છે.

### સંજય કોરડિયા (જૂનાગઢ)



જૂનાગઢ વિધાનસભા હેઠળ આવતી જૂનાગઢ તાલુકા પંચાયતમાં ભાજપને સૌથી મોટો અને આશ્ચર્યજનક ઝટકો લાગ્યો છે. અહીંની કુલ ૧૮ બેઠકોમાંથી ભાજપને ૯ અને આમ આદમી પાર્ટી (AAP)ને ૯ બેઠકો મળી હતી. કોંગ્રેસ આ રેસમાંથી સંપૂર્ણ ફેંકાઈ ગઈ છે.

### કાંતિ અમૃતિયા (મોરબી)



મોરબી જિલ્લાની પાંચમાંથી ત્રણ જુદી જુદી તાલુકા પંચાયતોમાં AAPના કુલ ૬ ઉમેદવારો વિજેતા બન્યા છે. ભલે આપ મજબૂત બન્યું નથી પણ આપનો પગપેસારો અહીં મજબૂત બન્યો છે. મોરબી માટે આપ પહેલાંથી પ્રયાસ કરી રહ્યું છે જે કાંતિ અમૃતિયાને નુક્સાન કરી શકે છે.

### ઉદય કાનગડ (રાજકોટ પૂર્વ)




રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીમાં આ વિસ્તારમાં ભાજપને સૌથી મોટો ઝટકો લાગ્યો છે. ભાજપના ગઢ ગણાતા આ વોર્ડ નંબર ૧૬માં કોંગ્રેસની આખી પેનલ (ચારેય બેઠકો) નો ભવ્ય વિજય થયો છે. ઉદય કાનગડ માટે આ ખતરાની નિશાની બની શકે છે.

સેમિફાઈનલમાં જ ગેમ સેટ ? 2027 માટે સંકેત સ્પષ્ટ

# લંગડા ઘોડા, અંદરની લડાઈ ગુજરાત કોંગ્રેસને ડૂબાડશે ?



### ગામડાઓમાં APP નો ઉદય કોંગ્રેસ માટે ખતરાની ઘંટી




- આપ પાર્ટી ગામડાઓમાં પોતાનું મજબૂત નેટવર્ક ઉભું કરી રહી છે.

કોંગ્રેસનો પરંપરાગત મતબ્રેન્ક હવે આપ તરફ વળી રહ્યો છે.

### સ્થાનિક ચૂંટણીમાં કોંગ્રેસના 700 જેટલા ઉમેદવારો હારી ગયા



ભાજપના ખોળે બેઠકો ધરી દેવાઈ હતી

### 66 વર્ષ બાદ કોંગ્રેસ રાજ્યસભામાં નામશેષ થઈ



ગયા 66 વર્ષમાં પહેલીવાર ગુજરાતમાંથી કોંગ્રેસનો એક પણ ધારાસભ્ય રાજ્યસભામાં નથી.

### લંગડા ઘોડા અને અંદરની લડાઈથી ભવિષ્ય અંધારું ?

- ગ્રુપબાજી અને નેતૃત્વની ખોટ
- સંગઠનની કમજોર સ્થિતિ
- યુવા નેતાઓનો અભાવ
- કાર્યકરોમાં નિરાશા અને નારાજગી



**સિટી ન્યૂઝ@સુરત**

૨૦૨૭ની વિધાનસભાની ફાયનલ પહેલાંની સેમિફાયનલમાં કોંગ્રેસનો કારમો રકાસ થયો છે. તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોને બાકાત કરીએ તો કોંગ્રેસને શહેરોમાં સમખાવા પૂરતી બેઠકો મળી છે. આપના ઉદય બાદ સત્તા વિરોધી મતો વહેંચાઈ જવાનો સીધો ફાયદો હવે ભાજપને મળી રહ્યો છે. ૨૦૨૭ પહેલાં પણ આ જ સ્થિતિ રહી તો ગુજરાતમાં આપનો ઉદય ભાજપ માટે ફાયદાનો સોદો અને કોંગ્રેસ માટે કડવા ડોઝ સમાન રહેશે.સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ૯૫૦૦થી વધારે સીટો પર થયેલી ચૂંટણી બાદ વિપક્ષને માંડ ૨૫૦૦ની આસપાસ સીટો મળી છે અને ભાજપે પોતાનો ગુજરાતમાં દબદબો જાળવ્યો છે. એવું પણ નથી કે ગુજરાતમાં સત્તા સામે રોષ નથી પણ કોંગ્રેસ આ રોષને સમજવામાં અને ફાયદો ઉઠાવવામાં પાછળ રહી ગઈ છે એ વાસ્તવિકતા છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં કોંગ્રેસના ૭૦૦ જેટલા ઉમેદવારો પાણીમાં બેસી ગયા અને મેદાનમાં ઉતર્યા વિના જ આ બેઠકો ભાજપના ખોળે ધરી દેવાઈ હતી. જે ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લીધા તેમની સામે પગલાં ભરવા ઉપરાંત આવા લંગડા ઘોડા જેવા ઉમેદવારોના નામની ભલામણ જે કોઈ નેતાએ કરી હોય તેમની સામે પણ પગલાં ભરવા માટે કોંગ્રેસ ઉણી ઉતરી છે. નેતાઓ મામકાંઓને સાચવવામાં પડ્યા છે એમાં કોંગ્રેસનો એકડો નીકળી રહ્યો છે. કોંગ્રેસના હાલના નેતાઓ ભલે દોડાદોડી કરી રહ્યાં છે પણ એનું રિઝલટ આંકડાઓમાં દેખાઈ રહ્યું નથી. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રની આર્થિક રીતે સભર અગ્રણી માર્કેટ યાર્ડો પરથી રાજકીય પકડ ગુમાવી.પેટા-ચૂંટણીઓ : સિનિયર નેતાઓના પક્ષપલટા બાદ ખાલી પડેલી બેઠકોની પેટા-ચૂંટણીઓમાં પણ હારનો સામનો કરવો પડ્યો. ચર્ચા એવી પણ છે કે, જે ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લીધા છે તેઓએ મતદારોને અન્યાય નથી કર્યો, કોંગ્રેસમાં ટિકિટો અપાવવામાં જે ઉત્સાહી હતા તે હવે ભાગેડુ માનસિકતા બતાવી રહ્યા છે. એવી પણ ફરિયાદો સામે આવી છે કે, ગુજરાતમાં અનેક જગ્યાએ પસંદ કરાયેલા ઉમેદવારને બદલે માનીતાઓને બારોબાર મેન્ડેટ આપી દેવાયા હતા. આમ જે મજબૂત હતા અને ચૂંટણી લડવા માગતા હતા એવા ૭૦૦ નેતાઓના સપનાં ચકનાચૂર કરી દેવાયા છે. આ નેતાઓએ ભાજપને તાસકમાં ૭૦૦ સીટો ધરી દીધી છે. આ મામલે સ્થાનિક નેતાઓ તો શું દિલ્હી હાઈકમાન્ડ પણ ચૂપકીદી ધરીને બેઠું છે.તાજેતરમાં જ કોંગ્રેસે ચૂંટણીમાં બેદરકાર કેટલાક નેતાઓ સામે કાર્યવાહી કરી છે પણ શું પ્રદેશના નેતાઓ અને શહેર-જિલ્લા પ્રમુખોની કોઈ જવાબદારી નથી બનતી? ગુજરાતમાં કોંગ્રેસના નેતાઓ મામકાઓને સાચવવામાં વારા ફરતી વારો અને તારા પછી મારો એવી ગેમ રહ્યાં છે. જેના કારણે કોંગ્રેસ પરથી ગુજરાતીઓનો ભરોસો ઉઠી રહ્યો છે અને ભરોસાની સરકારને નામે ગુજરાતમાં ભાજપ મજબૂત થઈ રહી છે એમાં કોંગ્રેસનો પણ એટલો જ હાથ છે.

## 66 વર્ષ બાદ કોંગ્રેસ રાજયસભામાં નામશેષ થશે

વિધાનસભાની ચૂંટણીની વાત કરીએ તો પાટીદાર આંદોલન સમયે કોંગ્રેસ પાસે એક તક હતી જેને તે સત્તામાં ન પરિવર્તિત કરી શકી પણ હવે ગુજરાતમાં ત્રિપાંખિયા જંગમાં આગામી એક દાયકામાં પોતાનું અસ્તિત્વ પૂરવાર કરવું પડશે નહીં તો આમ આદમી પાર્ટી વિપક્ષ બનીને રહી જશે કોંગ્રેસ કોરાણે મૂકાઈ જશે. ૨૦૨૨માં કોંગ્રેસ માત્ર ૧૭ બેઠકો જીતી શકી હતી. હવે આ સંખ્યા ઘટીને માત્ર ૧૨ રહી ગઈ છે. જેને પગલે આગામી રાજયસભા ચૂંટણી પ્રક્રિયા બાદ ગુજરાતમાંથી કોંગ્રેસનો એક પણ સાંસદ ઉપલા ગૃહ એટલે કે રાજયસભામાં રહેશે નહીં. આવું લગભગ ૬૬ વર્ષ બાદ થવા જઈ રહ્યું છે.

## કોંગ્રેસ સત્તામાં ગુજરાતમાં વાપસી કરી શકી નથી

કોંગ્રેસનું નિશાન પંજાનું છે પણ આ પંજો ક્યારેય મુઠ્ઠી બની ન શકતાં છેલ્લા સાડા ૩ દાયકાથી કોંગ્રેસ સત્તામાં ગુજરાતમાં વાપસી કરી શકી નથી. રાહુલ ગાંધીએ રેસના ઘોડા અને લંગડા ઘોડાઓના ટેગ તો આપી દીધા પણ ઘોડાઓની ઓળખ કરવામાં થાપ ખાઈ ગયા છે. ગુજરાતમાં કોંગ્રેસ પાસે નેતાઓ નહોતા એવું પણ નથી, આજે પણ ગુજરાતમાં ભાજપ એ કોંગ્રેસયુક્ત છે પણ પાર્ટીમાં અંદરોઅંદરની ખેંચતાણમાં કોંગ્રેસમાંથી કેટલાક સારા નેતાઓએ પાર્ટીને અલવિદા કરી દીધી છે.ગુજરાતમાં કોંગ્રેસ ૨૦૨૭ની ચૂંટણીની તૈયારીઓમાં લાગી ગઈ છે પણ એમને વિચારવાની જરૂર છે કે કોંગ્રેસ ત્યારે જ ગુજરાતમાં બેઠી થશે જ્યારે દિયોદરની એક સગર્ભા મહિલા જેવા પક્ષમાં કર્મનિષ્ઠ કાર્યકરો કોંગ્રેસમાં હશે. જે કોઈ પણ લોભ, લાલચ કે ડર વિના ફક્ત પક્ષને વફાદાર બનીને ઉભી રહેશે.

### મદ્રાસ હાઈકોર્ટ બાદ ગુજરાતના મંદિરો પર સવાલ

# સાળંગપૂર, સોમનાથ, દ્વારકા મંદિરોમાં VIP કલ્ચર; ભક્તોમાં રોષ



સોમનાથ



દ્વારકા



સાળંગપૂર

## દેવ સમક્ષ બધા સમાન કે VIP ? ગુજરાતમાં મંદિરોમાં VIP કલ્ચર દૂર કરવા હાઈકોર્ટ જવાની તૈયારી

## મદ્રાસ હાઈકોર્ટે કહ્યું મંદિરોમાં VIP દર્શન બંધ કરો

**સિટી ન્યૂઝ@દ્વારકા**

મદ્રાસ હાઈકોર્ટની બેન્ચે મંદિરોમાં ‘વીઆઈપી દર્શન પ્રથા’ને ભેદભાવપૂર્ણ ગણાવી મંત્રીઓ અને ધારાસભ્યોને શાબ્દિક ફટકાર લગાવી હતી. આ ઉપરાંત કરોડો આસ્થાળુઓમાં સવાલ ઊઠી રહ્યા છે કે ગુજરાતનાં ધર્મસ્થાનકોમાં પણ મહાનુભાવોને દર્શનમાં અગ્રતા શા માટે? ચેન્નાઈમાં વિશ્વ હિન્દુ પરિષદના જ એક પદાધિકારીએ આ પ્રથાને જાહેર હિતની અરજી મારફત પડકારી છે, ત્યારે ગુજરાતનાં પ્રસિદ્ધ મંદિરોમાં સંખ્યાબંધ દર્શનાર્થીઓની કતારને બાયપાસ કરીને અફસરો ઉપરાંત શાસક પક્ષના નેતાઓને ઈશ્વર સન્મુખ થવામાં મળતી રહેતી પ્રાયોરિટી અટકાવવા કાનૂની લપડાક આવશ્યક થઈ પડી હોવાનો જનમત પ્રવર્તે છે.

સાળંગપુર મંદિરે દર શનિ- રવિ ઉપરાંત વેકેશન અને ખાસ કરીને પૂનમે દર્શનાર્થીઓની ચિક્કાર ગિરદી વચ્ચે પૂનમે સામાન્ય માણસોનાં વાહન દૂર-બહાર પાર્ક કરાવાય છે. પરંતુ વીવીઆઈપીની કાર પણ છેક મંદિરમાં લઈ જવા દેવાય છે અને તેને ચોક્કસ ગેઈટમાંથી છેક દાદાની મૂર્તિ સન્મુખ દર્શનાર્થે પણ પહોંચાડી દેવાય છે. એમના પછી બીજું લેયર વીઆઈપી માટે હોય છે, જેમને પણ બહુ રાહ જોવી પડતી નથી,




જ્યારે ત્રીજું લેયર સામાન્ય દર્શનાર્થીઓ માટે હોય છે! અલબત્ત, વીઆઈપી દર્શન માટે એક પૈસો પણ લેવાતો નથી અને હજારો ભક્તજનો માટે પ્રસાદ સહિતની વ્યવસ્થા પણ સરાહનીય છે. પરંતુ ઘણાં દર્શનાર્થીઓમાં ક્યારેક વીઆઈપી કલ્ચર સામે ઘૂંધવાટ પણ પ્રવર્તતો હોય છે.

દેશનાં ૧૨ જ્યોતિર્લિંગ પૈકી પહેલા એવા સોમનાથ ખાતે દેશ- વિદેશમાંથી લાખો શ્રદ્ધાળુઓ દર્શનાર્થે ઉમટતા હોય છે. સોમવાર, શ્રાવણ મહિનો, દિવાળી પર્વ, વેકેશન જેવા સમયે લાંબી કતારો લાગે છે. એવા સમયે પણ જ્યારે- જ્યારે ટોચના બ્યુરોક્રેટ્સથી માંડીને નેતાઓ- મંત્રીઓ સહિતના વીઆઈપી આવી ટપકે તો જનસંપર્ક વિભાગ મારફત નોંધ કરાવડાવીને તેમને દર્શનાર્થે સીધા જ અંદર લઈ જવામાં આવે છે.

ખૂદ વડાપ્રધાન જેના અધ્યક્ષ છે એ સોમનાથ ટ્રસ્ટે જો કે વૃદ્ધો- બીમાર લોકો માટે ગોલ્ફ કાર અને ઉનાળામાં તમામ દર્શનાર્થીઓ માટે છાયડા સહિતના અનેક આવકાર્ય પ્રબંધો કરેલા છે. પરંતુ ૫૧૦૦ રૂપિયા ચૂકવવાથી તત્કાલ પૂજા થઈ શકે એવી વ્યવસ્થા પણ આવા મહત્ત્વનાં દેવસ્થાનકે આસ્થા ગણાવાઈ રહી છે. સામાન્ય માણસો માટે જ્યાં કેમેરા- મોબાઈલ પ્રતિબંધિત છે ત્યાં તાજેતરમાં ભાજપના નેતાઓએ કથિતપણે કરાવેલાં ફોટોસેશન બાદ સોશિયલ મીડિયામાં મુકેલી તસ્વીરોને લીધે પણ સવાલ ઉઠ્યા હતા. ભગવાન કૃષ્ણની દ્વારકા નગરીમાં દ્વારકાધીશ મંદિરે ધ્વજા ચડાવવાનું ભાવિકોને મન અનેરું મહત્ત્વ છે. અહીં આ માટે ૧૦ વર્ષનું વેઇટિંગ છે એના પરથી જ તેનાં મહત્ત્વનો અંદાજ આવી શકે છે. જો કે, રોજની છ ધ્વજા પૈકી પહેલી અને પાંચમી ધ્વજા માટે ચિઠ્ઠી નાખીને આખા મહિનાનો ડ્રો કરવામાં આવે છે એ તો કોઈને પણ લભ્ય બની શકે છે. પરંતુ એ પૈકી દર શનિ- રવિની બે- બે ધ્વજા કલેક્ટર હસ્તક હોય છે. મતલબ કે, ગમે એટલું વેઇટિંગ હોય તો પણ કોઈ ધારાસભ્ય કે મંત્રી યા બીજાં કોઈ વગદારો કલેક્ટરની ’બા- કાયદા’ ભલામણથી ત્યારે ધ્વજા ચડાવડાવી શકે છે! આ ઉપરાંત, દર્શનમાં વીઆઈપીને દેવસ્થાન સમિતિ મારફત કતારો વચ્ચેથી આગળ પહોંચી જવાની છૂટ પણ મળે છે અને એમાં જો કોઈ મંત્રી વગેરે હોય તો તો પોલીસ કાફલો પણ ભીડ ચીરીને લઈ જતો હોવાથી દર્શનાર્થીઓ અચંબિત રહી જાય છે.

# સૌરાષ્ટ્રમાં સિંહ અને દિપડાથી લોકોમાં ભય

### પરિવારની નજર સામે બની ઘટના

## વેરાવળમાં દીપડો ત્રણ વર્ષની બાળકીને ઉઠાવી ગયો

### 60 ફૂટ દૂરથી લોહીલુહાણ હાલતમાં મળી આવી સારવાર માટે હોસ્પિટલમાં દાખલ



**સિટી ન્યૂઝ@ગીર સોમનાથ**

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ નજીક આવેલા તાતીવેલા ગામની સીમમાં દીપડો એક પરિવારની નજર સામે જ તેમની ત્રણ વર્ષની માસૂમ બાળકીને ઉઠાવી ગયો. જોકે, પરિવારજનોએ તાત્કાલિક ભારે બૂમરાણ મચાવતાં દીપડો બાળકીને આશરે ૫૦ મીટર દૂર છોડીને અંધારામાં નાસી છૂટ્યો. લોહીલુહાણ હાલતમાં બાળકીને ગંભીર હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી છે.આ ઘટના શનિવારે રાત્રે લગભગ ૧ વાગ્યાના અરસામાં બની હતી. વેરાવળની ગરીબ નવાઝ કોલોનીમાં રહેતા શેબાઝ ખોખર તેમના પરિવારના આશરે ૧૦ સભ્યો સાથે તાતીવેલા ગામ નજીક રહેતા પોતાના સંબંધી સતાર ઈબ્રાહીમ સચાજીની વાડીએ પિકનિક મનાવવા માટે રોકાયા હતા. આ દરમિયાન તેમની ત્રણ વર્ષની દીકરી અરફા શેબાઝ ખોખર તેની માતા સાથે બહાર હતી. તે જ સમયે અચાનક ઝાડીમાંથી એક દીપડો ત્રાટક્યો અને બાળકીને મોઢામાં પકડીને ભાગવા લાગ્યો.દીપડો દીકરીને ખેંચી જતો જોઈને પરિવારજનોએ હોબાળો અને બૂમાબૂમ કરી મૂકતા દીપડો બાળકીને પડતી મૂકીને જંગલ તરફ ભાગી ગયો.ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલી બાળકીને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી. જ્યાં હાલ તેની સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને દીપડો ફરીથી કોઈના પર હુમલો ન કરે તે માટે ૪ પાંજરા ગોઠવી દીધા છે.



### અમરેલી જિલ્લાના રાજૂલા તાલુકાના

## રામપરા ગામમાં સિંહોના આંટાફેરા લોકોમાં ભય

### સરપંચે વનમંત્રીને પત્ર લખી રજૂઆત કરી

**સિટી ન્યૂઝ@ધર્મેશ મહેતા, રાજુલા**


અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના રામપરા-૨ ગામમાં છેલ્લા ૨૦ દિવસથી સિંહોની સતત અવરજવરને કારણે સ્થાનિક ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. સિંહો દ્વારા ગામમાં અવારનવાર પશુઓનું મારણ કરવામાં આવી રહ્યું હોવાથી ખેડૂતો ચિંતિત બન્યા છે. આ ગંભીર પરિસ્થિતિ અંગે રામપરા ગામના સરપંચ સનાભાઇ વાઘ દ્વારા રાજ્યના વનમંત્રી અર્જૂન મોઢવાડિયાને લેખિત પત્ર પાઠવીને રજૂઆત કરવામાં આવી છે. સરપંચના જણાવ્યા અનુસાર, વનવિભાગ દ્વારા છેલ્લા ૨૦ દિવસથી સ્થાનિક ગ્રામ સેવકો (ટ્રેકર્સ)ને છૂટા કરી દેવામાં આવ્યા છે. જેના કારણે ગામમાં સિંહોની અવરજવર પર નજર રાખવાનું વ્યવસ્થાપન ખોરવાઈ ગયું છે. જ્યારે આ ગ્રામ સેવકો ફરજ પર હતા ત્યારે તેઓ સિંહોની હિલચાલ પર સતત નજર રાખતા હતા અને ગ્રામજનોને સાવચેત કરતા હતા. સરપંચ સનાભાઇ વાઘે વનમંત્રી સમક્ષ માંગ કરી છે કે વનવિભાગ દ્વારા વહેલામાં વહેલી તકે છૂટા કરાયેલા ગ્રામ સેવકોને ફરીથી ફરજ પર પરત લેવામાં આવે જેથી ગામ લોકોની સુરક્ષા સુનિશ્ચિત થઈ શકે છે. આર.એફ.ઓ ડી.કે. મકવાણાએ જણાવ્યું કે, ફોરવે પર ટ્રેકરોની ખાસ જરૂરિયાત હતી. આથી બે ટ્રેકરોની ડ્યુટી ફોરવે પર બદલવામાં આવી હતી. રામપરા ગામના ગ્રામસેવકો ફોરવે પર ડ્યુટી માટે આવી શક્યા નહોતા જેથી તેઓ પોતાની મેળે સ્વેચ્છાએ છૂટા થયા છે. વનવિભાગે તેમને છૂટા કર્યા નથી. રામપરા ગામમાં દેખરેખ માટે હાલ બે વનવિભાગના બે ટ્રેકરો કાર્યરત છે તેઓને ફરજ તરીકે ગામની વધારાની ડ્યુટી આપવામાં આવી છે. જેમાં રામપરાના રેવન્યુ વિસ્તારના બે ટ્રેકરોને પોતાની રેવન્યુ ડ્યુટી સાથે જ ઉપરાંત ગ્રામ સેવકોની પણ વધારાની ડ્યુટી આપી છે. વનવિભાગ સ્ટાફ દ્વારા સિંહોની અવરજવર પર પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે.

# ખાખીથી કેમેરા સુધી; MPની IPS સિમલા પ્રસાદ હવે ફિલ્મી પડદે




# IPS બની હિરોઈન

## ‘ધ નર્મદા સ્ટોરી’ ફિલ્મીમાં IPS ઓફિસર મુખ્ય ભૂમિકા ભજવશે












## સિમલા પ્રસાદ મધ્યપ્રદેશ કેડરના 2011 બેચના IPS અધિકારી છે

**સિટી ન્યૂઝ@મુંબઈ**

વાસ્તવિક જીવનમાં IPS અધિકારી તરીકે ફરજ બજાવનાર સિમાલા પ્રસાદ હવે અભિનેત્રી તરીકે પણ પોતાની આગવી ઓળખ બનાવી રહી છે. તેમની બહુચર્ચિત ફિલ્મ ‘ધ નર્મદા સ્ટોરી’નું શક્તિશાળી એન્થમ સોંગ તાજેતરમાં રિલીઝ થયું છે, જેમાં દેશભક્તિ, મહિલાશક્તિ અને ખાખી વર્દીના ગૌરવને પ્રભાવશાળી રીતે રજૂ કરવામાં આવ્યું છે. મધ્યપ્રદેશ મહિલા પોલીસની બહાદુરી, સમર્પણ અને કર્તવ્યનિષ્ઠાને દર્શાવતું આ ગીત દર્શકોમાં ઉત્સાહ અને ગર્વની લાગણી જગાવે છે. ગીતની શરૂઆતમાં સિમાલા પ્રસાદ પોલીસ યુનિફોર્મમાં મહિલા પોલીસકર્મીઓ સાથે તાલીમ લેતી જોવા મળે છે. વિવિધ દ્રશ્યોમાં તેઓ ગુનેગારો સામે કડક કાર્યવાહી કરતી અને કાયદાનું પાલન કરાવતી દેખાય છે, જે તેમની નિર્ભયતા અને ન્યાય પ્રત્યેની પ્રતિબદ્ધતાને ઉજાગર કરે છે. એક વાસ્તવિક IPS અધિકારીમાંથી ફિલ્મ અભિનેત્રી સુધીની તેમની સફર અનેક મહિલાઓ માટે પ્રેરણારૂપ બની છે. ફિલ્મમાં તેમની હાજરી માત્ર અભિનય પૂરતી સીમિત નથી, પરંતુ મહિલાઓના સશક્તિકરણ અને ફરજ પ્રત્યેના સમર્પણનો સંદેશ પણ આપે છે.

## વન વિભાગ નિષ્ફળ ? સ્થાનિક ટ્રેકર્સ ઉપર કામનું ભારણ

# સિંહોની સુરક્ષા 'રામ ભરોસે' ?

**સિટી ન્યૂઝ@ધર્મેશ મહેતા-રાજુલા**

રાજ્ય સરકાર સિંહો અને અન્ય વન્યપ્રાણીઓના સંરક્ષણ માટે દર વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરી રહી હોવાના દાવા કરે છે. પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ છે. પાલિતાણા શેત્રુંજી ડિવિઝન હેઠળ આવતી રાજુલા અને જાફરાબાદ રેન્જમાં લાંબા સમયથી ફોરેસ્ટરની મહત્વની જગ્યાઓ ખાલી પડી હોવા છતાંપણ વનવિભાગ દ્વારા નવી ભરતી કરવામાં આવી નથી.

સ્ટાફની આ ગંભીર અછતના કારણે હાલમાં વન્યપ્રાણીઓની સુરક્ષા માટે રાખવામાં આવેલા સ્થાનિક ટ્રેકર્સ ઉપર કામનું ભારણ અસહ્ય રીતે વધી ગયું છે. રાજુલા અને જાફરાબાદ તાલુકાના રેવન્યુ (ગ્રામ્ય અને ખેતીવાડી) વિસ્તારોમાં સિંહોની વસ્તી સૌથી વધારે જોવા મળે છે. વનવિભાગમાં સ્ટાફ ન હોવાને કારણે સિંહોની દેખરેખ અને સુરક્ષા વ્યવસ્થા નબળી પડી રહી છે. હાલમાં ખાલી પડેલી જગ્યાઓનો વધારાનો ચાર્જ અન્ય રાઉન્ડ ફોરેસ્ટરોને સોંપીને જેમ તેમ કામ ચલાવવામાં આવી રહ્યું છે જેના કારણે સિંહોની સ્થિતિ ચિંતાજનક બની છે.

ત્યારે હવે સિંહોના સાચા અર્થમાં સંરક્ષણ અને સંવર્ધન માટે આ ખાલી પડેલી તમામ જગ્યાઓ પર તાત્કાલિક ધોરણે અનુભવી અને સક્ષમ ફોરેસ્ટરોની કાયમી ભરતી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. જો સમયસર સ્ટાફ નહીં મુકાય તો આગામી દિવસોમાં સિંહોની સુરક્ષા વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાય જવાની ભીતિ સેવાઈ રહી છે.




### કયા રાઉન્ડમાં કેટલી જગ્યાઓ ખાલી ?

- ધારેશ્વર રાઉન્ડ ફોરેસ્ટર,
- વિક્ટર રાઉન્ડ ફોરેસ્ટર,
- બાબરીયાધાર રાઉન્ડ ફોરેસ્ટર,
- રાજુલા રાઉન્ડ ફોરેસ્ટર,
- રેલ્વે ટ્રેક ફોરેસ્ટર,
- સૂચિત રેસ્કયૂ સેન્ટર રાઉન્ડ ફોરેસ્ટર,
- નાગેશ્રી રાઉન્ડ ફોરેસ્ટર,
- ટીંબી રાઉન્ડ ફોરેસ્ટર,
- બાબરકોટ એનિમલ કેર સેન્ટર (ફોરેસ્ટર અને બીટ ગાર્ડ)

## જૂનાગઢ જિલ્લાના માળિયાહાટીના તાલુકાનો બનાવ

# સૌરાષ્ટ્રમાં લઠ્ઠાકાંડ 15ને અસર 3નાં મોતથી હાહાકાર

## ઝેરી દારૂ પીવાથી મોત થયા ?

**સિટી ન્યૂઝ@જૂનાગઢ**

જૂનાગઢ જિલ્લાના માળીયાહાટીના તાલુકામાં કથિત લઠ્ઠાકાંડની ઘટનાએ સમગ્ર પંથકમાં ચકચાર મચાવી દીધી છે. મળતી માહિતી મુજબ ઝેરી દારૂ પીવાના કારણે ૧૦ થી ૧૫ જેટલા લોકો અસરગ્રસ્ત બન્યા હોવાનું સામે આવ્યું છે.જ્યારે ૩ વ્યક્તિઓના મોત થયા હોવાની માહિતી મળી રહી છે. જોકે, અધિકૃત તંત્ર દ્વારા આંકડાઓની સત્તાવાર પુષ્ટિ થવાની બાકી છે.

ઘટનાને લઈને સ્થાનિક લોકોમાં ભારે રોષ અને ચિંતા જોવા મળી રહી છે. અસરગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. સમગ્ર મામલે પોલીસ અને આરોગ્ય વિભાગ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.આ ઘટનાને લઈને આમ આદમી પાર્ટીના નેતા પિયુષ પરમારે રાજ્ય સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ ગેરકાયદે દારૂના વેપાર સામે સરકારની કામગીરી પર સવાલો ઉઠાવ્યા છે. સાથે જ ઘટનાની ઉચ્ચસ્તરીય તપાસ કરીને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.લઠ્ઠાકાંડના કારણે માળીયાહાટીના વિસ્તારમાં શોક અને ચિંતાનું વાતાવરણ સર્જાયું છે. લઠ્ઠાકાંડ પર તંત્રની સત્તાવાર જાહેરાતની રાહ જોવાઈ રહી છે.



### લોકવાયકા : જમીનથી ઉંચા સુરક્ષિત સ્થાને ચાર ઈંડા મૂક્યા

# ટીટોડીના ઈંડાથી ભારે વરસાદના સંકેત

ટીટોડી ઉંચા ભાગે ઈંડા મૂકે, તો તે ભારે વરસાદ અને પૂરના સંકેત આપે છે જેથી ઈંડા સુરક્ષિત રહે



## લોકમાન્યતા શું કહે છે?

ગામડાંઓમાં એક રસપ્રદ માન્યતા છે કે **ટીટોડી** (Lapwing) તેના ઈંડા કેવી રીતે મુકે છે તે પરથી વરસાદ વિશે અંદાજ લગાવવામાં આવે છે:

- ઈંડા **ઊંચી** જગ્યાએ હોય → વધુ વરસાદ પડશે
- ઈંડા **નીચી** કે **સમતળ** જગ્યાએ હોય → ઓછો વરસાદ
- ઈંડાનો મુકાવટ **દિશા બદલતો** હોય → પવન અને વરસાદની દિશા બદલાશે

## આ માન્યતા પાછળનું તર્ક

- ટીટોડી જમીન પર જ ગૂંથ બનાવે છે
- તે પરિસ્થિતિ પ્રમાણે ઈંડા સુરક્ષિત જગ્યાએ મૂકે છે
- વરસાદ, પાણી ભરાવા અને પવનથી બચવા માટે તે "સ્માર્ટ" સ્થાન પસંદ કરે છે
- એથી લોકો માને છે કે પક્ષી કુદરતી રીતે આગાહી કરે છે.

## વિજ્ઞાન શું કહે છે?

- આ ખાતરીપૂર્વકનું વૈજ્ઞાનિક પુરાવું નથી
- પણ પક્ષીઓનું વર્તન ઘણીવાર હવામાનથી પ્રભાવિત હોય છે
- એટલે આ માન્યતા અનુભવ આધારિત (folk observation) ગણાય




## ટૂંકમાં

👉 ટીટોડીના ઈંડા પરથી વરસાદનો અંદાજ લગાવવો રસપ્રદ છે, પણ તેને પૂર્ણ સચોટ આગાહી તરીકે માનવું યોગ્ય નથી.



**સિટી ન્યૂઝ@રાજકોટ**

લોકવાયકા મુજબ ટીટોડીના ઈંડા મૂકવાની જગ્યા અને દિશા પરથી આગામી ચોમાસાના વરતારા નક્કી થતા હોય છે. આ વર્ષે ટીટોડીએ ખોખરા વિસ્તારમાં જમીનથી ઊંચા સુરક્ષિત સ્થાને એટલે કે પથરાળ જમીન પર ચાર ઈંડા મૂક્યા છે. ગ્રામીણ વિજ્ઞાન અને જ્યોતિષીઓ માને છે કે જો ટીટોડી ઊંચા ભાગે ઈંડા મૂકે, તો તે ભારે વરસાદ અને પૂરના સંકેત આપે છે જેથી ઈંડા સુરક્ષિત રહે. હવે પ્રકૃતિના આ સંકેતો કેટલા સાચા ઠરે છે, તે આવનારો સમય જ બતાવશે. ગુજરાતમાં ચોમાસાની સત્તાવાર શરૂઆત થાય તે પહેલાં જ ગ્રામીણ વિસ્તારોમાં કુદરતી સંકેતોના આધારે વરસાદના વરતારા જોવાની પરંપરા શરૂ થઈ ગઈ છે. ચાલુ વર્ષે ખોખરા વિસ્તારમાં ટીટોડી પક્ષી દ્વારા ઈંડા મૂકવાની જે જગ્યા પસંદ કરવામાં આવી છે, તેને લઈને સ્થાનિકો અને કૃષિ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોમાં ભારે ચર્ચા જાગી છે. લોકવાયકા મુજબ, ટીટોડીના ઈંડાની સંખ્યા, તેની દિશા અને સ્થાન પરથી આવનારું ચોમાસું કેવું રહેશે તેનો સચોટ અંદાજ મેળવી શકાય છે. આ વર્ષે ખોખરાના પથરાળ વિસ્તારમાં, જમીનથી નોંધપાત્ર ઊંચાઈ પર આવેલા એક સુરક્ષિત સ્થાને ટીટોડીએ ૪ ઈંડા મૂક્યા છે. સામાન્ય રીતે આ પક્ષી ખુલ્લા ખેતરોમાં કે નીચાણવાળા ભાગોમાં ઈંડા મૂકતું હોય છે, પરંતુ આ વખતે ઊંચા પથરાળ ભાગ પર ઈંડા જોવા મળતા ચિંતાનો માહોલ સર્જાયો છે.



### રાજકોટમાં ત્રણ દિવસમાં ૬ ટીમોના ટોચના ખેલાડીઓએ જબરદસ્ત રમત દેખાડી

# ‘ઈન્ફિનિટી લીગ’ પિકલબોલ લીગ સુપરડૂપર હિટ




## આ લીગ પિકલબોલ રમતને ગુજરાતમાં વધુ લોકપ્રિય બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ





## યુવા ખેલાડીઓને તેમની પ્રતિભા દર્શાવવામાં ઉત્તમ પ્લેટફોર્મ પુરૂ પાડ્યું




**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં શહેરમાં પિકલબોલ રમતને પ્રોત્સાહન આપવા માટે *“ઈન્ફિનિટી પિકલબોલ લીગ”*નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ લીગનું આયોજન જાણીતા આયોજકો પૃથ્વીરાજ આહિર અને હેમ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. લીગ ૨૯, 30 અને ૩૧ મે દરમિયાન ઈન્ફિનિટી સ્પોર્ટ્સ ક્લબ ખાતે યોજાઈ હતી.

લીગને સફળ બનાવવા માટે વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓનો સહયોગ મળ્યો હતો. જેમાં ટાઇટલ સ્પોન્સર તરીકે શ્રીનાથજી સ્કોડા એસપી ગ્રાઉન્ડ, પાવર્ડ બાય ફિટ ફર્સ્ટ જિમ, કો-સ્પોન્સર તરીકે વાઇબ અપ B૧૨ વોટર, પ્રેઝેન્ટિંગ પાર્ટનર RJ આર્ટ એન્ડ જ્વેલર્સ, મીડિયા પાર્ટનર સિટી ન્યૂઝ અને ગિફ્ટ પાર્ટનર તરીકે લાઈવ એન્ડ લવ યોગા જોડાયા હતા.


લીગમાં કુલ ૬ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં Pacific Warriors (વિક્રમ પોપટ), DML Strikers (ચિરાગ લાખાણી અને દર્શન લાખાણી), C&C (કેયુર અને પાર્થ માણેક), Akatsuki (સ્વપ્નિલ સોની), P&P (આકાશ રાધનપુરા) અને TR (કિશન શાહ) સામેલ હતા.

ઓલ ઓફ ૭ કેટેગરી ઓવરમાં ૪ કેટેગરીમાં વિનર થયા હતા, વિનિંગ ટીમ Akatsuki (સ્વપ્નિલ સોની) જેના કેપ્ટન મારવીન હતા, અને રનર અપ ટીમ P&P (આકાશ રાધનપુરા) રહી હતી

આ લીગમાં ખેલાડીઓના પ્રદર્શન પર નજર કરીએ તો સ્વીના કટારિયા ૩૮ લાખ પોઈન્ટ્સ સાથે ટોચ પર હતા, જ્યારે ખુશી મહેતા ૩૪ લાખ પોઈન્ટ્સ સાથે બીજા ક્રમે હતા.

ટીમોની કમાન કેપ્ટન્સમાં જૈનમ શાહ, આકાશ દેવકા, માર્વિન હિરાણી, મીત બારમેડા, હિરેન ખટાણા અને હેમ ભટ્ટે સંભાળી હતી.

આ લીગ પિકલબોલ રમતને ગુજરાતમાં વધુ લોકપ્રિય બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ હતી. અને યુવા ખેલાડીઓને તેમની પ્રતિભા દર્શાવવાનો ઉત્તમ પ્લેટફોર્મ પૂરૂ પાડ્યુ હતું.





## અભિલાષ ઘોડાની પ્રસ્તુતિ 'સરગમ' : દિલને સ્પર્શતી સ્ટોરી હવે મોટા પડદે

# 'સરગમ' નો સૂર વાગશે 5 જૂને પ્રેમ, પીડા, હાસ્ય, લાગણીસભર ફિલ્મ...





- » ગુજરાતી સિનેમાને એક સુંદર, મનોરંજક અને સંવેદનશીલ ફિલ્મ મળવા જઈ રહી છે
- » ફિલ્મોના ગીતોમાં લોકપ્રિય ગાયકો સોનુ નિગમ, જાવેદ અલી, મયુર, હેમંત ચૌહાણના સ્વર મળ્યા છે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ હાલમાં તેના સુવર્ણ યુગમાંથી પસાર થઈ રહ્યો છે. નવી વિચારસરણી, મજબૂત વિષયવસ્તુ અને ગુણવત્તાસભર નિર્માણ સાથે ગુજરાતી ફિલ્મો દર્શકોના દિલમાં વિશેષ સ્થાન બનાવી રહી છે. આવા સમયમાં ગુજરાતી સિનેમાને વધુ એક સુંદર, મનોરંજક અને સંવેદનશીલ ફિલ્મ મળવા જઈ રહી છે. અભિલાષ ઘોડા પ્રસ્તુત 'સરગમ' આગામી ૫ જૂન ૨૦૨૬ ના રોજ સમગ્ર ગુજરાત અને મુંબઈના સિનેમાઘરોમાં ભવ્ય રીતે રિલીઝ થવા જઈ રહી છે.

ગુજરાતી ફિલ્મ જગતના અનુભવી અને પ્રતિષ્ઠિત ફિલ્મ નિર્માતા અભિલાષ ઘોડા છેલ્લા ૪૫ વર્ષથી ફિલ્મ ઉદ્યોગ સાથે સંકળાયેલા છે. તેમણે ફિલ્મનું નિરીક્ષણ કર્યા બાદ તેની મજબૂત વાર્તા, ભાવનાત્મક રજૂઆત અને સામાજિક થી પ્રભાવિત થઈ આ ફિલ્મ સાથે પોતાનું નામ જોડવાનો નિર્ણય લીધો છે. તેમના આ




જોડાણથી ફિલ્મ પ્રત્યેની વિશ્વસનીયતા અને અપેક્ષાઓમાં નોંધપાત્ર વધારો થયો છે.'સરગમ' માત્ર એક સામાન્ય પ્રેમકથા નથી, પરંતુ આજના સમાજના એક અત્યંત સંવેદનશીલ પ્રશ્નને ઉજાગર કરતી ફિલ્મ છે. સાચા સમયે ખોટા વ્યક્તિને અને ખોટા સમયે સાચા વ્યક્તિને પ્રેમ કરવાથી જીવન અને સંબંધોના તાર કેવી રીતે ખોરવાઈ જાય છે તે વિષયને ખૂબ જ સુંદર અને અસરકારક રીતે રજૂ કરવામાં આવ્યો છે. પ્રેમ, સંબંધો, લાગણીઓ, સંઘર્ષ અને જીવનની વાસ્તવિકતાઓને સ્પર્શતી આ ફિલ્મમાં અઢળક કોમેડી, લાગણીસભર દ્રશ્યો અને હૃદયને સ્પર્શી જાય એવી ક્ષણોનો અનોખો સંગમ જોવા મળશે.

ફિલ્મમાં હર્ષલ માંકડ (હેયાન), માંડવિયા, દર્શીના બારોટ અને હર્ષિત ઢેબર મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મના દિગ્દર્શક અને નિર્માતા નિલેશ ચોવટિયા (આર્ટ કોર્પોરેશન) છે. જ્યારે ધન્યતા એસોસિએટ્સના સ્વ. સિધ્ધરાજસિંહ જાડેજા, યોગીરાજસિંહ જાડેજા, અશોકસિંહ જાડેજા, રાજવિરસિંહ જાડેજા, દેવીરાજસિંહ જાડેજા અને રાજુ મોઢવાડીયા એસોસિયેટ નિર્માતા તરીકે ફિલ્મ સાથે જોડાયેલા છે. ફિલ્મની કથા, પટકથા અને સંવાદ હર્ષલ માંકડ (હેયાન) ના છે.

સંગીતપ્રેમીઓ માટે પણ આ ફિલ્મ વિશેષ આકર્ષણ ધરાવે છે. ફિલ્મના ગીતોને ભારતના લોકપ્રિય ગાયકો સોનુ નિગમ, જાવેદ અલી અને મયુર હેમંત ચૌહાણના સ્વર મળ્યા છે, જે ફિલ્મની લાગણીઓને વધુ ઊંડાણ આપે છે. ફિલ્મના શુભેચ્છક તથા સરગમ ટીમના ઇન્વેસ્ટમેન્ટ પાર્ટનર તરીકે અરિહંત ઇન્વેસ્ટમેન્ટના મેહુલ રવાણી પણ આ પ્રોજેક્ટ સાથે જોડાયેલા છે. ફિલ્મનું બુકિંગ બુક માય શો (BookMyShow) તેમજ નજીકના સિનેમાઘરોમાં શરૂ થશે. વધુ માહિતી માટે હેલ્પલાઇન નંબર 79848 21044 અથવા 87808 68782 પર સંપર્ક કરી શકાશે.

**સાયલેન્ટ એટેક** 60 ડેસિબલ અવાજ સુધી સુરક્ષિત 120 ડેસિબલ નૂકસાનકારક



**ઈયરફોન બની રહ્યો ખામોશ ખૂની**

# ઈયરફોનથી દર 100માંથી 30 લોકોને બહેરાશનો ખતરો

**ઈયરફોનમાં ફૂલ વોલ્યુમથી લાંબે ગાળે કાયમી બહેરાશ અથવા ઓછું સંભળાય છે**

## ઈયર ફોન ફુલ વોલ્યુમથી સાંભળતા 30% લોકોને અંશત કે કાયમી બહેરાશ, 20%ને તો કાનમાં ડેમેજની ખબર જ ન પડી

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

મોબાઈલ ઈયર ફોન રોજિંદા જીવનનો એક ભાગ બની ગયા છે. સતત ૭ દિવસ ૮ કલાકથી વધુ સમય ૬૦ ડેસિબલથી વધુ અવાજ કાનમાં ફેંકાય તો અંશત કે સંપૂર્ણ બહેરાશનું જોખમ છે. ઈયર ફોનમાંથી ૮૦થી ૧૨૦ ડેસિબલ અવાજ ફેંકાતો હોય છે.

સોલા સિવિલના ઈએનટી વિભાગના વડા ડો. નીના ભાલોડિયાનું કહેવું છે કે, ૬૦ ડેસિબલ સુધીનો અવાજ કમ્ફર્ટ લેવલ ગણાય છે. સોલા સિવિલમાં આવતાં કેસની વાત કરીએ તો દર ૧૦૦માંથી ૩૦ લોકોને એક કે બંને કાને વધતે ઓછે અંશે બહેરાશ આવી છે. નિદાનમાં ખબર પડી કે, આ ૩૦ ટકા લોકો કાનમાં ઈયર ફોન ભરવી ફુલ વોલ્યુમથી સાંભળતા હતા. ૨૦ ટકા લોકોને તો ખબર પણ નથી હોતી કે, તેમની સાંભળવાની શક્તિ પર અસર થઈ છે.

દરેક અવાજ ધ્વનિ તરંગો કે સ્પંદનો તરીકે શરૂ ! થાય છે, જે કાનની નહેરમાં પ્રવેશી આંતરિક કાનના નાજુક વાળના કોષને અસર કરે છે. ધ્વનિ તરંગોનું વિદ્યુત સંકેતમાં રૂપાંતર થાય છે અને માણસનું મગજ ચોક્કસ ફ્રિકવન્સીમાં અર્થઘટન કરે છે. જો અવાજ ૮૫ ડેસિબલથી વધુ હોય અને લાંબો સમય સુધી સાંભળવામાં આવે તો બહેરાશનું જોખમ રહે છે.

**60 ડેસિબલ સુધી અવાજ કાન માટે યોગ્ય, ઈયર ફોન 80થી 120 ડેસિબલ અવાજ ફેંકે છે**

**રોજનો 8 કલાક ઉપયોગ જોખમી**



### યુવકે શ્રવણશક્તિ 40% ગુમાવી, પડદાને નુકસાન

રમતી વખતે પણ ૧૫ વર્ષનો કિશોર ઈયર ફોન ભરવી ફુલ વોલ્યુમથી ગીતો સાંભળતો. શરૂઆતમાં માથામાં દુખાવાની સમસ્યા થયેલી એ પછી ઓછું સંભળાતા ઓડિયોલોજી તપાસમાં ખબર પડી કે કાનના પડદાને નુકસાન થયું છે. ૩૦ વર્ષનો યુવક રોજ ઈયર ફોન ભરવી ફિલ્મો જોતો હતો. સતત ઉપયોગને કારણે માથામાં દુઃખાવાની તકલીફ ચાલુ થઈ હતી. કોઈ સામાન્ય અવાજે બોલે તો પણ સંભળાતું ન હતું. અવાજ ક્યાંથી આવે છે તે ખબર પડતી ન હતી. કાન, નાક, ગળાના ડોક્ટરને બતાવ્યું તો ખબર પડી કે, સતત મોટા અવાજે સાંભળવાથી બંને કાનની સાંભળવાની શક્તિ ૪૦થી ૫૦ ટકા જતી રહી છે.

# માતૃત્વ હારી રહ્યું છે કે સમાજ નિષ્ફળ ?

## સુરતની ઘટના

## 43 વર્ષે સંતાનનો જન્મ થતાં શરમની બીકે મહિલાએ કચરામાં ફેંક્યું નવજાત શિશું




**સિટી ન્યૂઝ@સુરત**

સુરતના કતારગામ વિસ્તારનો આ કિસ્સો છે. જેના CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે. આ CCTVમાં તમે એક મહિલાને હાથમાં બે થેલી લઈને જતી જોઈ શકો છો. આ CCTVમાં જોવા મળે છે કે તારીખ ૨૪ મે ૨૦૨૬ના રોજ આ મહિલા રાત્રે ૮ વાગ્યાને ૮ મિનિટે આ મહિલા બે થેલી લઈને જઈ રહી હતી.આ જોઈને સ્વાભાવિક રીતે કોઈને શું લાગે? તમે વિચારો કે આ મહિલા કદાચ શાક લઈને કે પછી ઘરનો કોઈ બીજો સામાન લઈને જતી હશે. પરંતુ હકીકત સાંભળશો તો તમારા હોશ ઉડી જશે.આ મહિલા તેના હાથમાં રહેલી પ્લાસ્ટિકની થેલીમાં ૧ દિવસનું નવજાત બાળક લઈને કચરામાં ફેંકવા માટે જઈ રહી હતી.આ તે કેવી મા? કે જેણે બાળકને ગર્ભમાં સાચવ્યું.પણ અધૂરા મહિને જ બાળકને જન્મ આપી તેને ફેંકી દીધુ. કોઈ પારકું પણ આવા માસૂમ ફુલ જેવા શિશુને તરછોડવાનું ના વિચારે. પણ આ કળિયુગી માએ તો માનવતાની સાથે-સાથે માની મમતા પણ લજવી. તેણે આ માસૂમ નવજાત શિશુને કચરાના ઢગલામાં ફેંક્યું પછી જે થયું તે આનાથી પણ ડરામણું છે. બીજા એક CCTV ફૂટેજ પણ સામે આવ્યા. મહિલાએ શિશુને ત્યજા પછીને સાડા પાંચ કલાક પછી ૨૫ મે ૨૦૨૬ના રોજ રાત્રે ૧૨ વાગ્યાને ૪૭ મિનિટે પ્લાસ્ટિકની થેલીને એક શ્વાન લઈને દોડતું જોવા મળે છે. એને ક્યાં ખબર હતી કે આ પ્લાસ્ટિકની થેલીમાં તેનો ખોરાક નથી પણ એક નવજાત શિશુનો મૃતદેહ છે.

### હૃદય કંપાવી દેનારી બે ઘટના


## માતાએ પુત્રને એસિડ પીવડાવી પોતે પણ આપઘાત કર્યો

### પરિવારમાં કનડગન ન બને માનસિક ત્રાસ સામે મહિલાઓની સહનશક્તિ ખૂટી રહી છે

**સિટી ન્યૂઝ@સુરત**

સુરતના સરથાણા વિસ્તારમાંથી એક અત્યંત આઘાતજનક અને કાળજું કંપાવી દે તેવી ઘટના સામે આવી છે. સરથાણાના યોગીચોક પાસે આવેલી એવન હાઇટ્સમાં રહેતી એક ૨૯ વર્ષીય પરિણીતાએ પોતાના માત્ર ૪ મહિનાના માસૂમ દીકરાને એસિડ પીવડાવી પોતે પણ એસિડ ગટગટાવી લેતા બંનેના મોત નીપજ્યા છે. ડિલિવરી બાદ માનસિક તબિયત લથડવાના કારણે માતાએ આ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું પ્રાથમિક વિગતોમાં બહાર આવ્યું છે. આ કરુણ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે.પિયરમાં ડિલિવરી માટે આવી હતી, દોઢ વર્ષ પહેલાં જ લગ્ન થયા હતા

મળતી માહિતી મુજબ, મૂળ અમરેલી જિલ્લાના ધારીના વતની અને હાલ સરથાણા યોગીચોક સ્થિત એવન હાઇટ્સમાં પરિવાર સાથે રહેતી ૨૯ વર્ષીય ધારાના લગ્ન આશરે દોઢ વર્ષ પહેલાં જ થયા હતા. ધારા પોતાની ડિલિવરી માટે પિયરમાં આવી હતી અને ચાર મહિના પહેલાં જ તેણે એક સ્વસ્થ માસૂમ દીકરા રીશાનને જન્મ આપ્યો હતો. ઘરમાં દીકરાના જન્મથી ખુશીનો માહોલ હતો, પરંતુ આ ખુશી



લાંબો સમય ટકી શકી નહોતી. ડિલિવરી બાદ માનસિક તબિયત લથડી, બે-ત્રણ દિવસથી અન્નનો ત્યાગ કર્યો હતો. સ્થાનિક સૂત્રો અને કૌટુંબિક વિગતો અનુસાર, ધારા છેલ્લા કેટલાક સમયથી માનસિક બીમારીથી પીડાતી હતી અને તેની દવાઓ પણ ચાલી રહી હતી. બાળકના જન્મ એટલે કે ડિલિવરી બાદ તેની માનસિક સ્થિતિ વધુ બગડી ગઈ હતી. તેની તબિયત સતત લથડતી જતી હોવાથી પરિવાર પણ ચિંતામાં હતો. માનસિક તણાવ એટલો વધી ગયો હતો કે છેલ્લા બે-ત્રણ દિવસથી ધારાએ જમવાનું પણ છોડી દીધું હતું અને તે ભારે ડિપ્રેશનમાં હોવાનું દેખાઈ આવતું હતું. શૌચાલયમાં જઈ પહેલા દીકરાને એસિડ પીવડાવ્યું, પછી પોતે પીધું સોમવારે(૧ જૂન) સાંજના સમયે આ કરુણાંતિકા સર્જાઈ હતી.

### સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય

# મરજીથી દેહ વ્યાપાર ગૂનો નહીં વેશ્યાલય ચલાવવું ગેરકાયદેસર

## કોર્ટે સ્પષ્ટ કહ્યું કે જો તે રહેણાંક જગ્યા પર સેક્સ વર્કર કે કોઈ વચેટિયો સામેલ ન હોય તો પોલીસ તે જગ્યા પર કાર્યવાહી કરી શકે નહીં

## જો એકલી મહિલા આજીવિકા માટે દેહ વ્યાપાર કરે તો તે રહેણાંક 'કોઠો' ગણી શકાય નહીં



સિટી ન્યૂઝ@નવીદિલ્હી

સુપ્રિમ કોર્ટે દેશમાં દેહવ્યાપાર સાથે જોડાયેલા આશરે ૭૦ વર્ષ જૂના કાયદાની ખૂબ જ મહત્વપૂર્ણ અને ઐતિહાસિક વ્યાખ્યા કરી છે. સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, જો કોઈ મહિલા એકલી પોતાના ગુજરાન કે આજીવિકા માટે દેહવ્યાપાર કરે છે, તો તેના રહેઠાણને કાયદાકીય રીતે 'બ્રોથલ' એટલે કે 'કોઠો' ગણી શકાય નહીં. કોર્ટે સ્પષ્ટ કર્યું કે જો તે જગ્યા પર અન્ય કોઈ સેક્સ વર્કર કે કોઈ વચેટિયો સામેલ ન હોય, તો પોલીસ તે પરિસર પર આ આધાર પર કોઈ કાર્યવાહી કરી શકે નહીં.જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ આર. મહાદેવનની બેન્ચે 'ઇમ્મોરલ ટ્રાફિક પ્રિવેન્શન એક્ટ' (ITPA), ૧૯૫૬નું બારીકાઈથી વિશ્લેષણ કર્યા બાદ આ મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. આશરે ૨૯૮ પાનાના આ ઐતિહાસિક ચુકાદામાં સુપ્રિમ કોર્ટે કહ્યું કે, "આ કાયદાનો મુખ્ય ઉદ્દેશ્ય દેહવ્યાપારને સંપૂર્ણપણે નાબૂદ કરવાનો કે તેને સંપૂર્ણ રીતે ગુનો જાહેર કરવાનો નથી. પરંતુ તેનો અસલી હેતુ તેના વ્યાપારીકરણ અને સંગઠિત રીતે ચલાવવામાં આવતા ગેરકાયદેસર ધંધા પર રોક લગાવવાનો છે."સુપ્રીમ કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, સ્વેચ્છાએ દેહવ્યાપારમાં જોડાવું ગેરકાયદે નથી. જોકે, વેશ્યાલય ચલાવવું ગેરકાયદે છે. ITPA ૧૯૫૬માં અમલમાં આવ્યો હતો. તેમાં અનેક કલમો છે અને આ કાયદામાં વેશ્યાલય ચલાવવાને ગુનો તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે. આ કાયદાની કલમ ૩ જણાવે છે કે, જો કોઈ પણ વ્યક્તિ દેહવ્યાપાર ચલાવવા માટે પોતાની જગ્યા ભાડે આપે છે અથવા તેનો ઉપયોગ કરવાની મંજૂરી આપે છે તો તેને એકથી ત્રણ વર્ષની જેલ અને દંડ થઈ શકે છે.

### શું છે ITPAનો કાયદો?

આ કાયદાની કલમ ૪ જણાવે છે કે, કોઈપણ વ્યક્તિ માટે સેક્સ વર્કરની કમાણીનો ઉપયોગ કરવો એ ગુનો છે. આ કલમ સેક્સ વર્કરના પરિવારને પણ લાગુ પડે છે. જ્યારે કલમ ૫ જણાવે છે કે, બળજબરી, લલચાવી અથવા મજબુરથી કોઈને દેહવ્યાપારમાં ધકેલી દેવા એ પણ ગુનો છે. કલમ ૭ જણાવે છે કે, જાહેર સ્થળ અથવા ધાર્મિક સ્થળથી ૨૦૦ મીટરની અંદર સેક્સ વર્કમાં જોડાવું એ ગુનો છે. જો કે, આ કાયદામાં ક્યાંય સંમતિથી સેક્સનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. જસ્ટિસ એલ. નાગેશ્વર રાવ અને જસ્ટિસ બી.આર. ગવઈ અને જસ્ટિસ એ.એસ. બોપન્નાની બેન્ચે બુદ્ધદેવ કર્માકર વિરુદ્ધ બંગાળ રાજ્યના કેસમાં પણ એક સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો હતો. આ કેસ સેક્સ વર્કર્સના પુનર્વસન અને અધિકારોથી સંબંધિત હતો.

### સોખડા પાસે દિવાળી ટાણે બનેલો બનાવ : પાંચ બહેનના એકના એક ભાઈના મોતથી પરિવાર સ્તબ્ધ

# બાઈક દીવાલ સાથે અથડાતા ઘવાયેલા યુવાનનું નિપજયું મોત

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ નજીક કુવાડવા રોડ પર આવેલા સોખડા ગામે રહેતા અને IOC (આઈઓસી) ના લેબર વિભાગમાં નોકરી કરતા ૩૫ વર્ષીય યુવાન સોયેબભાઈ ગુલાબભાઈ મીરા સાથે ગત દિવાળીના તહેવારો દરમિયાન અકસ્માત સર્જાયો હતો. ગત તારીખ ૨૫/૧૦/૨૫ ના રોજ તેઓ પોતાની મોટરસાઇકલ લઈને પસાર થઈ રહ્યા હતા, ત્યારે સોખડા પાસે બાઈક કાબૂ બહાર જઈ દીવાલમાં ધડાકાભેર અથડાયું હતું. આ ગંભીર અકસ્માતમાં સોયેબભાઈને માથા તેમજ શરીરના અન્ય ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત બાદ છેલ્લા લગભગ સાડા સાતેક મહિનાથી તેઓ હોસ્પિટલના બિછાને જિંદગી અને મોત વચ્ચે ઝઝૂમી રહ્યા હતા. લાંબી સારવાર બાદ આખરે તેમણે દમ તોડી દીધો હતો. સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ અંગે કુવાડવા રોડ પોલીસને સત્તાવાર જાણ કરી છે. મૃતક સોયેબભાઈના લગ્નજીવનમાં અગાઉ છૂટાછેડા થઈ ચૂક્યા હતા અને તેઓ પાંચ બહેનો વચ્ચે એકના એક વચેટ ભાઈ તેમજ પરિવારના એકમાત્ર કમાતા આધારસ્તંભ હતા. તેમના અકાળ અવસાનથી પરિવારમાં ઘેરાશોકની લાગણી વ્યાપી ગઈ છે.

## સાધુ બનવાની ધૂન હદ પાર

# પુરૂષે પોતાનો જ પ્રાઈવેટ પાર્ટ કૂહાડીથી કાપી ફેંકી દીધો



**સિટી ન્યૂઝ@ભોપાલ**

મધ્ય પ્રદેશના છતરપુરમાં ૪૨ વર્ષના રામ નારાયણ યાદવ નામના એક ભાઈએ પોતાનું જ ગુપ્તાંગ કાપીને કૂવામાં ફેંકી દીધું હતું. એ કામ માટે તેણે કુહાડીનો ઉપયોગ કર્યો હતો. એકઝાટકે વાર કરીને પ્રાઈવેટ પાર્ટ કાપી નાખવાથી તેના શરીરમાંથી લોહીના ફુવારા નીકળવા લાગ્યા હતા. આ હાલત જોઈને પરિવારજનોએ તરત જ તેમને હૉસ્પિટલમાં ભરતી કર્યા હતા. ડૉક્ટરોને લાગ્યું કે કદાચ બીજા કોઈકે તેની સાથે આ કામ કર્યું હશે, પણ એવું જરાય નહોતું.

રામ નારાયણને પોતે ગુપ્તાંગ કાપી નાખ્યા પછી જે પીડા સહન કરવી પડી રહી હતી એ માટે પણ કોઈ દુખ નહોતું. આનું કારણ એ હતું કે ઘણા વખતથી તેના મનમાં સાધુ બનવાની ધૂન ચડી હતી. તે સંસારીમાંથી સાધુ બનવા માગતો હતો અને ફરીથી ક્યારેય જાતીય ઇચ્છાઓને કારણે સંસાર ભણી ફરવાનું પાપ ન કરી બેસાય એ માટે ફૂલપ્રૂફ પ્લાનિંગ કરેલું. રામ નારાયણનું કહેવું છે કે સંત બનીને તે સંન્યાસ લેવા માગે છે. તેની પત્ની લાંબા સમયથી લકવાગ્રસ્ત છે અને પરિવારમાં બે દીકરા અને દીકરીઓ છે. મોટી દીકરીનાં આ મહિને જ લગ્ન થવાનાં છે.







# દોઢ વર્ષના બાળકને લાઈટર-સિગારેટથી ડામ આપી મારી નાંખ્યો

## માતા અને લીવ-ઈન પાર્ટનરની ધરપકડ

**સિટી ન્યૂઝ@તિરુવનંતપુરમ**


કેરળના તિરુવનંતપુરમ જિલ્લાના નેડુમંગડમાં સતત શારીરિક ત્રાસ અને મારપીટથી દોઢ વર્ષના બાળકનું મોત થયું. પોલીસે બાળકની માતા અખિલા (૨૪) અને તેના લિવ-ઇન પાર્ટનર અશ્કર (૩૧) ને ૩૧ મેના રોજ ધરપકડ કરી છે. બાળકનું નામ અર્શિત હતું.

આરોપી અશ્કર ૨૯ મેની સાંજે બાળકને ગંભીર હાલતમાં તિરુવનંતપુરમની એક ખાનગી હોસ્પિટલમાં લઈ ગયો હતો. તેણે ડોકટરોને જણાવ્યું કે બાળકના ગળામાં ખોરાક ફસાઈ ગયો હતો, પરંતુ હોસ્પિટલમાં દાખલ થયાના થોડી જ મિનિટોમાં તેનું મોત થયું.

પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં સામે આવ્યું કે બાળકના શરીર પર કુલ ૫૧ ઈજાના નિશાન હતા. પગ પર સિગારેટ અને લાઈટરથી દાઝવાના નિશાન મળ્યા. પ્રાઈવેટ પાર્ટ પર પણ ઈજાઓ હતી. મોતનું કારણ ગંભીર આંતરિક રક્તસ્રાવ (ઈન્ટરનલ બ્લીડિંગ) જણાવાયું. તપાસમાં સામે આવ્યું કે બાળકના બાયોલોજિકલ પિતાનું ૨૦૨૪માં અવસાન થયું હતું. માતા બાળક સાથે લિવ-ઈન પાર્ટનર અશ્કર સાથે રહેતી હતી. આ દરમિયાન અશ્કર બાળકને ત્રાસ આપતો રહ્યો, માતાએ તેને રોકવાનો પ્રયાસ કર્યો ન હતો.

આરોપ છે કે અશ્કર બાળકનું માથું દીવાલ પર મારતો હતો. તેણે ઘણી વખત બાળકના પગ પર લાઈટર અને સિગારેટથી ડામ આપ્યા હતા. બે અઠવાડિયા પહેલાં, આરોપી માતા બાળકને ખોળામાં લઈને એક વ્લોગરના વીડિયોમાં રેકોર્ડ થઈ હતી. ત્યારે બાળકના બંને હાથ તૂટેલા હતા. હાથ પર પ્લાસ્ટર હતું.

વ્લોગરના પૂછવા પર માતાએ કહ્યું હતું કે



બાળક સાયકલ પરથી પડી ગયું હતું. પરંતુ પોલીસને શંકા છે કે તેની મારપીટ દરમિયાન બાળકના હાથ તૂટી ગયા હતા. બાળકના મૃત્યુ સમયે તેની માતા તમિલનાડુમાં એક ડાન્સ કાર્યક્રમમાં ગઈ હતી. પોલીસે તેને પૂછપરછ માટે બોલાવી અને બાદમાં તેની ધરપકડ કરી લીધી.

૩૧ મેના રોજ ધરપકડ બાદ બંને આરોપીઓને કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા. બાળકની નાની રીનાએ સ્થાનિક મીડિયાને જણાવ્યું કે તેમને અશ્કર પર પહેલેથી જ શંકા હતી. તેમણે ઘણી વાર પોતાની દીકરીને બાળકને તેમની પાસે છોડી દેવા વિનંતી કરી હતી, પરંતુ તેણે તેમ કર્યું નહીં. આરોપી અશ્કરની પહેલી પત્નીની માતાએ પણ તેના પર ઘરેલું હિંસાના આરોપો લગાવ્યા છે. તેમણે દાવો કર્યો કે લગ્ન દરમિયાન અશ્કર તેમની દીકરીને ખરાબ રીતે મારતો હતો અને તેનું માથું દીવાલ સાથે અથડાવતો હતો. પોલીસનું કહેવું છે કે અશ્કર વિરુદ્ધ અગાઉ કોઈ ગુનાહિત કેસ નોંધાયેલો નથી.

સિટી ન્યૂઝ
રાષ્ટ્રનો ધબકાર...
02 JUNE 2026, TUESDAY
20



# ક્રિતી સેનનો આ ડ્રેસ 68000 રૂપિયાનો...



ક્રિતી સૅનન હાલમાં તેની ફિલ્મ 'કૉક્ટેલ ૨'ના પ્રમોશન માટે એમરલ્ડ ગ્રીન રંગના આકર્ષક મિની ડ્રેસમાં જોવા મળી હતી. આ મિની ડ્રેસની કિંમત અંદાજે ૬૭,૦૦૦ રૂપિયા હોવાનું કહેવાય છે. સ્લીવલેસ ડિઝાઇન ધરાવતા આ ડ્રેસ પર વિવિધ જગ્યાએ મોટા ક્રિસ્ટલ જેવો લુક આપતી ઍક્રિલિકની પૅટર્ન લગાવવામાં આવી હતી જે તેને ખાસ લુક આપતી હતી. માધુરી દીક્ષિત અવારનવાર પોતાના અલગ-અલગ લુક અને સ્ટાઇલની તસવીરો ફૅન્સ સાથે શૅર કરતી રહે છે.

## આજે પણ મારી સારી મિત્ર છે

# સુષ્મિતા સેન મારા જીવનનો ખાસ હિસ્સો : લલિત મોદી




બિઝનેસમેન અને પૂર્વ IPL ચેરમેન લલિત મોદીએ તાજેતરમાં તેની એક્સ ગર્લફ્રેન્ડ સુષ્મિતા સેનને ખાસ ગણાવી હતી. સાથે જ તેણે એક્ટ્રેસ પર લાગેલા 'ગોલ્ડ ડિગર'ના આરોપોને નકારી કાઢતા કહ્યું કે- તે મારી દરેક વસ્તુનું પેમેન્ટ કરતી હતી. લલિત મોદીએ કહ્યું કે- સુષ્મિતા તેના જીવનનો ખૂબ જ ખાસ હિસ્સો રહી છે. તેણે કહ્યું, 'સુષ્મિતાએ મને ઘણું શીખવ્યું અને મારા વ્યક્તિત્વને નિખારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. અમારા વચ્ચે ખૂબ જ સુંદર સંબંધ હતો, પરંતુ અંતર અને કારકિર્દીના કારણે અમે સાથે રહી શક્યા નહીં. તેણે સુષ્મિતાના ખૂબ વખાણ કરતા કહ્યું કે તે આજે પણ તેની ખૂબ સારી મિત્ર છે. લલિતે કહ્યું, 'તે એક શાનદાર મહિલા છે. સિંગલ મધર તરીકે તેની બંને દીકરીઓ રેની અને અલીશાનો સારી રીતે ઉછેર કર્યો છે. હું હંમેશા તેની સિદ્ધિઓ જોઈને આશ્ચર્યચકિત થઈ જાઉં છું. સુષ્મિતાને 'સેલ્ફ-મેડ વુમન' ગણાવતા લલિત મોદીએ કહ્યું, 'તે એક ખૂબ જ ધનિક મહિલા છે. તેણે આ બધું પોતાના દમ પર હાંસલ કર્યું છે. એવું ક્યારેય બન્યું નથી કે હું સુષ્મિતા સાથે ક્યાંક બહાર ગયો હોઉં અને મારે કોઈ વસ્તુની ચુકવણી કરવી પડી હોય. તે દરેક વસ્તુનું પેમેન્ટ કરતી હતી. હું તો જાણે એક કેપ્ટ બોયફ્રેન્ડ હતો.'

## વાયરલ ગર્લે કહ્યુ સનોજ મિશ્રાએ મારૂ શોષણ કર્યુ

# મોનાલિસા પ્રેગનેન્ટ



વાયરલ ગર્લ મોનાલિસાએ ડિરેક્ટર સનોજ મિશ્રા અને અન્ય ત્રણ વિરુદ્ધ પોક્સો એક્ટ (જાતીય ગુનાઓથી બાળકોનું સંરક્ષણ) હેઠળ FIR નોંધાવી છે. કેરળની એર્નાકુલમ સેન્ટ્રલ પોલીસે કેસ નોંધી તપાસ શરૂ કરી છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, ૨૯ એપ્રિલે ચાર લોકો વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. પીડિતાએ આરોપ લગાવ્યો છે કે જ્યારે તે સગીર હતી, ત્યારે ડિરેક્ટર સનોજ મિશ્રાએ 'ધ ડાયરી ઓફ મણિપુર' ફિલ્મના શૂટિંગ દરમિયાન તેની સાથે દુર્વ્યવહાર કર્યો હતો. મિશ્રાએ તેને એક્ટિંગની તકો આપવાનું વચન આપીને તેનું શોષણ કર્યું. વાયરલ ગર્લ હાલમાં પ્રેગ્નેન્ટ છે અને પતિ સાથે રહે છે. અધિકારીએ જણાવ્યું કે કથિત ઘટના કેરળની બહાર મધ્ય પ્રદેશમાં બની હતી. આ મામલો સંબંધિત પોલીસ સ્ટેશનને સોંપી દેવામાં આવશે. માહિતી અનુસાર, પીડિતાએ મેજિસ્ટ્રેટ સમક્ષ નિવેદન પણ નોંધાવ્યું છે.



આરોપીઓમાં કેરળના VHP નેતા અને વકીલ અનિલ વિલાયલ પણ સામેલ છે. પીડિતાએ તેમના પર સોશિયલ મીડિયા પર બદનામી કરવાનો આરોપ લગાવ્યો છે. અન્ય બે આરોપીઓના નામનો હાલ ખુલાસો થઈ શક્યો નથી.

બીજી તરફ, ફિલ્મ નિર્દેશક સનોજ મિશ્રાએ આ આરોપોને વિચારપૂર્વકનું કાવતરું ગણાવ્યું છે. તેમણે દાવો કર્યો કે તેમને 'લવ જેહાદ' જેવા મુદ્દાઓ પર અવાજ ઉઠાવવાને કારણે નિશાન બનાવવામાં આવી રહ્યા છે. ડિરેક્ટર સનોજ મિશ્રાએ વીડિયો જાહેર કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પાસે ન્યાયની આજીજી કરી છે.

3 જૂન

# વિશ્વ સાયકલ દિવસ

## બે પૈડાં પર સવાર થઈને દુનિયા બદલનારી સવારી


## સાયકલનો અનોખો ઈતિહાસ, વર્તમાન અને સ્વાસ્થ્યપ્રદ ભવિષ્ય



ભારતની પરંપરાગત જૂની વિન્ટેજ સાયકલ (એટલાસ/હીરો મોડેલ)



દુનિયાની સૌપ્રથમ સાયકલ (1817) કાર્લ વોન ડ્રાઈસ – 'લોફમશીન'



લિ. અરૂણ નિર્મળ
મીડિયા અગ્રણી રાજકોટ જિલ્લા ભાજપ
9824416639
Email: aanirmal28@gmail.com

માનવ સંસ્કૃતિના વિકાસમાં પરિવહનના સાધનોએ મહત્વની ભૂમિકા ભજવી છે. બળદગાડાથી લઈને આધુનિક વિમાન સુધીની સફરમાં એક એવું વાહન છે, જે આજે પણ પોતાની સરળતા, ઉપયોગિતા અને પર્યાવરણમૈત્રી ગુણધર્મોને કારણે વિશ્વભરમાં લોકપ્રિય છે. સાયકલ બે પૈડાં પર ચાલતું આ સાદું વાહન માત્ર એક પરિવહનનું સાધન જ નથી, પરંતુ સ્વાસ્થ્ય, પર્યાવરણ અને આર્થિક બચતનું પ્રતિક પણ છે. દર વર્ષે 3 જૂનના રોજ સમગ્ર વિશ્વમાં "વિશ્વ સાયકલ દિવસ" ઉજવવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ (UN) દ્વારા આ દિવસની ઉજવણીનો હેતુ સાયકલના મહત્વ વિશે લોકોમાં જાગૃતિ લાવવાનો અને ટકાઉ વિકાસ માટે તેના યોગદાનને પ્રોત્સાહન આપવાનો છે.

**સાયકલની શોધ : એક અનોખી શરૂઆત**

સાયકલનો ઈતિહાસ લગભગ બે સદી જૂનો છે. વર્ષ ૧૮૧૭માં જર્મનીના શોધક બેરોન કાર્લ વોન ડ્રાઈસે સૌપ્રથમ બે પૈડાંવાળું વાહન બનાવ્યું હતું. આ વાહનને "લોફમાશીન" અથવા "ડેન્ડી હોર્સ" તરીકે ઓળખવામાં આવતું હતું. રસપ્રદ વાત એ છે કે તેમાં પેડલ, ચેઈન કે બ્રેક જેવી કોઈ સુવિધા નહોતી. વાહન ચલાવનાર વ્યક્તિએ પોતાના પગ વડે જમીન પર ધક્કો મારીને તેને આગળ ધપાવવું પડતું હતું. ૧૨ જૂન, ૧૮૧૭ના રોજ કાર્લ વોન ડ્રાઈસે જર્મનીના મેનહાઈમ શહેરમાં આશરે ૭.૫ કિલોમીટરનું અંતર કાપીને આ વાહનનું સફળ પ્રદર્શન કર્યું હતું.

**સમય સાથે બદલાવ:**

વર્ષ ૧૮૬૦ની આસપાસ ફ્રાન્સના પિયર મિચોક્સ અને તેમના પુત્રએ સાયકલના આગળના વ્હીલમાં પેડલ ઉમેર્યા. લોખંડ અને લાકડાની બનેલી આ સાયકલ રસ્તા પર બહુ ધ્રુજારી આપતી હોવાથી લોકો તેને 'બોનશેકર' (હાડકાં હલાવી નાખનાર) કહેતા હતા. આખરે, વર્ષ ૧૮૮૫માં જોન કેમ્પ સ્ટારલીએ આજના જેવી સરખી સાઈઝના બે વ્હીલ અને ચેઈન વાળી 'સેફ્ટી બાયસિકલ' બનાવી, જે સાયકલના ઈતિહાસમાં ક્રાંતિ સમાન સાબિત થઈ.

**સાયકલનો સુવર્ણ યુગ**

એક સમય એવો હતો જ્યારે સાયકલ માત્ર વાહન નહોતી, પરંતુ પ્રતિષ્ઠાનું પ્રતીક હતી. ખાસ કરીને ૧૯૫૦થી ૧૯૯૦ના દાયકામાં ભારતમાં સાયકલ દરેક મધ્યમવર્ગીય પરિવારની ઓળખ હતી. ઘરમાં સાયકલ હોવી એ ગૌરવની વાત ગણાતી. અનેક સ્થળોએ લગ્ન પ્રસંગે ભેટ તરીકે સાયકલ આપવામાં આવતી હતી. જૂના સમયમાં કેટલીક નગરપાલિકાઓ દ્વારા સાયકલ માટે લાયસન્સ આપવામાં આવતું અને તેની પાછળ નંબર પ્લેટ લગાવવી ફરજિયાત હતી. પોસ્ટમેન, દૂધવાળા, શાકભાજી વેચનાર, કામદારો અને વિદ્યાર્થીઓ માટે સાયકલ જીવનનો અભિન્ન ભાગ હતી. ગામડાંથી શહેર સુધી સાયકલ જ લોકોની રોજિંદી મુસાફરીનું મુખ્ય સાધન હતી.

**આધુનિક યુગમાં સાયકલનો વધતો ક્રેઝ**

મોટરસાયકલ અને કારના વધતા ઉપયોગને કારણે સાયકલનો દૈનિક ઉપયોગ થોડો ઘટ્યો છે, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં ફરી એકવાર લોકો સાયકલ તરફ આકર્ષાઈ રહ્યા છે. ફિટનેસ, સ્વાસ્થ્ય અને પર્યાવરણ પ્રત્યે વધતી જાગૃતિને કારણે યુવાનો અને વરિષ્ઠ નાગરિકો બંનેમાં સાયકલિંગનો શોખ વધી રહ્યો છે.નેધરલેન્ડ અને ડેનમાર્ક જેવા દેશોમાં આજે પણ લાખો લોકો ઓફિસ, શાળા અને બજારમાં જવા માટે સાયકલનો ઉપયોગ કરે છે. નેધરલેન્ડની રાજધાની એમ્સ્ટરડેમમાં તો લોકો કરતાં સાયકલોની સંખ્યા વધુ હોવાનું કહેવાય છે. ભારતમાં પણ અનેક શહેરોમાં સાયકલિંગ ક્લબ્સ, મેરેથોન અને ફિટનેસ રાઈડ્સનું આયોજન થવા લાગ્યું છે.

**પર્યાવરણ બચાવવાનો સરળ ઉપાય**

આજના સમયમાં પ્રદૂષણ અને ગ્લોબલ વોર્મિંગ સમગ્ર વિશ્વ માટે પડકારરૂપ બન્યા છે. આવા સમયે સાયકલ પર્યાવરણ માટે આશીર્વાદ સમાન છે. સાયકલ કોઈપણ પ્રકારનું ઈંધણ વાપરતી નથી અને કાર્બન ઉત્સર્જન કરતી નથી. પરિણામે હવા શુદ્ધ રહે છે અને પ્રકૃતિનું સંતુલન જળવાઈ રહે છે. જો લોકો ટૂંકા અંતરની મુસાફરી માટે સાયકલનો ઉપયોગ વધારશે તો ટ્રાફિકની સમસ્યા, ઈંધણનો ખર્ચ અને પ્રદૂષણ ત્રણેયમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે.

**આર્થિક રીતે પણ ફાયદાકારક**

પેટ્રોલ અને ડીઝલના સતત વધી રહેલા ભાવોની વચ્ચે સાયકલ સૌથી સસ્તું અને સરળ વાહન છે. તેમાં ઈંધણ ખર્ચ નથી, જાળવણી ખર્ચ પણ ખૂબ ઓછો છે અને લાંબા સમય સુધી ઉપયોગી રહે છે. તેથી સામાન્ય માણસ માટે સાયકલ આજે પણ એક શ્રેષ્ઠ વિકલ્પ છે.

**વિશ્વ સાયકલ દિવસનો સંદેશ**

વિશ્વ સાયકલ દિવસ માત્ર ઉજવણીનો દિવસ નથી, પરંતુ સ્વસ્થ જીવનશૈલી અને સ્વચ્છ પર્યાવરણ તરફ એક પગલું ભરવાનો અવસર છે. આપણે સૌએ નજીકના અંતરના કામો માટે સાયકલનો ઉપયોગ કરવાની ટેવ વિકસાવવી જોઈએ. સાયકલનો દરેક ફેરવાયેલો પેડલ આપણને સ્વાસ્થ્ય, બચત અને પર્યાવરણ સંરક્ષણ તરફ આગળ ધપાવે છે.

ચાલો, આ વિશ્વ સાયકલ દિવસ નિમિત્તે સંકલ્પ કરીએ કે આપણે આપણા જીવનમાં સાયકલને ફરીથી સ્થાન આપીશું અને સ્વસ્થ ભારત તથા હરિયાળું વિશ્વ નિર્માણમાં પોતાનું યોગદાન આપીશું.

"સાયકલ ચલાવો, સ્વાસ્થ્ય વધારો અને પૃથ્વીને પ્રદૂષણમુક્ત બનાવો."



સ્વસ્થ શરીર • સ્વચ્છ પર્યાવરણ • સમૃદ્ધ ભારત

**હેપી વર્લ્ડ બાયસિકલ ડે !**





# ‘વિરૂષ્કા’ પ્રેમાનંદ મહારાજના દરબારમાં

## બેંગલોરની મેચ જીત્યા બાદ આશીર્વાદ લેવા પહોંચ્યું કપલ

**સિટી ન્યૂઝ@વૃંદાવન**

IPL ૨૦૨૬ના રોમાંચક ફાઈનલ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ ભવ્ય વિજય મેળવીને ટ્રોફી પર કબજો જમાવ્યો છે. આ જીતના માત્ર ૪૮ કલાકની અંદર જ ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી અને તેમની પત્ની અનુષ્કા શર્મા વૃંદાવનની આધ્યાત્મિક ભૂમિ પર જોવા મળ્યા હતા. ખેલાડીઓ માટે મેદાનમાં રમાતી મેચ અને વ્યક્તિગત જીવનની શાંતિ વચ્ચેનું આ અનોખું સંતુલન ચાહકો માટે હંમેશા આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે.

વિરાટ કોહલી લાંબા સમયથી પ્રેમાનંદ જી મહારાજ ને અનુસરે છે. આ વખતે પણ આઈપીએલ ટાઈટલ જીત્યા બાદ, વિરાટ અને અનુષ્કા વહેલી સવારે ૪ વાગ્યે યમુના કિનારે આવેલી પ્રેમાનંદ મહારાજની કુટિયાએ પહોંચ્યા હતા. સાદગીના પ્રતિક સમાન આ દંપતી નગ્ન પગે, ગળામાં તુલસીની માળા અને કપાળ પર તિલક સાથે જોવા મળ્યું હતું. તેમણે પ્રેમાનંદ મહારાજ સાથે લગભગ ૪૫ મિનિટ સુધી ગહન આધ્યાત્મિક ચર્ચા કરી હતી. ત્યારબાદ, તેમણે તેમના ગુરુદેવ હિત ગૌરાંગી શરણ મહારાજના આશ્રમમાં જઈને તેમના આશીર્વાદ પણ મેળવ્યા હતા. ૩૭ વર્ષની વયે પણ વિરાટ કોહલીએ સાબિત કર્યું છે કે ઉંમર માત્ર એક આંકડો છે. IPL ૨૦૨૬માં તેમણે ૧૬ મેચોમાં ૬૭૫ રન બનાવ્યા હતા. ૫૬ની સરેરાશ અને ૧૬૬ના આક્રમક સ્ટ્રાઈક રેટ સાથે રમેલા વિરાટનું આ પ્રદર્શન આઈપીએલ ઈતિહાસમાં તેમનું સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. તેમણે આ સીઝનમાં ૧ સદી અને ૫ અડધી સદી ફટકારીને વિરોધી ટીમો માટે મુસીબત ઉભી કરી હતી. સૌથી વધુ રન બનાવનાર ટોચના પાંચ ખેલાડીઓની યાદીમાં તેમનું ચોથું સ્થાન તેમના સતત ફોર્મને દર્શાવે છે. મેદાનની બહાર વિરાટ કોહલી એક અત્યંત આધ્યાત્મિક અને સંસ્કારી વ્યક્તિ છે.



## ICCના નવા નિયમો જાહેર

# ટેસ્ટ મેચમાં ગુલાબી બોલ, ‘ડ્રિંક્સ બ્રેક’માં કોચ મેદાનમાં જઈ શકશે

### »ખરાબ પ્રકાશમાં પણ ટેસ્ટ મેચ અટકશે નહીં

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ટેસ્ટ ક્રિકેટમાં ખરાબ લાઈટિંગ કંડિશનને કારણે રમત અટકવાની સમસ્યા જલ્દી જ સમાપ્ત થઈ શકે છે. દિવસ દરમિયાન રમાતી ટેસ્ટ મેચમાં લાલ બોલથી રમત રમાય છે. જો ખરાબ રોશનીને કારણે રમત અટકે છે, તો બંને કેપ્ટનોની સહમતિથી ગુલાબી બોલનો ઉપયોગ થઈ શકશે. ગુલાબી બોલ ફ્લડ લાઈટ્સમાં જોઈ શકાય છે. લાલ બોલથી ફ્લડ લાઈટ્સમાં રમત રમી શકાતી નથી.

અમદાવાદમાં સોમવારે યોજાયેલી ICCની વાર્ષિક બેઠકમાં તેના ટ્રાયલને મંજૂરી આપવામાં આવી છે. શરૂઆતમાં આ ટ્રાયલ અમુક જ મેચો સુધી મર્યાદિત રહેશે. સારા પરિણામો મળ્યા પછી તેને તમામ ટેસ્ટ મેચો પર લાગુ કરવામાં આવશે.

ICCએ ઈન્ટરનેશનલ ક્રિકેટ સાથે સંબંધિત કેટલીક અન્ય પ્લેઈંગ કન્ડિશન્સમાં ફેરફારોને મંજૂરી આપી દીધી છે. તમામ ફેરફારો ૧ ઓક્ટોબરથી લાગુ પડશે. ખરાબ રોશનીને કારણે રમત અટકવાની સમસ્યા ઘટાડવા માટે નવી લાઈટિંગ ટેકનોલોજી પર સંશોધન કરવાની મંજૂરી પણ બેઠકમાં આપવામાં આવી હતી. ICC અને મેરિલબોર્ન ક્રિકેટ ક્લબ સાથે મળીને આ પ્રોજેક્ટ્સને ફંડ આપશે.



હવે વનડે મેચોમાં કોઈપણ ટીમનો હેડ કોચ ડ્રિંક્સ બ્રેક દરમિયાન મેદાન પર જઈને ખેલાડીઓ સાથે વાતચીત કરી શકશે. પહેલાં આ પરવાનગી ફક્ત ટી-૨૦ મેચોમાં જ હતી.

ICCએ અમ્પાયરને ગેરકાયદેસર બોલિંગ એક્શનના રિપોર્ટ પર વિચાર કરતી વખતે હૉક-આઈ ડેટા જોવાની પરવાનગી પણ આપી છે. હૉક-આઈ કેમેરા-આધારિત ટ્રેકિંગ ટેકનિક છે, જે ઘણા હાઈ-સ્પીડ કેમેરાની મદદથી બોલની ગતિ અને તેના માર્ગનો 3D મોડેલ તૈયાર કરે છે. ક્રિકેટમાં તેનો સૌથી વધુ ઉપયોગ DRS હેઠળ LBWના નિર્ણયોમાં થાય છે, જ્યાં એ અનુમાન લગાવવામાં આવે છે કે બેટર્સના પેડ સાથે અથડાયા પછી બોલ સ્ટમ્પને લાગશે કે નહીં. આનાથી અમ્પાયરોને વધુ સચોટ નિર્ણયો લેવામાં મદદ મળે છે.

## 15 વર્ષમાં કેવી રીતે બન્યા સિક્સર કિંગ : જે જાણશે

# વૈભવ સુર્યવંશી પર IIM ઈન્દૌર સ્ટડી કરશે

**સિટી ન્યૂઝ@જયપુર**

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ ઈન્દોર ક્રિકેટર વૈભવ સૂર્યવંશી (૧૫) ને કેસ સ્ટડીમાં સામેલ કરવા જઈ રહ્યું છે. વૈભવ મૉડેલ પર દેશની પ્રથમ મલ્ટી-ડિસિપ્લિનરી સ્ટડી થશે. જેમાં રમત-મનોવિજ્ઞાન-વ્યવસ્થાપનના નિષ્ણાતો મળીને નાની ઉંમરમાં મોટી સફળતાનું ફોર્મ્યુલા શોધશે.

રાજસ્થાન રોયલ્સના ઓપનર વૈભવ એક સિઝનમાં સૌથી વધુ (૭૨) છગ્ગા ફટકારીને ક્રિસ ગેલ (૫૯) નો ૧૪ વર્ષ જૂનો રેકોર્ડ તોડી ચૂક્યા છે. તેમની અદભૂત બેટિંગના દુનિયા દિવાના છે. આવી સ્થિતિમાં IIM ઈન્દોર હવે તેમના સક્સેસ ફોર્મ્યુલા ને ડીકોડ કરવા પર કામ શરૂ કરી રહ્યું છે.

IIM ડિરેક્ટર હિમાંશુ રોયે કહ્યું- આ સ્ટડી વૈભવની સિદ્ધિઓનું વિશ્લેષણ કરવાની સાથે તે સામાજિક, મનોવૈજ્ઞાનિક, પારિવારિક અને સંસ્થાકીય પરિબળોને પણ ઊંડાણપૂર્વક સમજશે જે નાની ઉંમરમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારી પ્રતિભાઓને આકાર આપે છે.

પ્રો. રાયે કહ્યું કે IIM માને છે કે વૈભવની ક્રિકેટ જર્ની અદ્ભુત છે. તેની પાછળ વ્યક્તિગત ક્ષમતા ઉપરાંત સખત મહેનત, પરિવારનો ત્યાગ, સમર્પણ, મેન્ટરનું યોગદાન પણ મહત્વનું છે. તેમણે કહ્યું કે પ્રતિભા ભેટ



હોઈ શકે છે, પરંતુ તેને કાયમી શ્રેષ્ઠતામાં બદલવા માટે સાચા મૂલ્યો, સંતુલિત વિચારસરણી, મજબૂત સમર્થન પ્રણાલી અને દૂરંદેશી નેતૃત્વ જરૂરી છે.

મેનેજમેન્ટ ફેકલ્ટી ડો. આરતી ચોપરા કહે છે કે વૈભવ પરનો અભ્યાસ ભવિષ્યના મેનેજરો અને નીતિ-નિર્માતાઓ માટે અત્યંત મૂલ્યવાન છે. ૫૭ ઊંચાઈ અને ૫૫ કિલો વજનના વૈભવ પોતાની જબરદસ્ત બેટ સ્પીડ અને ટાઈમિંગના દમ પર બોલને બાઉન્ડ્રી પાર મોકલે છે.

# ચૂકાદો કે સંદેશ ? કોર્ટે આપ્યો ઐતિહાસિક સંદેશ

## ભાવનગર કોર્ટનો હુકમ

# NDPS કેસમાં ચાર આરોપીને 20 વર્ષની સજા

### ડ્રગ્સ માફિયામાં ફફડાટ



સિટી ન્યૂઝ@ભાવનગર

ભાવનગરના વેળાવદર ભાલ વિસ્તારમાં વર્ષ ૨૦૨૪માં ડ્રગ્સની હેરાફેરીના એક મોટા કેસમાં આજે કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. ભાવનગરની અદાલતે NDPS એક્ટ હેઠળના આ ગંભીર કેસમાં ચાર આરોપીઓને દોષિત ઠેરવીને ૨૦ વર્ષની આકરી કેદની સજા અને એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. ડ્રગ્સ માફિયાઓ સામેના આ કડક વલણને કારણે સમગ્ર પંથકમાં ચર્ચા જાગી છે.વર્ષ૨૦૨૪માં ભાવનગર પોલીસે બાતમીના આધારે સનેશ ગામ પાસે ખાસ વોચ ગોઠવી હતી. આ દરમિયાન મુંબઈથી આવી રહેલી એક બલેનો કારને અટકાવી તલાશી લેતા તેમાંથી MD ડ્રગ્સનો મોટો જથ્થો મળી આવ્યો હતો. આ કેસમાં કુલ સાત શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી, જે મામલો વેળાવદર ભાલ પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો. કેસની ટ્રાયલ દરમિયાન સરકારી વકીલ જે.એ. પંડ્યા દ્વારા રજૂ કરવામાં આવેલી મજબૂત દલીલો અને પુરાવાઓને માન્ય રાખીને કોર્ટે ચાર આરોપીઓને દોષિત જાહેર કર્યા હતા.જે આરોપીઓને સજા ફટકારવામાં આવી છે તેમાં તોફિક અહેમદ મનસુરી, એજાજ ઉર્ફે બાદશાહ મનસુરી, અલ્ફાઝ સાદીક ગોરી અને હુસેન ઉર્ફે ટાઈગર અખ્તરભાઈ કલીવાલાનો સમાવેશ થાય છે. કોર્ટે સ્પષ્ટતા કરી છે કે જો આરોપીઓ દંડની રકમ ભરવામાં નિષ્ફળ જશે, તો તેમણે વધુ બે વર્ષની કેદ ભોગવવી પડશે. બીજી તરફ, મુંબઈના ત્રણ આરોપીઓ મેફૂઝ અયુબભાઈ મિયાનુર, તોહરાબખાન અબ્દુલ રહેમાનખાન અને મોહમ્મદ રિઝવાનને પુરાવાના અભાવે કોર્ટે નિર્દોષ જાહેર કરી છોડી મૂક્યા છે. ચુકાદા બાદ ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ તમામ દોષિતોને જિલ્લા જેલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.



## કર્ણાટક હાઈકોર્ટની કડક ટિપ્પણી


# દૂષ્કર્મ કેસમાં ગુનેગારના હાથ-પગ કાપી નાખવાની સજા લાગુ કરાશે તો કાયદાનું પાલન કરશે

સિટી ન્યૂઝ@કર્ણાટક

કર્ણાટક હાઈકોર્ટએ એક દુષ્કર્મ કેસમાં આરોપી ગોપી રેડ્ડી કાર્તિક રેડ્ડીની જામીન અરજી ફગાવી દઈને આકરી ટિપ્પણી કરી હતી. ન્યાયાધીશ આર. નટરાજએ સુનાવણી દરમિયાન વર્તમાન કાયદાકીય પ્રણાલી અને ગુનેગારોની માનસિકતા પર ગંભીર સવાલ ઉઠાવ્યા હતા.નોંધનીય છે કે ન્યાયાધીશે અવલોકન કર્યું કે, આજે ગુનાઓ સામાન્ય બની ગયા છે કારણ કે ગુનેગારોને કાયદાનો કોઈ ડર રહ્યો નથી. કોર્ટે મધ્ય પૂર્વીય દેશો ની ન્યાય પ્રણાલીનો ઉલ્લેખ કરતા કહ્યું કે, લોકશાહીમાં મળેલી સ્વતંત્રતાનો દુરુપયોગ થઈ રહ્યો છે. કોર્ટે તીખી ટિપ્પણી કરતા કહ્યું, “કાયદાએ પોતાના દાંત ગુમાવી દીધા છે. કદાચ જો ગુનેગારના હાથ કે પગ કાપી નાખવામાં આવે, તો જ લોકો કાયદાનું પાલન કરવાનું મહત્વ સમજશે.” મણિપાલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીમાં અભ્યાસ કરતા આરોપી અને ફરિયાદી વિદ્યાર્થીઓ હતા. આરોપ મુજબ, આરોપીએ પ્રેમ વ્યક્ત કર્યા બાદ ફરિયાદી યુવતીએ તેને નકારી કાઢતા આરોપી તેના પાત્ર પર શંકા કરવા લાગ્યો હતો. ગત વર્ષે સપ્ટેમ્બર મહિનામાં આરોપીએ યુવતીને એપાર્ટમેન્ટ પર બોલાવી તેની ઈચ્છા વિરુદ્ધ જાતીય હુમલો કર્યો હોવાની ફરિયાદ નોંધાઈ હતી. આરોપીના વકીલે દલીલ કરી હતી કે આ ઘટના ત્રણ વર્ષ જૂની છે અને તેનાથી વિદ્યાર્થીના કરિયર પર અસર પડશે. જો કે, કોર્ટે આ દલીલો નકારી કાઢતા કહ્યું, “જો તમે મીઠું ખાઓ છો તો તમારે પાણી પીવું જ પડશે. તેને જેલમાં રહેવા દો.” હાલ આરોપી ૫ એપ્રિલથી ન્યાયિક કસ્ટડીમાં છે અને હવે આ કેસની આગામી સુનાવણી ૮ જૂને હાથ ધરાશે. સેક્સ વર્કર્સ માટે સુપ્રીમ કોર્ટે આપ્યો ઐતિહાસિક ચુકાદો, સ્વેચ્છાએ દેહવ્યાપાર ગુનો નથી!

## ગુજરાત વિધાનસભા ફરી ખંડિત થઈ

# વડોદરાના ધારાસભ્ય યોગેશ પટેલનું નિધન



**સિટી ન્યૂઝ@વડોદરા**

વડોદરાના માંજલપુરના ધારાસભ્ય યોગેશ પટેલનું અવસાન થયું છે. છેલ્લા કેટલાય સમયથી હૃદયરોગની બીમારીથી પીડાતા હતા. તેમને વડોદરાની સ્ટર્લિંગ હોસ્પિટલમાં બે દિવસ અગાઉ સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા હતા. આમ ફરી ગુજરાત વિધાનસભા ખંડિત થઈ છે. આ પહેલાં ઉમરેઠના ધારાસભ્ય ગોવિંદ પરમારનું ૬ માર્ચ, ૨૦૨૬ના રોજ અવસાન થતાં બેઠક ખાલી પડી હતી. જોકે પેટાચૂંટણી બાદ તેમના પુત્રની જીત થઈ હતી.
યોગેશ પટેલ વડોદરાની જનતામાં અભૂતપૂર્વ લોકચાહના ધરાવતા હતા. તેઓ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં સતત ૮ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાવાનો વિરલ રેકોર્ડ ધરાવે છે. તેમણે શરૂઆતમાં વડોદરાની રાવપુરા વિધાનસભા બેઠક પરથી સતત ચૂંટણીઓ જીતીને ભાજપનો ગઢ મજબૂત કર્યો હતો. સીમાંકન બદલાયા બાદ તેઓ માંજલપુર બેઠક પરથી ચૂંટણી લડ્યા અને ત્યાં પણ જંગી મતોની સરસાઈથી વિજેતા બનતા રહ્યા. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં પણ તેમણે આ બેઠક પર ભવ્ય વિજય મેળવ્યો હતો. તેઓ ગુજરાતના વરિષ્ઠ ધારાસભ્ય તરીકે ઓળખાતા હતા.તેઓને લોકો કાકાના હુલામણા નામે ઓળખતા હતા.રાજ્ય સરકારમાં પણ તેમણે મહત્વની જવાબદારીઓ સંભાળી છે. રૂપાણીની સરકારમાં તેઓ રાજ્ય કક્ષાના નર્મદા વિકાસ અને ગૃહ નિર્માણ મંત્રી તરીકે સેવાઓ આપી ચૂક્યા છે.મંત્રી પદ દરમિયાન વડોદરા અને મધ્ય ગુજરાતના વિકાસ કાર્યોને વેગ આપ્યો હતો. સામાન્ય નાગરિકો માટે તેઓ ચોવીસ કલાક ઉપલબ્ધ રહેતા નેતા હતા.
વડોદરાના સ્થાનિક પ્રશ્નો, રસ્તા, પાણી, અને ડ્રેનેજ જેવી પાયાની સુવિધાઓ માટે તેઓ પોતાની જ સરકાર સામે પણ અવાજ ઉઠાવવામાં અચકાતા નહોતા. વહીવટી શિથિલતા સામે તેઓ મુખ્યમંત્રી અને મંત્રીઓને પત્રો લખીને સચોટ રજૂઆતો કરતા રહેતા હતા. તેમની આ નિડર શૈલીને કારણે જનતામાં તેમનો ભારે આદર હતો.

## પાર્ટીના ફાઉન્ડર દિલ્હી એરપોર્ટ ઉતરશે

# કોકરોચ જનતા પાર્ટીનું 6 જૂને દિલ્હીમાં પ્રદર્શન

**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દીપકે ૬ જૂને ભારત પરત ફરશે. તેઓ દિલ્હીના જંતર-મંતર પર શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરશે. જેમાં શિક્ષણ મંત્રીના રાજીનામાની માગ કરશે. દીપકેએ પોતે આ માહિતી X ના કોકરોચ ઇઝ બેક એકાઉન્ટ પર આપી. 30 વર્ષના અભિજીત દિપકે મહારાષ્ટ્રના સંભાજી નગરના રહેવાસી ડિજિટલ મીડિયા સ્ટ્રેટેજિસ્ટ છે. રિપોર્ટ્સ અનુસાર, અભિજીતે પુણેથી પત્રકારત્વનો અભ્યાસ કર્યો છે. હાલમાં તેઓ અમેરિકાની બોસ્ટન યુનિવર્સિટીમાં પબ્લિક રિલેશનમાં માસ્ટર્સનો અભ્યાસ કરી રહ્યા છે.અભિજીત ૨૦૨૦ થી ૨૦૨૨ સુધી કેજરીવાલની




આમ આદમી પાર્ટીના સોશિયલ મીડિયા સ્ટ્રેટેજિસ્ટ રહ્યા છે. ૨૦૨૦ની દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં અભિજીત AAP માટે વાઇરલ મીમ આધારિત ઓનલાઈન પ્રચાર સામગ્રી બનાવતા હતા. એક ઇન્ટરવ્યુમાં અભિજીતે જણાવ્યું કે તેમણે અંગત જીવન અને આર્થિક સ્થિરતા માટે AAP છોડીને બોસ્ટન યુનિવર્સિટીમાં અરજી કરી હતી. એડમિશન મળતાં તેઓ અમેરિકા શિફ્ટ થઈ ગયા.અભિજીત ખેડૂત આંદોલનથી લઈને મોંઘવારી જેવા રાજકીય મુદ્દાઓ પર X એકાઉન્ટ પર કેન્દ્ર સરકાર અને પીએમ પર નિશાન સાધતા રહ્યા છે.દિલ્હી હાઈકોર્ટે ૨૯ મેના રોજ કોકરોચ જનતા પાર્ટીના X એકાઉન્ટ પરથી પ્રતિબંધ હટાવવાનો ઇનકાર કર્યો હતો. કોર્ટે સરકાર અને X પાસેથી ૪ અઠવાડિયામાં જવાબ માંગ્યો.

# તિરૂપતિ બાલાજી મંદિરમાં 27 દિવસમાં 12.50 લાખ ભક્તોએ વાળ ચઢાવ્યા

**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

આંધ્ર પ્રદેશમાં આવેલા વિશ્વના સૌથી ધનાઢ્ય મંદિર તિરુમાલામાં પહેલી મેથી ૨૭ મેની વચ્ચે ૧૨,૪૩,૦૬૩ ભક્તોએ મુંડન કરાવીને પ્રભુને પોતાના વાળ ચડાવ્યા હતા. આ આંકડો ગયા બે વર્ષના મે મહિનાના મુંડન કરતાં ઘણો વધારે છે. ૨૦૨૫ના મે મહિનામાં ૧૦,૧૮,૩૭૦ ભક્તોએ અને ૨૦૨૪ના મે મહિનામાં ૧૦,૬૫,૭૨૯ ભક્તોએ મુંડન કરાવ્યું હતું.બોલચાલમાં તિરુપતિ બાલાજી તરીકે પણ કહેવાતા ભગવાન વેન્કટેશ્વરને વાળ ચડાવવાની પરંપરા ગરમીની સીઝનમાં ખૂબ વધી ગઈ છે.ગયા મહિનાના પહેલા ૨૭ દિવસમાં જે સંખ્યામાં ભક્તોએ માથું મૂંડાવ્યું એનાથી દુનિયાના સૌથી મોટા 'કલ્યાણકટ્ટા' એટલે કે મુંડન કેન્દ્રનો રેકૉર્ડ બની ગયો છે.તિરુમાલા તિરુપતિ



દેવસ્થાનમ (TTD)ના અધિકારીઓએ વાળના ચડાવવામાં થઈ રહેલા વધારાનું શ્રેય હાલની ગરમીને આપ્યું છે. TTD દર વર્ષે માણસોના વાળ વેચીને ૧૩૦ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરે છે.




# કચેરી વીરપુરમાં જ શરૂ કરો – જનતાની ઉગ્ર માંગ

સિટી ન્યૂઝ@ગૌરવ ગાજીપરા–વીરપુર

પ્રસિદ્ધ યાત્રાધામ વીરપુરમાં વિજતંત્ર દ્વારા સ્થાનિક ગ્રાહકોની સુવિધા માટે 'વીરપુર સબ–ડિવિઝન' કચેરી મંજૂર કરવામાં આવી છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે, આ કચેરી વીરપુરમાં શરૂ કરવાને બદલે રાજકીય ઈશારે અને વગદારોના દબાણ હેઠળ જેતપુર ખાતે કાર્યરત કરી દેવામાં આવી છે. જેને પગલે વીરપુર અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના વીજ ગ્રાહકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. ઉનાળાના આ ધમધગતા તાપમાં લોકોને નજીવી વીજ કામગીરી માટે પણ જેતપુર સુધી લાંબા થવાની નોબત આવી છે.

સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે અમારે ગોંડલના ધક્કા મટ્યા, પણ જેતપુરની નવી આફત શરૂ થઈ, અગાઉ યાત્રાધામ વીરપુરનો સમાવેશ 'પીજીવીસીએલ ગોંડલ ગ્રામ્ય–૨' પેટા વિભાગની કચેરી હેઠળ થતો હતો. વીજ ગ્રાહકોને કનેક્શન, બિલિંગ કે અન્ય વહીવટી કામો માટે છેક ગોંડલ સુધી ધક્કા ખાવા પડતા હતા. લોકોની આ હાલાકી દૂર કરવા માટે વિજતંત્ર દ્વારા ખાસ વીરપુર ખાતે જ નવું સબ–ડિવિઝન મંજૂર કરવામાં આવ્યું હતું. પરંતુ સત્તાધીશો અને રાજકીય નેતાઓની સાંઠગાંઠને કારણે આ કચેરી વીરપુરમાં ખોલવાને બદલે જેતપુર ખાતે શરૂ કરી દેવાતા લોકો 'ખોળિયો ખાંડતા રતન ખોવાયું' જેવો ઘાટ અનુભવી રહ્યા છે.

વીરપુરનું સ્થાનિક ફોલ્ટ સેન્ટર બન્યું સ્ટાફ વગરનું "ભૂતિયા ઘર" જેવું, જાગૃત નાગરિકો અને સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, જ્યારે વીરપુર ગોંડલ હેઠળ હતું ત્યારે વીરપુર ફોલ્ટ સેન્ટર ખાતે કાયમી ધોરણે વીજ કર્મચારીઓનો સ્ટાફ હાજર રહેતો હતો. જેથી સ્થાનિક સ્તરે કોઈ ફોલ્ટ સર્જાય તો તુરંત રિપેરિંગ થઈ જતું. પરંતુ જ્યારથી આ કચેરી જેતપુર ખાતે ટ્રાન્સફર થઈ છે, ત્યારથી વીરપુર ફોલ્ટ સેન્ટર પરથી સ્ટાફ ગાયબ થઈ ગયો છે. હવે જ્યારે પણ વીરપુર કે ગ્રામ્ય વિસ્તારમાં વીજ પુરવઠો ખોરવાય, ત્યારે કર્મચારીઓ છેક જેતપુરથી આવે છે, જેમાં કલાકોનો સમય નીકળી જાય છે.

સ્થાનિકોના આક્ષેપો છે કે બળબળતા ઉનાળે સ્થાનિકો સાથે યાત્રિકો પણ હેરાન–પરેશાન થઈ રહ્યા છે,હાલ ઉનાળાની આકરી ગરમી અને બફારો પડી રહ્યો છે, ત્યારે વીરપુરમાં રાત્રિના સમયે વારંવાર વીજળી ગુલ થઈ જવાની તેમજ લો–હાઈ વોલ્ટેજની ગંભીર સમસ્યાઓ સર્જાઈ રહી છે. વીરપુર એક સુપ્રસિદ્ધ યાત્રાધામ હોવાથી રોજ પૂજ્ય જલારામ બાપાના દર્શનાર્થે હજારો યાત્રાળુઓ આવે છે અને હોટેલ–ગેસ્ટ હાઉસમાં રાત્રિ રોકાણ કરે છે. વારંવાર ખોરવાતા વીજ પુરવઠાને કારણે સ્થાનિક રહીશો તો ઠીક, પરંતુ બહારથી આવતા યાત્રિકો પણ આકરી ગરમીમાં શેકાઈ રહ્યા છે, જેનાથી યાત્રાધામની છબી ખરડાઈ રહી છે.

વીરપુરના ગ્રામજનો અને વેપારી મંડળો દ્વારા ઉગ્ર માંગ કરવામાં આવી છે કે, જે કચેરી વીરપુરના નામે મંજૂર થઈ છે તેને તાત્કાલિક જેતપુરથી હટાવીને વીરપુરમાં જ સ્થાપિત કરવામાં આવે.

## પૂજ્ય જલા બાપાના દરબારમાં આપેલું વચન વિજતંત્રના અધિકારીઓએ નેવે મૂક્યું...

જ્યારે સરકાર દ્વારા વીરપુર ખાતે પીજીવીસીએલ (PGVCL) સબ–ડિવિઝન કચેરી મંજૂર કરાઈ અને તેને જેતપુર ખાતે કાર્યરત કરવામાં આવી, ત્યારે ભારે વિરોધ વચગાળે વીરપુર જલારામ બાપાના મંદિર ખાતે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં એ સમયે પીજીવીસીએલ જેતપુર ડિવિઝનના કાર્યપાલક ઈજનેર તરીકે એચ. એચ.સોની ફરજ બજાવતા હતા ત્યારે વીરપુર જગ્યાના ગાદીપતિ, વીરપુર ગ્રામ પંચાયતના સરપંચ રમેશભાઈ સરવૈયા,તેમજ સ્થાનિક અગ્રણીઓ અને વેપારી એસોસિએશનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં અધિકારીઓ દ્વારા ખાતરી આપીને એવું નક્કી કરાયું હતું કે, વીરપુર અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકોની સુવિધા માટે વીરપુર ખાતે જ એક ખાસ પેટા કચેરી (સબ–ઓફિસ) શરૂ કરવામાં આવશે, જ્યાં વીજ સમસ્યાઓનું સ્થાનિક સ્તરે જ નિવારણ થશે અને લોકોને જેતપુર સુધી ધક્કા નહીં ખાવા પડે. પરંતુ ખેદની વાત એ છે કે, આ બેઠકને લાંબો સમય વીતી ગયો હોવા છતાં આજ દિન સુધી આવી કોઈ પેટા કચેરી વીરપુરમાં શરૂ કરવામાં આવી નથી. પીજીવીસીએલના જવાબદાર અધિકારીઓ પૂજ્ય જલારામ બાપાના મંદિરમાં પવિત્ર આસને બેસીને આપેલા વચનમાંથી ફરી ગયા છે. વિજતંત્રના આ બેજવાબદાર વલણને કારણે માત્ર જનતા સાથે જ છેતરપિંડી નથી થઈ, પરંતુ ગાદીપતિને આપેલા વચનનું પણ અધિકારીઓએ અપમાન કર્યું હોય તેવી તીવ્ર પ્રતિક્રિયાઓ અને રોષ હાલ લોકમુખે ચર્ચાઈ રહ્યો છે.

વડીયામાં શ્વાનનો ભારે આતંક

# 20 દિવસમાં કૂતરાએ બે બાળકને ફાડી ખાધા

## બે બાળકના મોતથી નાના એવા ગામમાં ભયનો માહોલ



**સિટી ન્યૂઝ@અમરેલી**

અમરેલી જિલ્લાના વડીયા પંથકમાં રખડતા અને હિંસક બની ગયેલા શ્વાનોનો આતંક દિવસેને દિવસે વધી રહ્યો છે. છેલ્લા ૨૦ દિવસ દરમિયાન શ્વાનોએ ચાર જેટલા બાળકો પર હુમલો કર્યો હોવાનું સામે આવ્યું છે, જેમાં બે બાળકોના મોત થયા હોવાનું જાણવા મળ્યું છે. સતત બની રહેલી આ દુખદ ઘટનાઓને કારણે સમગ્ર વિસ્તારમાં ભય અને ચિંતાનો માહોલ છવાઈ ગયો છે.

તાજી ઘટનામાં વડીયા તાલુકાના એક ગામમાં ૭ વર્ષના બાળક પર શ્વાનોના ટોળાએ જીવલેણ હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘાયલ બનેલા બાળકને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. આ ઘટનાએ ગ્રામજનોને હચમચાવી દીધા છે.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક સમયથી વિસ્તારમાં રખડતા શ્વાનોની સંખ્યા સતત વધી રહી છે. નાના બાળકો શાળા જવા કે બહાર રમવા નીકળે ત્યારે માતા-પિતામાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ગામલોકોનું કહેવું છે કે અનેક વખત તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી હોવા છતાં શ્વાનોના આતંક સામે અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી.

આ ઘટનાના પગલે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો દ્વારા તાત્કાલિક શ્વાનોને પકડવાની કામગીરી હાથ ધરવા તેમજ બાળકોની સુરક્ષા માટે કડક પગલાં ભરવાની માંગ ઉઠી છે. સ્થાનિક તંત્ર અને સંબંધિત વિભાગો હવે આ મામલે શું કાર્યવાહી કરે છે તેના પર સૌની નજર છે.

વડીયા પંથકમાં સતત વધી રહેલા શ્વાન હુમલાના બનાવોએ ગ્રામ્ય વિસ્તારોમાં રખડતા પ્રાણીઓની સમસ્યાને ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં લાવી દીધી છે. ગ્રામજનો હવે આવી દુર્ઘટનાઓ ફરી ન બને તે માટે તાત્કાલિક અને અસરકારક ઉકેલની માંગ કરી રહ્યા છે.

# બાળકીની છેડતીનો ગુનો નોંધાતા રાજકટોના યુવકનો ઝેર પી આપઘાત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના મવડી રોડ ઓમનગર પાસે સરદારનગરમાં રહેતાં વિશાલ રામભાઇ વાળા (ઉ.વ.૨૮) નામના યુવાન પર તેના મુળ વતન સુત્રાપાડાના ટીંબડી ગામે તેર વર્ષની બાળાની છેડતીના આરોપ સાથે ફરિયાદ નોંધાવવામાં આવતાં આ કારણે માઠુ લાગી જતાં ટીંબડી ગામે પોતાની વાડીમાં ઝેરી દવા પી લેતાં સારવાર દરમિયાન રાજકોટમાં મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. આ યુવાન પરિણીત હતો અને વિધવા માતાનો આધારસ્તંભ હતો.  ઓમનગર સર્કલ સરદારનગરમાં રેહતાં વિશાલ વાળાએ ગત ૨૫/૫ના રોજ ટીંબડી ગામે પોતાની વાડીએ ઝેરી દવા પી લેતાં કોડીનાર ખાનગી હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિનર્જીમાં ખસેડાયા બાદ વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. અહિ આજે વહેલી સવારે મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે સુત્રાપાડા પોલીસને જાણ કરી હતી.ગઇકાલે વિશાલને સિવિલમાં દાખલ કરાયો ત્યારે સુત્રાપાડા પોલીસ મથકના પી.આચર. ચૌહાણે વિશાલના માતા રાજુબેન રામભાઇ વાળા (ઉ.વ.૫૫)નું નિવેદન નોંધ્યું હતું. રાજુબેને જણાવ્યું હતું કે મારે સંતાનમાં એક દિકરો વિશાલ છે, તેના પત્નિનું નામ સંતોષબેન છે. હું, વિશાલ અને સંતોક રાજકોટમાં રહીએ છીએ. વિશાલ ટ્રેકટરની કંપનીમાં નોકરી કરતો હતો. ગત ૨૩/૫ના રોજ હું, વિશાલ અને તેની પત્નિ સંતોષબેન એમ ત્રણેય અમારા વતન સુત્રાપાડાના ટીંબડી ગામે ગયા હતાં. જ્યાં પહોંચ્યા બાદ સાંજે વિશાલે કહેલું કે હું સગાના ઘરે જાઉ છું અને રાત ત્યાં રોકાઇશ. બાદમાં બીજા દિવસે ૨૪મીએ વિશાલ તેના કાકા સાથે જમીન સહિતને લગતા કામ માટે ગયો હતો. સાંજે આઠેક વાગ્યે તે ઘરે પરત આવી સુઇ ગયો હતો. ૨૫મીની સવારે પાંચેક વાગ્યે અમાર સગાના દિકરાનો મને ફોન આવેલો કે વિશાલ ક્યાં છે? જેથી મેં તેને ઘરે સુતો છે તેમ કહ્યું હતું. બાદ સાડા પાંચેક વાગ્યે સગાનો દિકરો સહિતના લોકો ટીંબડી મારા ઘરે આવ્યા હતાં અને વિશાલનું કામ છે કહી તેને ઉઠાડીને લઇ ગયા હતાં. એ પછી સવારે દસેક વાગ્યે અમારી વાડીના ભાગીયા જયેશભાઇએ મને ફોન કરી કહેલું કે વાડીએ વિશાલે દવા પી લીધી છે. જેથી હું, મારા ભત્રીજા સહિતનાએ તાકીદે વાડીએ પહોંચી વિશાલને કોડીનાર હોસ્પિટલે અને ત્યાંથી રાજકોટ સિનર્જીમાં દાખલ કર્યો હતો. અહિ પોલીસે મારા દિકરાનું નિવેદન લીધું ત્યારે પુત્રવધુ સંતોષબેન હાજર હતાં. મારા દિકરાને ૩૦મીએ સિનર્જીમાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલમાં બેભાન હાલતમાં ખસેડ્યો હતો. અહિ મારા પુત્રવધુને પુછતાં તેણીએ કહેલું કે-વિશાલ વિરૂધ્ધ તેર વર્ષની બાળાની છેડતીનો ખોટો આરોપ મુકી દેવાયો હોઇ જેના કારણે તેને લાગી આવતાં તેણે પોતાની મેળે ઝેરી દવા પી લીધી છે. તેમ વધુમાં વિશાલના માતા રાજુબેને જણાવ્યું હતું. સુત્રાપાડા પોલીસે આ અંગે તપાસ હાથ ધરી હતી. દરમિયાન આજે સવારે વિશાલનું મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

# માપમાં રહેજો નહીંતર આખા ખાનદાનને સાફ કરી નાંખીશ કહી યુવક પર છરીથી હુમલો

**» કોઠારીયા રોડ ઉપર પ્લોટના બાકી લેણાંની ઉઘરાણીમાં ડખ્ખો : ચાર સામે ફરિયાદ**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

કોઠારીયા રોડ પર પ્લોટનાં બાકી રૂપિયા બાબતે ચાર શખ્સોએ ઝપાઝપી કરી “તારા ખાનદાનને સાફ કરી નાંખીશ' તેવી ધમકી આપી તેના પુત્ર સત્યજીતને છરી વડે ઈજા પહોચાડયાની આજી ડેમ પોલીસ મથકમાં ચાર શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે. કોઠારીયા ગામમાં રાધેશ્યામ સોસાયટીમાં રહેતા નિલેશભાઈએ યોગેશ, ચિરાગ વાઘેલા, નીલદીપ અને અજય સામે આજી ડેમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે રાત્રે ઘર પાસે હતા ત્યારે યોગેશ અને ચિરાગે તેને તારો ભાઈ ફોન ઉપાડતો નથી. તેને મારે પૈસા આપવાના છે. આમ કહીં તેની પાસે જઈ તમને બહું હવા આવી ગઈ છે, માપમાં રહેજો નહીંતર તમારા આખા ખાનદાનને સાફ કરી નાંખીશ કહીં ઝપાઝપી કરવા લાગ્યો હતો તેણે તેના પુત્ર સત્યજીત, ભાઈ કિરિટ અને ભત્રીજા વિવેકને ફોન કરતાં તે ત્યાં આવ્યા હતા. આ સમયે ચારેય આરોપીઓ ગાળાગાળી અને ઝપાઝપી કરી તેને ઢીકાપાટુનો માર માર્યો હતો. તેનો પુત્ર સત્યજીત છોડાવવા વચ્ચે પડતાં યોગેશે છરી ઝીકી દેતા તેને ઈજા પહોંચી હતી જેથી આ અંગે ચારેય સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદી નિલેશભાઈએ એકાદ વર્ષ પહેલાં આરોપી યોગેશને તેની માલિકીના છ પ્લોટ વેચ્યા હતા. જેના ૫૫ લાખ લેવાના બાકી હતી. જેમાંથી આરોપીએ ૨૫ લાખ છ મહિના પહેલા આપ્યા હતા. જ્યારે બાકીના ૩૦ લાખ લેવાના હતા. આ બાબતે તેના ભાઈ કિરિટભાઈએ યોગેશને રૂપિયા ક્યારે આપશો તેમ પુછતાં આરોપીએ તેણે પૈસાની માગણી કરેલ છે તે બાબતનો ખાર રાખી હુમલો કર્યો હતો આજી ડેમ પીઆઇ એચ એન પટેલ સહિતની ટીમે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

### લેન્ડ રેકોર્ડ્સ વિભાગનું વિકેન્દ્રીકરણ મહેસૂલ વિભાગનો નિર્ણય

# જમીન સંબંધિત તમામ સેવાઓ હવે તાલુકા કક્ષાએ મળશે

## જમીન માપણી, રેકોર્ડ સુધારણા અન્ય ટેકિનકલ કામો માટે લોકોને જિલ્લા કચેરીનો સંપર્ક કરવો પડતો હતો




**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

રાજ્ય સરકારના મહેસૂલ વિભાગે જમીન દફતર (લેન્ડ રેકોર્ડ્સ) વિભાગના વિકેન્દ્રીકરણ તરફ મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર પરિપત્ર મુજબ જિલ્લા કક્ષાએ કાર્યરત જમીન દફતર નિરીક્ષક વર્ગ-૨ની ૧૩૮ જગ્યાઓને તાલુકા કક્ષાએ વિકેન્દ્રીકરણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સાથે તાલુકા કચેરીઓમાં આ જગ્યાઓ કાર્યરત કરવા માટે પણ સૂચના આપવામાં આવી છે.સરકારના નિર્ણય મુજબ જમીન દફતરની કામગીરી વધુ ઝડપથી અને અસરકારક રીતે થાય તેમજ ખેડૂતો, જમીનધારકો અને અરજદારોને જિલ્લા મથક સુધી ધક્કા ન ખાવા પડે તે માટે આ પગલું લેવામાં આવ્યું છે. અત્યાર સુધી અનેક જમીન માપણી, રેકોર્ડ સુધારણા અને અન્ય ટેકિનકલ કામો માટે લોકોને જિલ્લા કચેરીનો સંપર્ક કરવો પડતો હતો, પરંતુ હવે તાલુકા સ્તરે જ વધુ સેવાઓ ઉપલબ્ધ બનશે. પરિપત્ર અનુસાર જિલ્લા નિરીક્ષક જમીન દફતર વર્ગ-૨ના સંવર્ગની કેટલીક જગ્યાઓના નામાભિધાનમાં સુધારો કરીને તેને જમીન દફતર નિરીક્ષક તરીકે કાર્યરત કરવામાં આવી છે. સાથે જ નવી રચાયેલી ૧૩૮ જગ્યાઓને રાજ્યભરની વિવિધ તાલુકા કચેરીઓમાં ફાળવવાનો નિર્ણય લેવાયો છે.

સરકારનું માનવું છે કે તાલુકા કક્ષાએ ટેકિનકલ સ્ટાફ ઉપલબ્ધ થતાં જમીન સંબંધિત કામગીરીમાં ઝડપ આવશે, અરજીઓના નિકાલનો સમય ઘટશે અને સ્થાનિક સ્તરે નાગરિકોને વધુ સારી સુવિધા મળશે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતો અને જમીનધારકો માટે આ નિર્ણય રાહતરૂપ સાબિત થશે.

### ગુજરાત કેડરના અધિકારીને કેન્દ્રીય કેબિનેટે મંજૂરી આપી

# સિનિયર IPS રાજીવ રંજન ભગત હવે SPGમાં ADG

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

કેન્દ્ર સરકારની કેબિનેટ નિયુક્તિ સમિતિ દ્વારા દેશની સર્વોચ્ચ સુરક્ષા પાંખ ગણાતી સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપના ઉચ્ચ વહીવટી માળખામાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. ૧૯૯૮ની બેચના અને ગુજરાત કેડરના અત્યંત બાહોશ અને નીડર આઈપીએસ (IPS) અધિકારી રાજીવ રંજન ભગતને હવે એસપીજી (SPG) ના એડિશનલ ડાયરેક્ટર જનરલ (ADG) તરીકે નિયુક્ત કરવાનો સત્તાવાર આદેશ જારી કરાયો છે. રાજીવ રંજન ભગત લાંબા સમયથી કેન્દ્રમાં ડેપ્યુટેશન પર છે અને તેમની સક્ષમ લીડરશિપને જોતાં તેમને આ મહત્વની પોસ્ટ સોંપવામાં આવી છે.મે ૨૦૨૭ સુધી દેશની



સૌથી સંવેદનશીલ સુરક્ષા કમાન્ડ સંભાળશેકેન્દ્રીય ગૃહ મંત્રાલયના વર્તુળોમાંથી મળતી માહિતી મુજબ, નવા એડીજી તરીકે રાજીવ રંજન ભગતનો આ કાર્યકાળ મે ૨૦૨૭ સુધીનો રહેશે. ઉલ્લેખનીય છે કે, રાજીવ રંજન ભગત માટે આ એજન્સી અને તેની કાર્યશૈલી બિલકુલ નવી નથી. તેઓ અગાઉ પણ એસપીજી (SPG) માં ઈન્સ્પેક્ટર જનરલ (IG) તરીકે લાંબો સમય પોતાની સેવાઓ આપી ચૂક્યા છે. આઈજી તરીકેના તેમના સફળ કાર્યકાળ દરમિયાન પીએમ સિક્યુરિટી પ્રોટોકોલ્સ અને નવીનતમ સુરક્ષા તકનીકોના અમલીકરણમાં તેમનું પ્રદાન અભૂતપૂર્વ રહ્યું હતું, જેને ધ્યાનમાં રાખીને જ આ પ્રમોશન આપવામાં આવ્યું છે. એસપીજી એ ભારતની એકમાત્ર એવી વિશિષ્ટ સુરક્ષા સંસ્થા છે જે કાયદાકીય રીતે દેશના વડાપ્રધાન અને તેમની સાથે રહેતા સત્તાવાર પદાધિકારીઓને આંતરરાષ્ટ્રીય સ્તરનું હાઈ-ટેક સુરક્ષા કવચ પૂરું પાડે છે. ગુજરાત પોલીસ વિભાગમાં પણ ગર્વની લાગણી ફેલાઈ છે.

# ગુજરાતમાં GAS કેડરના 68 અધિકારીઓની સામૂહિક બદલીને બઢતી

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ (General Administration Department) દ્વારા રાજ્યના વહીવટી તંત્રમાં એક મોટો અને મહત્વનો ફેરબદલ કરવામાં આવ્યો છે. સચિવાલય, ગાંધીનગર (Sachivalaya, Gandhinagar) ખાતેથી તારીખ ૧ જૂન, ૨૦૨૬ ના રોજ બહાર પાડવામાં આવેલા સત્તાવાર જાહેરનામા અનુસાર, ગુજરાત વહીવટી સેવા (Gujarat Administrative Service GAS) ના વર્ગ-૧ ના કુલ ૬૮ અધિકારીઓની મોટા પાયે બદલી અને બઢતીના આદેશ આપવામાં આવ્યા છે. આ નિર્ણય અંતર્ગત સિલેક્શન સ્કેલ અને સિનિયર સ્કેલના અધિકારીઓની આંતરિક બદલીઓ કરવામાં આવી છે, જ્યારે જુનિયર સ્કેલના અનેક અધિકારીઓને સિનિયર સ્કેલમાં પ્રમોશન આપી મહત્વની જવાબદારીઓ સોંપવામાં આવી છે.

# ભ્રષ્ટાચારીઓના મહેલોમાં બુલડોઝર ક્યારે? કોંગ્રેસ

» ACB ના કેસોમાં 41 ટકા અધિકારીઓ ગૃહ વિભાગના, દોષિત કરતા નિર્દોષ છૂટનારા વધુ

» ગુજરાતમાં ભ્રષ્ટાચાર વ્યક્તિગત નહીં, પરંતુ 2.64 કરોડની રોકડ બતાવે છે વ્યવસ્થાગત સમસ્યા

» ગાંધીનગરમાં અધિકારીના ઘરેથી રોકડ મળતા પ્રવક્તા હેમાંગ રાવલના આકરા પ્રહાર

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગાંધીનગરમાં ક્લાસ-૧ અધિકારીના ઘરેથી ૨.૬૪ કરોડની રોકડ મળતા કોંગ્રેસ પ્રવક્તા હેમાંગ રાવલે આકરા સવાલો ઉઠાવ્યા છે કે, સરકાર ભલે આને પોતાની સફળતા ગણાવે, પરંતુ વાસ્તવમાં આ ભ્રષ્ટાચારથી ઘેરાયેલી વ્યવસ્થાનો વધુ ૧ સજ્જડ પુરાવો છે. ગુજરાતમાં ભ્રષ્ટાચાર હવે વ્યક્તિગત નહીં, પરંતુ ૧ મોટી વ્યવસ્થાગત સમસ્યા બની ગયો છે.



સૌથી ચિંતાજનક બાબત એ છે કે જે વિભાગો કાયદાનું પાલન કરાવવા જવાબદાર છે, તેઓ જ સૌથી વધુ પકડાઈ રહ્યા છે. ૨૦૨૪-૨૫ ના આંકડાઓ મુજબ ACB ના કેસોમાં પકડાયેલા કુલ અધિકારીઓમાંથી આશરે ૪૧ ટકા માત્ર ગૃહ વિભાગના હતા. ત્યારબાદ મહેસૂલ, પંચાયત, શહેરી વિકાસ અને શિક્ષણ વિભાગનો ક્રમ આવે છે. જો રક્ષક જ ભક્ષક બને તો સામાન્ય નાગરિક કોની પર વિશ્વાસ રાખે?

સરકારના "ઝીરો ટોલરન્સ" ના દાવાઓ વચ્ચે વાસ્તવિકતા એ છે કે ભ્રષ્ટાચારીઓને સજા અપાવવામાં સિસ્ટમ નિષ્ફળ રહી છે. ૨૦૨૪-૨૫ માં ACB દ્વારા ૧૮૭ કેસ નોંધાયા, જેમાંથી માત્ર ૩૭ માં જ આરોપી દોષિત ઠર્યા, જ્યારે ૧૦૧ આરોપીઓ નિર્દોષ છૂટી ગયા. દરોડા બાદ આ જ ભ્રષ્ટ બાબુઓ ફરી સરકારી તંત્રમાં મહત્વના સ્થાને ગોઠવાઈ જાય છે. અગાઉ પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ સ્વીકારી ચૂક્યા છે કે ગૃહ અને મહેસૂલ વિભાગ સૌથી વધુ ભ્રષ્ટાચારગ્રસ્ત છે.

સામાન્ય નાગરિકના કામ લાંચ વગર થતા નથી. પૂર્વ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીની અચાનક તપાસ પહેલા જ રજિસ્ટ્રાર કચેરીઓમાંથી દલાલો ગાયબ થઈ જવા એ સંગઠિત ભ્રષ્ટાચારનો પુરાવો છે. મોટાભાગે અધિકારીઓ ત્યારે જ પકડાય છે જ્યારે અંદરની ભાગબટાઈમાં વિવાદ થાય. વરિષ્ઠ અધિકારીઓ સામે કડક કાર્યવાહીના બદલે રાજીનામા લેવડાવી ભીનું સંકેલી લેવાય છે.

હેમાંગ રાવલે અંતમાં ઉમેર્યું કે, માત્ર સૂત્રો કે જાહેરાતોથી ગુજરાત ભ્રષ્ટાચારમુક્ત નહીં બને. સાચી સફળતા ત્યારે જ ગણાય જ્યારે આરોપી દોષિત ઠરે, ગેરકાયદે સંપત્તિ જપ્ત થાય અને ભ્રષ્ટાચારીઓમાં કાયદાનો ડર ઊભો થાય.

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા મહેસાણા ખાતે સમીક્ષા બેઠક યોજાઈ

## સરકાર ડ્રગ્સ પકડવાને બદલે વિપક્ષની જાસૂસી કરાવે છેઃ પ્રમુખ અમિત ચાવડાનો આક્ષેપ

**સિટી ન્યૂઝ@મહેસાણા**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા મહેસાણા ખાતે ઉત્તર ગુજરાત ઝોનની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મંજૂરી વગર પ્રવેશ કરી જાસૂસી કરતા IB (ઈન્ટેલિજન્સ બ્યુરો) ના અધિકારીઓ રંગેહાથ ઝડપાતા ભારે ખળભળાટ મચી ગયો છે. કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ આક્ષેપ કર્યો છે કે ભાજપ સરકાર પ્રજાના પ્રશ્નો ઉઠાવતા વિપક્ષી નેતાઓને ડરાવવા અને દબાવવા માટે પોલીસ અને IB નો ખુલ્લેઆમ દુરુપયોગ કરી રહી છે.





સરદાર પટેલ ભવન ખાતે મીડિયાને સંબોધતા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં અન્ય રાજ્યોમાંથી દારૂના કન્ટેનરો પ્રવેશી જાય છે અને સરહદો પરથી ખુલ્લેઆમ ડ્રગ્સ ઘૂસાડવામાં આવે છે, છતાં પોલીસ અને IB ને તેની જાણ થતી નથી. પરંતુ કોંગ્રેસના નેતાઓ કોને મળે છે અને તેમની રણનીતિ શું છે, તેની જાસૂસી કરવા આખી સરકાર કામે લાગી છે. પકડાયેલા અધિકારીઓના મોબાઈલમાંથી જાસૂસી સંબંધિત ગંભીર વિગતો સામે આવી છે. સરકારે IB નો ઉપયોગ જાસૂસીના બદલે ગુનાખોરી અને ડ્રગ્સ ડામવા કરવો જોઈએ.સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સત્તાધારી પક્ષ દ્વારા કરાયેલા સરકારી તંત્રના દુરુપયોગની સમીક્ષા કરવા મુકુલ વાસનિક, તુષાર ચૌધરી, જગદીશ ઠાકોર અને સુભાષિની યાદવ સહિતના દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. અમિત ચાવડાએ જણાવ્યું કે, આ ચૂંટણી માત્ર ભાજપ સામે નહીં પરંતુ પોલીસ, વહીવટી તંત્ર અને બુટલેગરોના ગઠબંધન સામે લડાઈ હતી. બનાસકાંઠા અને અરવલ્લી જેવા વિસ્તારોમાં નાણાકીય પ્રભાવ અને બાહુબલ સામે કોંગ્રેસના કાર્યકરો મજબૂતાઈથી લડ્યા છે. પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓ સામે પણ આંતરિક તપાસ ચાલુ છે. અમિત ચાવડાએ જાહેરાત કરી છે કે આગામી અઠવાડિયાથી પેટ્રોલ, ડીઝલ અને CNG ના ભાવવધારા સામે ગુજરાતના તમામ તાલુકા મથકો પર આક્રમક વિરોધ કરાશે. આ ઉપરાંત, NEET પેપર લીક અને ભ્રષ્ટાચાર સામે યુવાનોના આક્રોશને વાચા આપવા ૪ થી ૧૨ જૂન દરમિયાન ઉગ્ર પ્રદર્શન કરવામાં આવશે. પક્ષને મજબૂત કરવા જુલાઈ મહિનાથી કોંગ્રેસ દરેક વિધાનસભા બેઠક પર બૂથ લેવલના કાર્યકરો સાથે સીધો સંવાદ શરૂ કરશે.


## પેટ્રોલ–ડીઝલના ભાવવધારા અને NEET પેપર લીક મુદ્દે રાજ્યવ્યાપી ઉગ્ર આંદોલન અપાશે

# ગોપાલનો મિત્ર રાકેશ કહેતો આપણા નસીબમાં કાણું પડેલુ છે કંઈ પણ કરો બધુ વહી જાય છે

ગોપાલની મુલાકાતે આવેલી નિશી કોર્ટનો ઓર્ડર લઈને આવી હતી. ગોપાલ અને સલીમની જામીન અરજી કોર્ટે ફગાવી દીધી હતી. કોર્ટે નોંધ્યું હતું કે, “આરોપીઓ સામે પોલીસે રજૂ કરેલા પુરાવા અને સાક્ષીઓના નિવેદનને ધ્યાનમાં લેતાં પ્રાથમિક દૃષ્ટિએ તેઓ કસૂરવાર હોય તેવું લાગે છે. હાલ તપાસ નાજુક તબક્કામાં છે. આ કેસના આરોપી સલીમનો ભૂતકાળ જોતાં તેમને જામીન આપવામાં આવે, તો તેઓ સાક્ષીઓને ડરાવી ધમકાવી શકે તેવી સરકારી વકીલની દલીલને કોર્ટ માન્ય રાખે છે. એટલે હાલના તબક્કે જામીન આપવા ન્યાયના હિતમાં નથી.”સલીમ વારે વારે ઓર્ડર વાંચી રહ્યો હતો. ગોપાલે તો વાત કરવાની જ બંધ કરી દીધી હતી. આ બધી બાબત ગોંવિંદના ધ્યાનમાં આવી. બીજા દિવસે ગોપાલ દવાખાનામાંથી પાછો ફરીને બિસ્તરમાં આડો પડ્યો હતો ત્યાં ગોવિંદ આવ્યો. તેણે સલીમને પૂછ્યું, “ગોપાલ જમ્યો?”સલીમે ગોપાલની ઢાંકી રાખેલી થાળી તરફ ઈશારો કર્યો. ગોવિંદે જરા ઊંચા અવાજે કહ્યું, “ગોપાલ...”તે પથારીમાંથી એકદમ બેઠો થઈ ગયો. તેને ગોવિંદ કેમ આવ્યો છે? તેની ગોપાલને ખબર નહોતી.ગોવિંદે પૂછ્યું, “જમ્યો તું?”ગોપાલે માથું હલાવી ના પાડી.ગોવિંદે આદેશાત્મક સ્વરમાં કહ્યું, “ચાલ, જમી લે.”સામેથી આદેશ થયો એટલે ગોપાલે માથું હલાવીને કહ્યું, “ભાઈ, ભૂખ નથી લાગી.”ગોંવિંદની આંખમાં ગુસ્સો દોડી આવ્યો. તેણે કહ્યું, “ચાલ, ઊભો થા.”ગોપાલ કંઈ સમજ્યો નહીં. ગોવિંદે તેનો હાથ કાંડામાંથી પકડી એકદમ ઝટકો મારતાં તેને ઊભો કર્યો અને હાથ પકડી બેરેકના દરવાજા પાસે લઈ ગયો. દરવાજામાંથી ઈશારો કરતાં પૂછ્યું, “ત્યાં શું દેખાય છે?”ગોપાલ કંઈ સમજ્યો નહીં. બેરેકમાં રહેલા સલીમ સહિત તમામ કેદીઓ આ દૃશ્ય જોઈ રહ્યા હતા. કોઈને પણ ખબર નહોતી પડી રહી કે, ગોવિંદ શું કરી રહ્યો છે? ગોપાલે જવાબ ન આપ્યો એટલે ગોવિંદે ગુસ્સામાં કહ્યું, “પેલી દીવાલ દેખાય છેને?”બેરેકના દરવાજામાં ઊભા રહો એટલે વીસ ફૂટ ઊંચી જેલની મુખ્ય દીવાલ દેખાતી હતી. ગોવિંદે પૂછ્યું, “એ દીવાલની ઉપર શું છે?”ગોપાલે ડરતાં




ડરતાં જવાબ આપ્યો. “વાયર.”ગોવિંદે કહ્યું, “તને ખબર છે? તે દીવાલ પર રહેલા વાયરમાંથી સતત કરંટ પસાર થતો હોય છે. તારે મરવું છેને? ચાલ, દીવાલ પર ચઢી જા અને વાયરને અડી લે. તરત મરી જઈશ.”ગોવિંદે ગુસ્સામાં પકડી રાખેલો ગોપાલનો હાથ છોડ્યો. બેરેકમાં બધા સ્તબ્ધ હતા. ગોવિંદે ચારેબાજુ નજર ફેરવીને કેદીઓ સામે જોયું. પછી ગોપાલને કહ્યું, “અહીંયા કોઈ પિક્નિક માટે નથી આવ્યા. આ બધાને જ પોતાના ઘરે જવું છે, પણ શું કરે? તારી જેમ જમવાનું બંધ કરે? મેં જેલમાં અનેક કેદી જોયા, પણ તારા જેવો મૂરખ કેદી નથી જોયો.”ગોપાલ ચુપચાપ ઊભો હતો. ગોવિંદને વધુ ગુસ્સો આવ્યો. તેણે કહ્યું, “શું મારી સામે જોઈ રહ્યો છે? ભેંસ આગળ ભાગવત કરું છું? ચાલ, જમી લે જલદી.”ગોપાલ પોતાના બિસ્તર પાસે ગયો અને સલીમે ઢાંકી રાખેલી થાળી ખોલીને જમવાની શરૂઆત કરી. ખબર નહીં, તેને ભૂખ જ નહોતી. જ્યારથી તેને ખબર પડી કે, જામીન અરજી નામંજૂર થઈ છે, ત્યારથી તેને કંઈ ખાવાની ઈચ્છા જ થતી નહોતી. પણ ગોવિંદના ગુસ્સાને કારણે તેણે થાળી લઈ જમવાની શરૂઆત કરી.ગોવિંદ બેરેકની બહાર નીકળી ગયો. સલીમ બધું ચુપચાપ જોઈ રહ્યો. સલીમને ગોવિંદની આ સ્ટાઈલ ગમી. તેને વિચાર આવ્યો કે, કદાચ ગોવિંદ તેની પત્નીને પણ પ્રેમ કરતો હશે તોય આવી જ રીતે



પ્રશાંત દયાળ

કરતો હશે. સાંજની બંધી પછી બેરેકમાં આરતી અને નમાઝ પૂરાં થયાં. ગોપાલ અને સલીમ જમતા હતા. ગોવિંદ આવ્યો અને ગોપાલના બિસ્તરમાં બેઠો. ગોપાલને ડર લાગ્યો કે, ક્યાંક ભાઈ ફરી ગુસ્સે થશે. પણ હમણાં ગોવિંદ શાંત હતો. ગોપાલનું જમવાનું પૂરું થયું. તેણે ગોવિંદ સામે જોયું. ગોવિંદે કહ્યું, “જા, થાળી ધોઈને પાણી પી લે. પછી આપણે વાત કરીએ.”ગોપાલને પ્રશ્ન થયો કે, હવે શું વાત કરવાની હશે? પણ તે પૂછી શક્યો નહીં. ગોપાલ અને સલીમ થાળી ધોઈને પાછા આવ્યા. સલીમની સામે જોયા વગર ગોવિંદે ગોપાલને સવાલ કર્યો, “આ સલીમ છે. તેના ઘરે પણ કોઈ હશેને?”ગોપાલે સલીમ સામે જોયું. ગોવિંદે વાત આગળ વધારી, “સલીમ આવ્યો ત્યારથી હું જોઉ છું, તે પોતાના કરતાં તારી ચિંતા વધારે કરે છે.”એક ક્ષણ રોકાઈને પૂછ્યું, “તને ખબર છે? મને જેલમાં કેટલા વર્ષ થયા?”પછી પોતે જ જવાબ આપ્યો. “આઠ વર્ષ થયા. મને જ્યારે સજાનો હુકમ થયો ત્યારે મને લાગ્યું હતું કે મારી જિંદગી પૂરી થઈ ગઈ. પછી મને ઘરે રહેલાં મારાં બાળકો, પત્ની અને ઘરડી માનો વિચાર આવ્યો. મેં નક્કી કર્યું કે, મારે તેમના માટે પણ જીવવાનું છે. હું ક્યારે બહાર નીકળીશ તેની મને ખબર નથી, પણ એક દિવસ જરૂર નીકળીશ એવી ખબર છે. રોજ રડતાં રડતાં જિંદગી જીવું, તેના કરતાં દાદાગીરીથી જીવવાનું મેં નક્કી કર્યું.”ગોવિદેં વાક્ય પૂરું કરતાં સલીમ સામે જોયું. સલીમના ચહેરા પર સ્મિત આવ્યું. ગોવિંદે સવાલ પૂછ્યો, “અલ્યા, તું તો ભગવાનમાં માને છે. કેમ?”વાક્ય પૂરું કરતાં પહેલાં તેણે સલીમ સામે જોતાં કહ્યું, “આ મિયાંને તો નમાઝ પઢતા મેં હજી જોયો નથી. જો તું ભગવાનમાં માને છે, તો જાણી લે કે, તારા ભગવાને જ તારા નસીબમાં જેલ લખી છે. મને ખબર નથી કે, તે ખરેખર ગુનો કર્યો છે કે નહીં.”પછી બેરેકના અન્ય કેદીઓ તરફ ઈશારો કરતાં કહ્યું, “અહીં એવા ઘણા છે, જેમણે આ જનમમાં તો કંઈ ખોટું કર્યું નથી, છતાં અહીં આવી ગયા. કદાચ ગયા જનમનો કોઈ હિસાબ પૂરો કરવાનો રહી ગયો હશે!”ગોવિંદ જાણે વ્યાસપીઠ ઉપર બેઠો હોય એ રીતે વાત કરી રહ્યો હતો! બેરેકમાં એકદમ સન્નાટો હતો. ટીવી જોઈ રહેલા કેદીઓએ પણ અવાજ મ્યૂટ કરી નાખ્યો હતો. ગોવિંદ વાત તો ગોપાલ સાથે કરી રહ્યો હતો, પણ ગોવિંદની વાત આખી બેરેકના તમામ કેદી સાંભળી રહ્યા હતા. ગોવિંદે ગોપાલના પગ પર હાથ મૂકતાં કહ્યું, “આટલા જલદી નિરાશ થવાનું નહીં અને હરાવનું નહીં. હજી તારી સામે આખી જિંદગી પડી છે. લડી લેવાનું.”ગોપાલના ચહેરા પર સ્મિત આવ્યું. ગોવિંદને તે ગમ્યું. તેણે સલીમ સામે જોતાં કહ્યું, “મિયાં તારા દોસ્તને તારા જેવો મર્દ બનાવ.”આટલું બોલીને ગોવિંદ ઊભો થયો અને પોતાના બિસ્તર તરફ ગયો. ગોપાલ તેને જતા જોઈ રહ્યો. તે વિચારી રહ્યો હતો કે, આખી જેલમાં કેદીઓ જેનાથી ડરે છે, તે માણસ તો અંદરથી નારિયેળ જેવો કોમળ છે! મેં તેને મારી કોઈ વાત કરી નહોતી, છતાં તે મારી પાસે આવીને બેઠો.ગોપાલે સલીમ સામે જોયું. સલીમ હસ્યો અને ગોપાલને પૂછ્યું, “તારા બધા જ સવાલનો જવાબ મળ્યો?”ગોપાલે ફરી ગોવિંદ તરફ જોયું અને હકારમાં માથું હલાવ્યું. સલીમે બેરેકની છત તરફ જોયું. જાણે તે પરવરદિગારનો આભાર માનતો હોય! બેરેકમાં માત્ર એક બલ્બ સળગી રહ્યો હતો. બિસ્તરમાં પડેલો ગોપાલ વિચારી રહ્યો હતો કે, સલીમ અને ગોવિંદ જેવા માણસો પણ આટલા સારા હોય છે! આવો વિચાર તેણે પહેલાં ક્યારેય કર્યો નહોતો.

### 50 લાખના ચેક રિટર્ન કેસમાં કોર્ટ કડક

# પ્રશાંતસિંહ વાઘેલાની 1 વર્ષની સજા યથાવત!

## ઓમ ફાયનાન્સના નામે ધંધો કરતા પ્રશાંતસિંહ વાઘેલા હાલ 'ફરાર'

## ફરીયાદી ખોડીયાર ફાયનાન્સના શૈલેન્દ્રસિંહ ગોહિલનો ચેક રિટર્ન થયો હતો

**સિટી ન્યૂઝ@રાજકોટ**



રાજકોટમાં ૫૦ લાખ રૂપિયાના ચેક રિટર્ન કેસમાં એડિશનલ સેશન્સ કોર્ટે મહત્વનો ચુકાદો આપતાં આરોપીની ૧ વર્ષની સાદી કેદની સજા કાયમ રાખી છે અને તેની અપીલ નામંજૂર કરી છે. ઓમ ફાયનાન્સના નામે ધંધો કરતા પ્રશાંતસિંહ ભુપતસિંહ વાઘેલાને અગાઉ નીચલી અદાલતે ૫૦ લાખનું વળતર ચૂકવવા અને ૧ વર્ષની કેદનો આદેશ કર્યો હતો, જે સેશન્સ કોર્ટે યથાવત રાખ્યો છે.

રાજકોટના રહીશ અને ખોડીયાર ફાયનાન્સના શૈલેન્દ્રસિંહ મહોબતસિંહ ગોહેલે પ્રશાંતસિંહને તેમની જરૂરિયાત માટે સગા-વહાલાઓ પાસેથી રકમ ભેગી કરી કુલ ૫૦ લાખ રૂપિયા હાથ ઉછીના આપ્યા હતા. આ રકમ પરત કરવા માટે પ્રશાંતસિંહે ૧૮ મે ૨૦૧૬ ના રોજ ઇન્ડિયન ઓવરસીઝ બેંકનો ચેક આપ્યો હતો. પરંતુ બેંકમાં ચેક રજૂ કરતા તે 'ફંડ ઇનસફિશિયન્ટ' (અપૂરતું બેલેન્સ) ના શેરા સાથે પરત ફર્યો હતો. નિયત સમયમાં નોટિસ આપ્યા છતાં રકમ ન ચૂકવતા શૈલેન્દ્રસિંહે રાજકોટ અદાલતમાં નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ કેસ દાખલ કર્યો હતો.

ટ્રાયલ દરમિયાન પ્રશાંતસિંહે બચાવ લીધો હતો કે ૨૦૧૪ માં યાજ્ઞિક રોડ પર ચેક પડી ગયો હતો અને તેની જાણ બેંકને લેખિતમાં કરી હતી. તેણે એમ પણ કહ્યું કે તે શૈલેન્દ્રસિંહને ઓળખતો નથી. જોકે, ફરિયાદી પક્ષે એક જૂની FIR રજૂ કરી જેમાં બંને સહ-આરોપી હતા, જેનાથી બંને વચ્ચે સંબંધ હોવાનું સાબિત થયું હતું. ઉપરાંત, જો ચેક ખોવાયો હતો તો છાપામાં નોટિસ કે પોલીસ ફરિયાદ કેમ ન કરી અને ચેક 'સ્ટોપ પેમેન્ટ' ના બદલે 'ફંડ ઇનસફિશિયન્ટ' ના શેરા સાથે કેમ પરત ફર્યો, તેવા સવાલો સામે આરોપીનો બચાવ નબળો પડ્યો હતો. ફરિયાદીએ ઇન્કમટેક્સ રિટર્ન પણ રજૂ કર્યા હતા. નીચલી અદાલતે પુરાવાઓને આધારે પ્રશાંતસિંહને તકસીરવાન ઠરાવી ૧ વર્ષની સાદી કેદ અને ૬૦ દિવસમાં ૫૦ લાખ રૂપિયા વળતર ચૂકવવા, નહીંતર વધુ ૧ વર્ષની કેદની સજા ફટકારી હતી. આ હુકમ સામે આરોપીએ સેશન્સ કોર્ટમાં અપીલ કરી હતી. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ એડિશનલ સેશન્સ જજ એ. કે. શાહે નીચલી અદાલતનો હુકમ કાયમ રાખતો ચુકાદો આપ્યો હતો અને આરોપી પ્રશાંતસિંહ વાઘેલા સામે સજા વોરંટ ઇસ્યુ કરવાનો આદેશ કર્યો છે. આ કામમાં મુળ ફરીયાદી ખોડીયાર ફાયનાન્સ ના શૈલેન્દ્રસીહ મહોબતસીહ ગોહેલ વતી રાજકોટના એડવોકેટ પીયુષભાઈ એમ. શાહ, અશ્વિનભાઈ ગોસાઈ, નીવીદભાઈ પારેખ, નીતેષભાઈ કથીરીયા, જીતેન્દ્રભાઈ ધુળકોટીયા, વીજયભાઈ પટગીર, હર્ષીલભાઈ શાહ, ચીરાગભાઈ શાહ, રવીરાજભાઈ વાળા, રાજેન્દ્રભાઈ જોશી તથા સહાયક તરીકે સંજયભાઈ મેરાણી, મીહીરભાઈ શાહ, દક્ષરાજસીહ જાડેજા તથા રાજાભાઈ ભટટ રોકાયેલા હતા.

# પડધરી તાલુકાના ન્યારા હુમલો કેસમાં ત્રણ આરોપીઓના આગોતરા જામીન ફગાવાયા

## કસ્ટોડિયલ વાયોલેશન અને એકતરફી પોલીસ તપાસનો વકીલ સુરેશ ફળદુનો આક્ષેપ

**સિટી ન્યૂઝ@પડધરી**

પડધરી તાલુકાના ન્યારા ગામે જૂની અદાવતમાં યશ મકવાણા પર થયેલા જીવલેણ ખૂની હુમલા કેસમાં સેશન્સ કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે મુખ્ય આરોપીઓ પૈકી લાલજી વઘેરા સહિત ૩ આરોપીઓની આગોતરા જામીન અરજી કડક શબ્દોમાં નામંજૂર કરી છે. આરોપીઓ દ્વારા પોલીસ સાથે મળીને કસ્ટોડિયલ વાયોલેશન કરાવ્યાના ગંભીર આક્ષેપો વચ્ચે કોર્ટે સત્ય બહાર લાવવા કસ્ટોડિયલ ઇન્ટ્રોગેશન (રિમાન્ડ) જરૂરી ગણાવ્યું છે.



એડવોકેટ
સુરેશ ફળદુ

કેસની વિગત મુજબ, પડધરીના અમરેલી ગામે રહેતા યશ રમેશ મકવાણાએ ન્યારા ગામના આર્યન વઘેરા, લાલો વઘેરા, અમીત વઘેરા, આર્યન વીનુ વઘેરા, અરજણ વઘેરા, કેશુ વડોશ, આર્યનની માતા સુમીતા, પત્ની, એક અજાણી સ્ત્રી અને વિશાલ મકવાણા એમ કુલ ૧૦ લોકો વિરુદ્ધ પડધરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. મનોજ મકવાણા સાથે આર્યન અને લાલાને અગાઉ માથાકૂટ થઈ હતી. જેનો ખાર રાખીને જ્યારે યશ અને સાક્ષીઓ ત્યાંથી પસાર થતા હતા ત્યારે આરોપીઓએ ગાળો આપી હુમલો કર્યો હતો. ૩ આરોપીઓએ યશની પીઠ અને પગ પર છરીના ૯ ઘા ઝીંક્યા હતા, જ્યારે અન્ય આરોપીઓએ લોખંડની ટોમી, પાઇપ, લાકડી અને પથ્થરમારો કરી ગંભીર ઇજાઓ પહોંચાડી હતી.

આ ગુનામાં ધરપકડથી બચવા આરોપી લાલજી કેશુ વઘેરા, સુમીતા અરવીંદ વઘેરા અને બાલુ કેશુ વઘેરાએ સેશન્સ અદાલતમાં ૨ અલગ-અલગ આગોતરા જામીન અરજીઓ દાખલ કરી હતી. જેની સામે મૂળ ફરિયાદી યશ મકવાણા વતી એડવોકેટ સુરેશ ફળદુએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. વકીલે કોર્ટને જણાવ્યું કે આરોપીઓએ પોલીસ સાથે સાંઠગાંઠ કરી ક્રોસ ફરિયાદમાં યશને આરોપી બનાવી હોસ્પિટલમાંથી જ અટકાયત કરાવી હતી. પોલીસ કસ્ટડીમાં તેને મરણતોલ ઢોર માર મરાવ્યો અને તે મારનો લાઇવ વીડિયો મોબાઇલ મારફતે હરીફ જૂથને બતાવી ગંભીર કસ્ટોડિયલ વાયોલેશન કર્યું હોવાનો સનસનીખેજ આક્ષેપ કરાયો હતો.

બંને પક્ષોની દલીલો, રેકોર્ડ પરના પુરાવા અને તપાસ અધિકારીના સોગંદનામાને ધ્યાને લઈ સેશન્સ જજે નોંધ્યું કે ગુનાની ગંભીરતા અને પ્રથમદર્શી સંડોવણી જોતાં આરોપીઓને આગોતરા જામીન આપી શકાય નહીં. ગુનાના મૂળ સુધી પહોંચવા આરોપીઓનું કસ્ટોડિયલ ઇન્ટ્રોગેશન અત્યંત જરૂરી છે. ક્રોસ કેસમાં કોઈને જામીન મળ્યા હોય તેનો લાભ આ ગંભીર કેસના આરોપીઓને મળી શકે નહીં. આ અવલોકન સાથે કોર્ટે ત્રણેય આરોપીઓની આગોતરા જામીન અરજી ફગાવી દીધી છે.

આ કેસમાં ફરિયાદી પક્ષે એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, યુવરાજ વેકરીયા અને જસ્મીન દુધાગરા સહિતની કાનૂની ટીમ રોકાઈ હતી.

# જામનગર : 3 લાખના ચેક રિટર્ન કેસમાં 75 હજાર ચૂકવવાનો હાઈકોર્ટનો આદેશ

**સિટી ન્યૂઝ@જામનગર**

જામનગરમાં ૩ લાખ રૂપિયાના ચેક રિટર્ન કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે આરોપીને જામીન પર મુક્ત કરવા માટે ચેકની રકમના ૨૫ ટકા (૭૫,૦૦૦ રૂપિયા) નીચલી કોર્ટમાં જમા કરાવવાની શરત મૂકી હતી અને આ રકમ ફરિયાદીને વચગાળાના વળતર તરીકે ચૂકવી આપવાનો આદેશ ફરમાવ્યો છે.


કેસની વિગત મુજબ, જામનગરમાં રહેતા દીપક લક્ષ્મણ પિલ્લાઈને ઓશવાલ-૪ અંડરબ્રિજ પાસે મનધારા રેસિડેન્સીમાં રહેતા મનીષ જગદીશચંદ્ર વ્યાસ સાથે વ્યવહારિક સંબંધો હતા. મનીષને આર્થિક જરૂરિયાત હોવાથી તેણે દીપક પાસે ૩,૦૦,૦૦૦ રૂપિયાની માંગણી કરી હતી. મિત્રતાના દાવે દીપકે ૩ લાખ રૂપિયાનો ચેક આપી મદદ કરી હતી અને આ અંગે હાથ ઉછીની રકમનો કરાર પણ કરવામાં આવ્યો હતો. આ રકમ પરત કરવા માટે મનીષે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનો ચેક આપ્યો હતો, જે બેંકમાં રજૂ કરતા રિટર્ન થયો હતો.



એડવોકેટ
નિરલ વી. ઝાલા

ચેક રિટર્ન થતાં દીપકે વકીલ મારફતે નોટિસ મોકલાવી જામનગર કોર્ટમાં નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળ ફરિયાદ દાખલ કરી હતી. ટ્રાયલ કોર્ટે આરોપી મનીષ વ્યાસને તકસીરવાર ઠરાવી ૧ વર્ષની સજા, ૩ લાખ રૂપિયાનો દંડ અને વળતર ચૂકવવાનો હુકમ કર્યો હતો. વળતર ન ચૂકવે તો વધુ ૬ મહિનાની સજા ફરમાવાઈ હતી. આરોપીએ આ હુકમને સેશન્સ કોર્ટમાં પડકાર્યો હતો, પરંતુ સેશન્સ કોર્ટે પણ અપીલ નામંજૂર કરી નીચલી કોર્ટનો હુકમ કાયમ રાખ્યો હતો અને આરોપીને જેલમાં મોકલવામાં આવ્યો હતો.ત્યારબાદ આરોપી મનીષે ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરી જામીન માંગ્યા હતા. હાઈકોર્ટે ચેકની રકમના ૨૫ ટકા રકમ ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવાની શરતે તેને જામીન મુક્ત કર્યો હતો. આ રકમ જમા થયા બાદ ફરિયાદી દીપક પિલ્લાઈએ પોતાના વકીલ મારફતે રકમ ઉપાડવાની પરવાનગી માંગતા, અદાલતે ૭૫,૦૦૦ રૂપિયા વચગાળાના વળતર તરીકે ચૂકવી આપવાનો હુકમ ફરમાવ્યો છે.

આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં મુળ ફરીયાદી દિપકભાઈ લક્ષ્મણભાઈ પિલ્લાઈ તરફે અમદાવાદના યુવા ધારાશાસ્ત્રી નિરલ વી. ઝાલા (મો. ૯૮૨૪૫ ૧૬૭૧૫) તથા જિતેન્દ્ર ડી. પટેલ (મો. ૮૪૦૧૨ ૨૭૫૮૧) રોકાયેલા હતા



# રાજકોટમાં લગ્નની લાલચ આપી કૌટુંબિક દિયરે બનાવી હવસનો શિકાર

**ગર્ભ રહી જતા પેટમાં રહેલું બાળક મારુ છે કે નહિ કેમ ખબર પડે તેમ કહી તરછોડી દીધી**

» સાસરિયાના ત્રાસથી પીડાતી પરિણીતાને સહારો આપવાના બહાને પ્રેમજાળમાં ફસાવી

» પીડિતાએ બાળકીને જન્મ આપતા અંતે બી-ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં સાસરિયાના શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળેલી પરિણીતાને મદદ કરવાના બહાને કૌટુંબિક દિયરે જ હવસનો શિકાર બનાવી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. લગ્નની લાલચ આપીને અવારનવાર શારીરિક સંબંધો બાંધ્યા બાદ, ગર્ભ રહી જતા યુવકે ક્રૂરતાપૂર્વક તરછોડી દીધી હતી. હાલ પરિણીતાએ બાળકીને જન્મ આપ્યા બાદ ન્યાય માટે બી-ડિવિઝન પોલીસ મથકમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. સામા કાંઠે રહેતી મહિલાએ રેલનગર વિસ્તારમાં રહેતા કૌટુંબિક દિયર કરણ બારૈયા સામે બી-ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. લગ્નના ૧ વર્ષ બાદ સાસરિયાઓ દ્વારા નાની-નાની વાતોમાં મેણા-ટોણા મારી ત્રાસ અપાતો હતો. આ દરમિયાન પતિના મામાનો દીકરો કરણ અવારનવાર ઘરે આવતો હતો. તેણે પરિણીતાને રડતી જોઈને સાંત્વના આપી અને મદદ કરવાનો વિશ્વાસ અપાવી મોબાઈલ નંબરની આપ-લે કરી હતી. કરણે પરિણીતાને પતિને છોડી દેવા અને પોતે લગ્ન કરશે તેવી લાલચ આપી હતી. લગભગ ૯ મહિના પહેલાં મહિલા ઘરે એકલી હતી ત્યારે કરણ ઘરમાં ઘૂસી આવ્યો હતો. તેણે ઘરે વાત કરી લીધી હોવાનો વિશ્વાસ અપાવી બળજબરીથી શારીરિક સંબંધ બાંધી લીધો હતો. ત્યારબાદ તે અવારનવાર દુષ્કર્મ આચરતો હતો. પરિણીતા ગર્ભવતી થતા કરણ તેને ભગાડીને અમદાવાદ લઈ ગયો હતો, જ્યાં ઈસ્કોન ચોકડી પાસે હોટલમાં ૧ દિવસ રોકાયા હતા. અમદાવાદથી ૨ દિવસ બાદ સંબંધીઓ તેમને શોધીને પરત રાજકોટ લાવ્યા હતા. પતિએ અપનાવવાનો ઈનકાર કરતા પરિણીતા માવતરે જતી રહી હતી. જ્યારે પરિણીતાએ કરણને લગ્ન કરવાનું કહ્યું, ત્યારે તેણે ઉલટો સવાલ કર્યો કે પેટમાં રહેલું બાળક તેનું છે કે નહીં તેની શું ખાતરી? આમ કહી તેણે યુવતીને સ્વીકારવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. જ્ઞાતિના આગેવાનોના સમાધાનના પ્રયાસો પણ નિષ્ફળ ગયા હતા. આખરે ૫ દિવસ પહેલા જ પરિણીતાએ દીકરીને જન્મ આપ્યો છે. બાળકીના ભવિષ્યને ધ્યાનમાં રાખી પરિણીતાએ ફરિયાદ દાખલ કરાવતાં પીઆઈ જી. આર. ચૌહાણે ગુનો નોંધી કડક કાર્યવાહી હાથ ધરી છે.

# ભક્તિનગર સ્ટેશનમાં AC વેઈટિંગ રૂમ લિફ્ટ સામે મોર્ડન સુવિધા

## રાજકોટને મોટી ગિફ્ટ;રૂા.26.80 કરોડના ખર્ચે ભક્તિનગર બદલાયું





**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેકે આજે રાજકોટ ડિવિઝનના ભક્તિનગર રેલવે સ્ટેશન પર મીડિયા પ્રતિનિધિઓ સાથે સંવાદ કરીને 'અમૃત ભારત સ્ટેશન યોજના' અંતર્ગત તાજેતરમાં પૂર્ણ થયેલા પુનવિકાસ કાર્યોની વિગતવાર માહિતી આપી હતી. આ દરમિયાન તેમણે મીડિયા પ્રતિનિધિઓને સ્ટેશન પરિસરનું નિરીક્ષણ કરાવ્યું હતું તેમજ મુસાફરો માટે વિકસાવવામાં આવેલી આધુનિક સુવિધાઓ અને વિવિધ પેસેન્જર સુવિધાઓથી માહિતગાર કર્યા હતા. રાજકોટ શહેરની મધ્યમાં આવેલું ભક્તિનગર રેલવે સ્ટેશન સૌરાષ્ટ્ર વિસ્તારનું એક મહત્વપૂર્ણ ઔદ્યોગિક અને વ્યાપારી રેલ કેન્દ્ર છે. મુસાફરોની વધતી જતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત આ સ્ટેશનનું વ્યાપક આધુનિકીકરણ કરવામાં આવ્યું છે. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ પાછળ કુલ ૨૬.૮૦ કરોડના ખર્ચે કામગીરી કરવામાં આવી રહી છે, જેમાં સ્ટેશનના વિકાસ માટે ૧૧.૮૧ કરોડ અને ફૂટ ઓવર બ્રિજના નિર્માણ માટે ૧૪.૯૯ કરોડની રકમ સામેલ છે. દૈનિક આશરે ૪,૭૦૦ મુસાફરોની અવરજવર ધરાવતા આ સ્ટેશનના પુનવિકાસથી મુસાફરોને આધુનિક, સુરક્ષિત અને વિશ્વસ્તરીય સુવિધાઓ ઉપલબ્ધ થઈ રહી છે.આ પ્રસંગે પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેકે જણાવ્યું હતું કે, "અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત ભક્તિનગર સ્ટેશનનો પુનવિકાસ મુસાફરોને આધુનિક, સુરક્ષિત અને વિશ્વસ્તરીય પ્રવાસનો અનુભવ પુરો પાડવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. સ્ટેશન પર વિકસાવવામાં આવેલી નવી સુવિધાઓ મુસાફરોની સરળતા, સુરક્ષા અને આરામને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. આ પુનવિકાસ માત્ર રેલ મુસાફરોને જ બહેતર સુવિધાઓ પૂરી પાડશે નહીં, પરંતુ રાજકોટ અને સૌરાષ્ટ્ર ક્ષેત્રના સામાજિક અને આર્થિક વિકાસને પણ નવી ગતિ આપશે."

# રાજકોટ ST બસ સ્ટેશનમાં ગરમી વચ્ચે છાસ વિતરણ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ઉનાળાની કાળઝાળ ગરમી અને આકરા તાપમાં જ્યારે સામાન્ય માણસ એસ.ટી. બસ સ્ટેશનની બેન્ચ પર બેસીને પરસેવે રેબઝેબ થતો હોય, ત્યારે રાજકોટની જાણીતી સેવા સંસ્થા વિવેકાનંદ યુથ ક્લબ દ્વારા મુસાફરોની જઠરાગ્નિ ઠારવાનું ભગીરથ કાર્ય હાથ ધરાયું છે. જીવદયાપ્રેમી અને માનવતાવાદી જૈન સમાજના મીનાબેન વીરેન્દ્રભાઈ દોશીના મુખ્ય આર્થિક સહયોગથી, સ્વ. વીરેન્દ્રભાઈ દોશીના સ્મરણાર્થે દર રવિવારે આયોજિત થતા આ છાસ વિતરણ સેવા યજ્ઞનો સતત ૧૧મો રવિવાર પણ ધામધૂમથી સંપન્ન થયો હતો. આ રવિવારે એસ.બી.આઈ.



પેન્શનર્સ એસોસિએશનના અગ્રણી શરદભાઈ દવેના હસ્તે આ ઠંડા ઓપરેશનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો, જેમાં એસ.ટી. બસના આશરે ૧૮૦૦થી વધુ મુસાફરોએ આ અમૃતરૂપી મસાલા છાસ પીને ટાઢક અનુભવી હતી. આજના જમાનામાં જ્યાં લોકો નજીવી બાબતોમાં પણ ક્રેડિટ લેવા દોડતા હોય છે, ત્યાં વિવેકાનંદ યુથ ક્લબની આખી સેના કાળઝાળ ગરમીમાં પરસેવો પાડીને બસમાં બેઠેલા મુસાફરોને ગોતી-ગોતીને પૌષ્ટિક છાસ પીવડાવી રહી છે. જો કોઈ ભક્ત કે નાગરિકને આ સેવામાં થોડો વધુ રસ જાગે અથવા પૂછપરછ કરવાની ઈચ્છા થાય તો તેમણે સંસ્થાના અનુપમ દોશી (મો. ૯૪૨૮૨૩૩૭૯૬) નો સંપર્ક સાધવા જણાવાયું છે.

# કૈલાશધામ મંડળ દ્વારા રવિવારે વિનામુલ્યે નોટબુક વિતરણ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

દર વર્ષની જેમ આ વર્ષે પણ કૈલાશધામ મંડળ દ્વારા તા. ૦૭-૦૬-૨૦૨૬ ને રવિવારે સવારે ૮:૩૦ થી ૧૧:૩૦ દરમિયાન ધોરણ ૨ થી ૧૧ સુધીના જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને વિનામુલ્યે નોટબુક વિતરણ કરવામાં આવશે. અંદાજીત ૩૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ આ સેવાનો લાભ લઇ શકશે. જેના માટેના પાસ તા.૦૫-૦૬-૨૦૨૬ ને શુક્રવારે સાંજે ૫:૩૦ થી ૬ દરમિયાન "કૈલાશધામ", ભક્તિનગર સર્કલ, ૩/૧૨ ગાયત્રીનગર, રાજકોટ ખાતેથી મેળવી લેવાના રહેશે તેમ સંસ્થાના વ્યવસ્થાપક અશોકભાઈ ચંદારાણા અને તરૂલતાબેન ચંદારાણાની યાદીમાં જણાવાયુ છે. વધુ વિગત માટે મો.નં. ૯૮૨૪૫૩૦૧૨૩ ઉપર સંપર્ક કરવો.



## ક્ષત્રિય કરણી સેના અને રાજપૂત સમાજ દ્વારા મેયર સહિતના પદાધિકારીઓનું સન્માન

સિટી ન્યૂઝ@રાજકોટ

આજરોજ ક્ષત્રિય કરણી સેના તથા ક્ષત્રિય રાજપૂત સમાજ દ્વારા રાજકોટના પદાધિકારીઓનો એક ભવ્ય સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સમાજના આગેવાનો અને ભાઈઓ દ્વારા મેયર નેહલભાઈ શુક્લ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશભાઈ પીપળીયા, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, શાસક પક્ષના નેતા ડૉ. હિરેનભાઈ ખીમાણીયા તેમજ દંડક સંજયસિંહ રાણાનું વિશેષ અભિવાદન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત તમામ મહાનુભાવોને મોમેન્ટો આપી, ખેસ પહેરાવી અને પુષ્પહાર અર્પણ કરીને ઉષ્માભેર સન્માનિત કરાયા હતા. આ સન્માન કાર્યક્રમમાં ક્ષત્રિય સમાજના અગ્રણીઓ ધીરુભા ડોડીયા, કિશોરસિંહ રાઠોડ, રમેશસિંહ ચૌહાણ, ચંદુભા પરમાર, અશોકસિંહ પરમાર, કૌશિકસિંહ ચાવડા, મૌલિકસિંહ વાઢેર, અજિતસિંહ પરમાર, ભાવસિંહ રાજપૂત, હરુભા પરમાર, ભૂપતસિંહ જાદવ, હિતુભા ડોડીયા અને સંદીપસિંહ ડોડીયા સહિત મોટી સંખ્યામાં સમાજના આગેવાનોએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



## પ્રદેશ ભાજપ અગ્રણી ચેતનભાઈ રામાણીએ મનપાના નવનિયુક્ત હોદ્દેદારોને પાઠવી શુભેચ્છા

સિટી ન્યૂઝ@રાજકોટ

પ્રદેશ ભાજપ અગ્રણી ચેતનભાઈ રામાણીએ રાજકોટ મનપાના નવનિયુક્ત મેયર સહિતના હોદ્દેદારોની રૂબરૂ મુલાકાત લઈ તેમને આગામી સફળ કાર્યકાળ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

આ મુલાકાતમાં કરણસિંહજી બાલાજી હનુમાનજી મંદિરના મહંત પૂ. વિવેકસાગરદાસજી સ્વામી, પૂ. મુનિવત્સલદાસજી સ્વામી અને અગ્રણી રાજુભાઈ ધારૈયા ઉપસ્થિત રહ્યા હતા. ચેતનભાઈ તથા સંતોએ મેયર ડૉ. નેહલભાઈ શુક્લ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ ચેરમેન પરેશભાઈ પીપળીયા, શાસક પક્ષના નેતા ડૉ. હિરેનભાઈ ખીમાણીયા અને દંડક સંજયસિંહ રાણાને પુષ્પગુચ્છ અર્પણ કરી આશીર્વાદ પાઠવ્યા હતા.

આ તકે ચેતનભાઈએ નવી ટીમ સાથે નાગરિક સુવિધાઓ, સ્વચ્છતા, ડ્રેનેજ વ્યવસ્થા, ટ્રાફિક નિવારણ અને હરિયાળા રાજકોટના નિર્માણ અંગે ચર્ચા કરી હતી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, "રાજકોટના સુવ્યવસ્થિત વિકાસમાં મનપાની ભૂમિકા મહત્વની છે. મને પૂરો વિશ્વાસ છે કે નવી ટીમ પોતાના સમર્પણથી શહેરના વિકાસને વધુ વેગ આપી નાગરિકોની અપેક્ષાઓ પૂર્ણ કરશે." અંતમાં, મેયર ડૉ. શુક્લ અને અન્ય પદાધિકારીઓએ આભાર વ્યક્ત કરી ખાતરી આપી હતી કે સૌના માર્ગદર્શનથી રાજકોટને વધુ સ્વચ્છ, સુંદર અને પ્રગતિશીલ બનાવવાના પ્રયાસો તેજ કરવામાં આવશે.

## રાજકોટના નવનિયુક્ત મેયર ડૉ. નેહલ શુક્લને કોંગ્રેસ નેતા ડૉ. મહેશ રાજપુતની શુભેચ્છાઃ રાજકીય મતભેદો ભૂલી સંબંધો જાળવ્યા

સિટી ન્યૂઝ@રાજકોટ



રાજકોટ મનપાના નવનિયુક્ત મેયર ડૉ. નેહલ શુક્લને પ્રદેશ કોંગ્રેસના ઓબીસી ચેરમેન ડૉ. મહેશ રાજપુતે પુષ્પગુચ્છ અર્પણ કરી શુભેચ્છાઓ પાઠવી હતી. રાજકીય વિચારધારાઓથી પર રહીને, ડૉ. રાજપુત અને શુક્લ પરિવાર વચ્ચેના વર્ષો જૂના આત્મીય સંબંધો આ મુલાકાતમાં જોવા મળ્યા, જે તંદુરસ્ત રાજકીય સંસ્કૃતિનું ઉત્તમ ઉદાહરણ છે. ડૉ. રાજપુતે આશા વ્યક્ત કરી કે મેયરશ્રીના નેતૃત્વમાં શહેર વિકાસના નવા શિખરો સર કરશે. તેમણે જણાવ્યું કે, "રાજકારણ પોતાની જગ્યાએ છે, પરંતુ શુક્લ પરિવાર સાથેનો અમારો પારિવારિક નાતો સર્વોપરી છે." મેયર ડૉ. શુક્લે આભાર વ્યક્ત કર્યો હતો. આ તકે કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર ઘનશ્યામસિંહ જાડેજા, પ્રદેશ એસ.સી. ડિપાર્ટમેન્ટના વાઇસ ચેરમેન નરેશભાઈ સાગઠીયા, વોર્ડ પ્રમુખ રવિરાજસિંહ ડોડિયા અને જિલ્લા એસ.સી. વિભાગના પૂર્વ ચેરમેન કિશોરભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.

# વિશ્વ પર્યાવરણ દિવસે 5000 રોપાનું વિનામૂલ્યે વિતરણ

## કટારિયા ચોક પાસે સેરેનિટી ગાર્ડન ગેટે 5 જૂને યોજાશે રોપા વિતરણ

### ફળ, ફૂલ, ઔષધીય અને છાંયડાવાળા 24 વિવિધ પ્રકારના વૃક્ષોના રોપા અપાશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

આગામી ૫ જૂને ઉજવાનારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે રાજકોટવાસીઓ માટે એક વિશેષ અને પ્રશંસનીય આયોજન કરવામાં આવ્યું છે. પર્યાવરણના જતન અને જાગૃતિના ઉમદા હેતુથી શહેરમાં એકસાથે ૫૦૦૦ જેટલા ફળ, ફૂલ અને છાંયડાવાળા રોપાઓનું તદ્દન વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે. પર્યાવરણનું રક્ષણ કરવું એ આપણા સૌની જવાબદારી છે, તેવા સંદેશ સાથે આ કાર્યક્રમનું આયોજન કરાયું છે.

વિતરણ માટે ૨૪ થી વધુ વિવિધ પ્રજાતિના રોપાઓ તૈયાર રાખવામાં આવ્યા છે. જેમાં તુલસી, લીમડો, પારસ પીપળો, બિલીપત્ર, ખાટી આંબલી, ગોરસ આંબલી, જામફળ, સીતાફળ, મીઠો લીમડો, દાડમ, પીળી કરેણ, પીલ્લું, રાવણા, બદામ, પારિજાત, ટેકોમો, પેલ્ટા, મોગરો, જાસુદ, બોગનવેલ, નગોળ (ઔષધીય વૃક્ષ), લીંબુ, ગ્લેરેસીડીયા અને રક્ત ગુંજન જેવા રોપાઓનો સમાવેશ થાય છે. આ વિવિધતાને કારણે નાગરિકો પોતાની પસંદગી અને જરૂરિયાત મુજબના રોપા મેળવી શકશે.

આ નિશુલ્ક રોપા વિતરણ કાર્યક્રમ ૫ જૂન ૨૦૨૬ ના રોજ સવારે ૮ વાગ્યાથી સાંજના ૭ વાગ્યા સુધી સળંગ ચાલશે. રોપા મેળવવા ઈચ્છતા નાગરિકોએ કટારિયા ચોક પાસે, કોસ્મોપ્લેક્સ સિનેમાની બાજુમાં જતા ડાઈવર્ઝન પર આવેલા 'સેરેનિટી ગાર્ડન' ના ગેટ પર પહોંચવાનું રહેશે.

વરસાદ ખેંચી લાવવા અને શુદ્ધ ઓક્સિજન પૂરું પાડવા ઋષિ સમાન વૃક્ષોનું વાવેતર અત્યંત જરૂરી છે. આયોજકો દ્વારા તમામ રાજકોટવાસીઓને અપીલ કરવામાં આવી છે કે તેઓ આ ૫૦૦૦ રોપાઓના વિનામૂલ્યે વિતરણનો મહત્તમ લાભ લે અને પર્યાવરણ રક્ષણના આ ભગીરથ કાર્યમાં સહભાગી બને.

# રાજકોટમાં 25 જૂનથી ઓપન ફૂટબોલ ટૂર્નામેન્ટ

» ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશન દ્વારા U-૧૪ અને U-૧૭ કેટેગરીમાં રમાશે ટૂર્નામેન્ટ

» ૨૫ થી ૨૯ જૂન સુધી ચાલનાર ટૂર્નામેન્ટમાંથી રાજકોટ ડિસ્ટ્રિક્ટ ટીમની પસંદગી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

યુવા ખેલાડીઓને નવું પ્લેટફોર્મ પૂરું પાડવા ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશન દ્વારા ભવ્ય ટૂર્નામેન્ટનું આયોજન કરાયું છે. RCC બેંક પ્રાયોજિત અને સ્વ. જયંતિલાલ કુંડલિયાની સ્મૃતિમાં ૫ મી 'ઓપન રાજકોટ ફૂટબોલ ટૂર્નામેન્ટ' ૨૫ થી ૨૯ જૂન ૨૦૨૬ દરમિયાન રમાશે.

U-૧૪ અને U-૧૭ વયજૂથ માટે આયોજિત આ ટૂર્નામેન્ટમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ખેલાડીઓમાંથી 'રાજકોટ ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ ટીમ' ની પસંદગી કરવામાં આવશે. આ સ્થાનિક યુવા ખેલાડીઓ માટે પોતાની કારકિર્દી ઘડવાની સુવર્ણ તક છે. U-૧૪ કેટેગરી માટે ખેલાડીનો જન્મ ૦૧-૦૧-૨૦13 થી ૩૧-૧૨-૨૦૧૪ વચ્ચે, જ્યારે U-૧૭ માટે ૦૧-૦૧-૨૦૧૧ થી ૩૧-૧૨-૨૦૧૨ વચ્ચે થયેલો હોવો અનિવાર્ય છે. ઈચ્છુક ખેલાડીઓએ ૨૦ જૂન ૨૦૨૬ સુધીમાં એન્ટ્રી નોંધાવવાની રહેશે. રજીસ્ટ્રેશન માટે રોહિત બુંદેલા (મો. ૯૪૦૯૩ ૦૩૪૯૪) અથવા અમૃતલાલ બહુરાશી (મો. ૯૮૨૫૦ ૫૭૧૦૨) નો સંપર્ક કરી શકાશે. સ્થાનિક કક્ષાએ ફૂટબોલને જીવંત રાખવા અને ટૂર્નામેન્ટને સફળ બનાવવા ગુણુ ડેલાવાળા, પુરુષોત્તમ પીપળીયા અને બી. કે. જાડેજાના માર્ગદર્શન હેઠળ ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશનના હોદ્દેદારો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અધ્યાપકોના પગાર રક્ષણ મુદ્દે મુખ્યમંત્રીને રજૂઆત

» નિવૃત્ત થતા અધ્યાપકોને સમાનતાના ધોરણે પગાર રક્ષણ અને રજાઓનો લાભ આપવા માંગ



**સિટી ન્યૂઝ@રાજકોટ**

સૌરાષ્ટ્ર વિદ્યાર્થી ઉત્કર્ષ સમાજના સ્થાપક ટ્રસ્ટી યશવંત જનાણીએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખીને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નિવૃત્તિના લાભથી વંચિત રહેલા અધ્યાપકોની વ્યથાને વાચા આપી છે. પત્રમાં નિવૃત્ત થનાર પ્રાધ્યાપકોના પગાર રક્ષણ અને રજાઓના લાભ અંગે સમાનતાના ધોરણે ત્વરિત નિર્ણય લેવા ઉગ્ર રજૂઆત કરાઈ છે.

UGC ના પગાર ધોરણમાં સેવારત પ્રાધ્યાપકો કોલેજોમાં વર્ષોની સેવા બાદ કોઈપણ યુનિવર્સિટીમાં જોડાય તો તેમની સેવા સળંગ ગણવાની અને પગાર રક્ષણ સહિત રજાઓનો લાભ આપવાની જોગવાઈ દાયકાઓથી અમલમાં છે. પરંતુ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં નિવૃત્ત થનારા કેટલાક અધ્યાપકોની સેવા સળંગ ગણાઈ હોવા છતાં, પગાર રક્ષણ અને રજાઓનો લાભ અપાયો નથી. ગુજરાત સિવાય દેશના અન્ય રાજ્યોમાં આ લાભ અપાય છે, ત્યારે ગુજરાત મોડેલ સ્ટેટ હોવા છતાં આવી વિસંગતતા તાકીદે દૂર થવી જોઈએ.

બંધારણમાં તમામ નાગરિકોને સમાનતાનો અધિકાર અપાયો છે. છતાં કેટલાક વગદાર અધ્યાપકોને પાછલા દરવાજે પગાર રક્ષણ આપી દેવામાં આવ્યું હોવાનો ગંભીર આક્ષેપ કરાયો છે. ભાજપ સાથે જોડાયેલા લોકોએ પણ આ અંગે ફરિયાદો કરી છે, જે ઉચ્ચ શિક્ષણ વિભાગના રેકોર્ડ પર મોજૂદ છે. નિયમ મુજબ તમામ અધ્યાપકોને સમાન ધોરણે નિવૃત્તિના લાભો મળવા જોઈએ.પેન્શન એ કર્મચારીઓનો મૂળભૂત હક્ક છે. દાયકાઓ સુધી બ્રેક વગર ફરજ બજાવનાર કર્મચારીઓને આ હક્કથી વંચિત રાખી શકાય નહીં. સુપ્રીમ કોર્ટના ચુકાદાઓને ધ્યાનમાં લઈ અધ્યાપકોએ નિવૃત્તિ સમયે પેન્શન માટે કોર્ટમાં જવું પડે તે ઉચિત નથી. આ ગંભીર રજૂઆતને ધ્યાને લઈ હકારાત્મક નિર્ણય લેવા અને અન્યાયકારી પરિપત્ર તાકીદે રદ કરવા માંગ કરાઈ છે. આ પત્રની નકલ શિક્ષણ વિભાગ, નાણા વિભાગ અને ઉચ્ચ શિક્ષણ કમિશનરને પણ મોકલાઈ છે.






# સોમેશ્વર મંદિરે ભક્તિભાવથી ઉજવાઈ રહ્યો છે અધિકમાસ

» ગોપી મંડળ દ્વારા કૃષ્ણ ભક્તિ સાથે ગોવર્ધન પર્વતની પ્રતીકાત્મક પરિક્રમા યોજાઈ

સિટી ન્યૂઝ@રાજકોટ

વિતરાગ-નેમિનાથ સોસાયટી ખાતે આવેલા સોમેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં પવિત્ર પુરુષોત્તમ માસ (અધિકમાસ) નિમિત્તે ભક્તિનો અનોખો માહોલ જામ્યો છે. રોજબરોજની ભાગદોડ, ટ્રાફિક અને સોશિયલ મીડિયાની વ્યસ્તતા છોડીને ભક્તો મંદિરમાં પરમ શાંતિનો અનુભવ કરી રહ્યા છે. મંદિર કમિટીના જણાવ્યા મુજબ, મનુષ્યમાં કરુણા અને સેવા જેવા સદગુણો જાગે તેવા હેતુથી પૂજારી દંપતી અને ગોપી મંડળ દ્વારા ગોરમા તથા પુરુષોત્તમરાયજીનું શ્રદ્ધાપૂર્વક પૂજન કરવામાં આવી રહ્યું છે.

આ આધ્યાત્મિક મહોત્સવમાં પ્રકૃતિના સાનિધ્યનો લહાવો લેવા માટે વનભોજન અને ત્રિવેણી સંગમ સ્નાનનો મહિમા ગાવામાં આવી રહ્યો છે. શહેરી કોંક્રિટના જંગલો વચ્ચે કંટાળેલા મનને શાંતિ આપવા માટે મંદિરમાં જ 'ખેતર ખેડવાનું' પ્રતીકાત્મક પૂજન પણ ગોઠવવામાં આવ્યું છે. જેનો મુખ્ય હેતુ કૃષિથી અજાણ શહેરીજનોના જીવનમાં સારા સંસ્કારોના બીજ રોપવાનો અને આધ્યાત્મિકતા તેમજ કૃષિ સંસ્કૃતિનો સમન્વય સાધવાનો છે.

ભગવાન કૃષ્ણે ઇન્દ્રનો અહંકાર તોડવા માટે ગોવર્ધન પર્વત ઉઠાવ્યો હતો, તેની યાદમાં ગોપીઓ દ્વારા મંદિરમાં ગિરિરાજ પરિક્રમાનું પ્રતીકાત્મક પૂજન કરવામાં આવી રહ્યું છે. 'રાધે-રાધે' અને 'કૃષ્ણ શરણં મમ' ના જાપ સાથે પ્રદક્ષિણા કરી રહેલી ગોપીઓ અતૂટ શ્રદ્ધા વ્યક્ત કરી રહી છે. વર્ષના ૧૧ મહિનાની દોડધામ વચ્ચે અધિકમાસમાં આયોજિત આ ભક્તિમય કાર્યક્રમ સ્થાનિક રહીશો માટે આકર્ષણ અને શાંતિનું કેન્દ્ર બન્યો છે.



પ્રમુખ શ્રી જયંતિભાઇ ટીલવા | ઉપપ્રમુખ શ્રી જીતેન્દ્રભાઇ મહેતા | માનદ મંત્રી શ્રી અશ્વિનભાઇ પટેલ | સહમંત્રી શ્રી મુકેશભાઇ વડગામા | ટ્રેઝરર શ્રી પ્રકાશભાઇ કોરડીયા

# સહજાનંદ વિલેજ ખાતે રાજકોટ મશીનરી ડીલર્સ એસોસિએશનનું ૩ જૂને સ્નેહમિલન

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ મશીનરી ડીલર્સ એસોસિએશન દ્વારા આગામી ૩ જૂન ૨૦૨૬ ના રોજ ભવ્ય ગેટ-ટુ-ગેધર અને સ્નેહમિલન જમણવારનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમ મવડી-કણકોટ રોડ સ્થિત સહજાનંદ વિલેજ ખાતે રાત્રે ૮ વાગ્યે યોજાશે.

આ વખતે આધુનિક વાતાવરણમાં કેરીના રસ સાથે વિશેષ જમણવાર ગોઠવાયો છે. કાર્યક્રમમાં મીટિંગ કે પ્રવચન જેવી કોઈ ઔપચારિકતા રહેશે નહીં. વેપારીઓ પોતાના પરિવાર સાથે હળવા મૂડમાં મળીને બિઝનેસની જાણકારી અને વિચારોની આપ-લે કરી શકે તે જ આ કાર્યક્રમનો મુખ્ય હેતુ છે.

આ ભોજન સમારંભમાં સભ્ય પેઢીના ૨ પ્રતિનિધિઓ હાજર રહી શકશે, જેના માટે રજીસ્ટ્રેશન કરી પાસ મેળવવો ફરજિયાત છે. વધારાના સભ્યો માટે નિયત ચાર્જ ચૂકવી અગાઉથી ગેસ્ટ પાસ મેળવી શકાશે.

પાસ માટે મંત્રી અશ્વિન પટેલ (ગરેડિયા કુવા રોડ) અથવા પ્રમુખ જયંતી ટીલવા (૬ રજપૂતપરા) નો સંપર્ક કરવો. નવા સભ્યો ૫૦૦ વાર્ષિક અને ૧૫૦૦ રૂપિયા ત્રિવાર્ષિક ફી ભરી મોબાઈલ ૯૮૨૫૧૯૫૯૫૫ પર સંપર્ક કરી જોડાઈ શકે છે

# શિવકથાકાર માધુરી ગોસ્વામીએ કથા ક્ષેત્રે બનાવ્યો નવો વર્લ્ડ રેકોર્ડ

» બાળકોની પોકેટમનીથી યોજાયેલી બાળ ભાગવત કથાને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા
» ઈન્ટરનેશનલ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ અને ઇન્ડિયા સ્ટાર રેકોર્ડમાં સ્થાન
» કથા ક્ષેત્રે વર્લ્ડ રેકોર્ડ બનાવનાર માધુરી ગોસ્વામી ભારતના પ્રથમ કથાકાર



સિટી ન્યૂઝ@રાજકોટ

પોરબંદરના શિવકથાકાર માધુરી ગોસ્વામીએ સનાતન ધર્મના રક્ષણ અને રાષ્ટ્ર નિર્માણ ક્ષેત્રે નવો ઇતિહાસ રચ્યો છે. તેમણે કથાના ક્ષેત્રમાં ૨ નવા વર્લ્ડ રેકોર્ડ બનાવીને પોરબંદર અને સમગ્ર ગુજરાતનું ગૌરવ વૈશ્વિક સ્તરે વધાર્યું છે. ઇન્ટરનેશનલ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ અને ઇન્ડિયા સ્ટાર વર્લ્ડ રેકોર્ડ દ્વારા તેમની આ સિદ્ધિને સત્તાવાર માન્યતા આપવામાં આવી છે.

સ્વસ્તિક ગ્રુપ પોરબંદર પરિવાર દ્વારા તાજેતરમાં એક અનોખી અને ઐતિહાસિક 'શ્રીમદ્ બાળ ભાગવત કથા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કથાનો મુખ્ય હેતુ બાળકોમાં સનાતન ધર્મની સાચી ઓળખ કેળવવાનો, સંસ્કારોનું સિંચન કરવાનો અને રાષ્ટ્ર નિર્માણમાં સહભાગી બનાવવાનો હતો. આ કથાની સૌથી મોટી વિશેષતા એ હતી કે, તેમાં બહોળી સંખ્યામાં બાળકોએ પોતાની પોકેટમની એકઠી કરીને જાતે જ મુખ્ય યજમાન તરીકે કથાનું આયોજન કરી કથા શ્રવણ કરી હતી. આખા વિશ્વમાં અગાઉ ક્યાંય પણ બાળકો દ્વારા પોકેટમનીથી કથાનું આવું આયોજન કરવામાં આવ્યું ન હતું. આ અનોખા આયોજનની નોંધ આંતરરાષ્ટ્રીય સ્તરે લેવામાં આવી હતી. ઇન્ટરનેશનલ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ અને ઇન્ડિયા સ્ટાર વર્લ્ડ રેકોર્ડની ટીમે આ કથાનું સુપરવિઝન કરી તેને ૧ વિશેષ વિશ્વ રેકોર્ડ તરીકે જાહેર કર્યો હતો.

આ અદભુત આયોજન અને ધર્મ ક્ષેત્રે ૧ નવો વિશ્વ રેકોર્ડ સ્થાપવા બદલ સંસ્થાઓ તરફથી માધુરી ગોસ્વામીને વર્લ્ડ રેકોર્ડ માટેનું સર્ટિફિકેટ અને મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યા છે. ધર્મ અને કથાના ક્ષેત્રમાં આ સન્માન મેળવનાર માધુરી ગોસ્વામી ભારતના પ્રથમ કથાકાર બન્યા છે. તેમની આ ઐતિહાસિક સિદ્ધિથી સમગ્ર દેશમાં પોરબંદર અને ગુજરાતનું નામ ઉજ્જવળ થયું છે.

# પરશુ બ્રહ્મ યુવા દ્વારા રાત્રિપ્રકાશ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન




» સૌરાષ્ટ્રભરમાંથી બ્રહ્મ સમાજની 11 ટીમો ગ્રીન ફિલ્ડ ગ્રાઉન્ડમાં ટકરાશે

» નીતિન ભારદ્વાજ અને માધવ દવેના હસ્તે ૩ દિવસીય ટુર્નામેન્ટનો પ્રારંભ

સિટી ન્યૂઝ@રાજકોટ

પરશુ બ્રહ્મ યુવા ગ્રુપ દ્વારા બ્રહ્મ સમાજના યુવાનોના ઉત્થાન અને સંગઠન માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ જ શ્રુંખલામાં સૌરાષ્ટ્રના ભૂદેવ યુવાનો માટે ૩ દિવસીય રાત્રિપ્રકાશ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જામનગર રોડ પર આવેલા ગ્રીન ફિલ્ડ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે વૈદિક મંત્રોચ્ચાર અને 'જય જય પરશુરામ' ના નારા સાથે આ ટુર્નામેન્ટનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો.

પરશુ બ્રહ્મ યુવા ગ્રુપના પ્રમુખ એડવોકેટ મોનીશ જોષીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્રભરમાંથી દેવલી ઈલેવન, બ્રહ્મ સેના, બાલાજી ઈલેવન, સોમનાથ, શિવમ ટાઈટન્સ, યજુર્વેદી, મહાકાલ, શિવ શક્તિ, એડવોકેટ ઈલેવન, મહાદેવ અને રુદ્ર સહિતની ૧૧ ટીમોના બ્રહ્મ યુવા ક્રિકેટરો ભાગ લઈ રહ્યા છે. લીલાછમ ગ્રાઉન્ડમાં રમાનારી આ લીગ મેચોમાં વિજેતા ટીમને ટ્રોફી તેમજ રોકડ પુરસ્કાર અને શીલ્ડ એનાયત કરવામાં આવશે.

ટુર્નામેન્ટના ઉદ્દઘાટન પ્રસંગે પ્રદેશ ભાજપ અગ્રણી નીતિન ભારદ્વાજ અને રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડૉ. માધવ દવેએ ખાસ ઉપસ્થિત રહી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આવા આયોજનોના માધ્યમથી બ્રહ્મ સમાજના યુવાનોને એક તાંતણે બાંધવાનું ભગીરથ કાર્ય થઈ રહ્યું છે. રમતગમત ક્ષેત્રે આગળ વધવાથી યુવાનો સશક્ત બનશે, સંગઠન મજબૂત થશે અને રાષ્ટ્રભાવના પ્રબળ બનશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૨૦૪૭ ના વિકસિત અને આત્મનિર્ભર ભારતના સંકલ્પમાં પણ આ યુવાનો પોતાની સ્કિલથી સહભાગી બનશે.

ઉદ્દઘાટન સમારોહમાં તેજસ ત્રિવેદી, પી. સી. વ્યાસ, હરેશ જોષી, રાજુ જોષી (ગુરુ), રાજુ ત્રિવેદી, જયેન્દ્ર ગોંડલીયા, તેજસ તન્ના અને વિશાલ અહ્યા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ ક્રિકેટ ટુર્નામેન્ટને સફળ બનાવવા પ્રોજેક્ટ ઈન્ચાર્જ ધનજય દવે, નૈમિષ વ્યાસ, કશ્યપ ભટ્ટ, સમીર જોષી, તપન જોષી, મેહુલ જોષી, પાર્થ જોષી, ચિંતન વ્યાસ, ઉમંગ ભટ્ટ, રાજા ભટ્ટ, વિમલ દવે, પ્રતીક બલભદ્ર, આશિષ મેહતા અને દીપ વ્યાસ સહિતના સભ્યો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરીમાં ચોમાસા પૂર્વે ફ્લડ કંટ્રોલરૂમ શરૂ

## ૩ શિફ્ટમાં ક્લાસ ૩ ના ૩ કર્મચારીઓ ફરજ બજાવશે, દર ૨ કલાકે ડેટા મોકલાશે

## વિકટ પરિસ્થિતિમાં રાહત અને બચાવ કાર્ય માટે રાજકોટમાં NDRF ની ટીમ તૈનાત કરાશે

સિટી ન્યૂઝ@રાજકોટ

ચોમાસાની ઋતુમાં સર્જાતી સંભવિત આફતોને પહોંચી વળવા અને આગોતરા આયોજનના ભાગરૂપે રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ૧ જૂનથી ફ્લડ કંટ્રોલ રૂમ શરૂ કરી દેવામાં આવ્યો છે. આપત્તિ સમયે લોકો અને પશુઓની જાનહાનિ અટકાવવા માટે આ કંટ્રોલ રૂમ આગામી ૩૦ નવેમ્બર સુધી ૨૪ કલાક સતત ધમધમતો રહેશે. ફ્લડ કંટ્રોલ રૂમમાં રાઉન્ડ ધ ક્લોક કામગીરી માટે ૩ શિફ્ટમાં ક્લાસ ૩ ના ૩ કર્મચારીઓની ફાળવણી કરવામાં આવી છે. આ કર્મચારીઓ સવારે ૭ થી બપોરે ૨, બપોરે ૨ થી રાત્રે ૧૦ અને રાત્રે ૧૦ થી સવારે ૭ વાગ્યા સુધી સતત ફરજ બજાવશે. મુશ્કેલીના સમયે નાગરિકો તંત્રનો સીધો સંપર્ક કરી શકે તે માટે ૦૨૮૧-૨૪૭૧૫૭૩ હેલ્પલાઈન નંબર પણ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યો છે. હાલ ભલે વરસાદ શરૂ ન થયો હોય, પરંતુ વરસાદ શરૂ થતાની સાથે જ કંટ્રોલ રૂમ એક્શન મોડમાં આવી જશે. રાજકોટ શહેર અને અન્ય ૧૦ તાલુકાઓમાં પડતા વરસાદની સચોટ માહિતી કર્મચારીઓ દ્વારા એકત્રિત કરવામાં આવશે. દર ૨ કલાકે વરસાદના આંકડા અને પરિસ્થિતિનો ચિતાર ગાંધીનગર સ્થિત વડી કચેરી ખાતે મોકલવામાં આવશે. ભારે વરસાદના કારણે જો કોઈ જગ્યાએ વધુ પાણી ભરાઈ ગયું હોય કે પૂર જેવી વિકટ પરિસ્થિતિ નિર્માણ પામી હોય, તો તેની ત્વરિત જાણ ગાંધીનગર ડિઝાસ્ટર વિભાગને કરવામાં આવશે. ચોમાસા દરમિયાન સ્થાનિક તંત્રને મદદરૂપ થવા અને રાહત-બચાવ કાર્ય ઝડપી બનાવવા માટે રાજકોટ ખાતે જરૂરિયાત મુજબ NDRF ની ટીમ પણ ખાસ તૈનાત કરવામાં આવશે.

# પીપરડી ગામે બંધ મકાનના તાળા તોડી દોઢ લાખની ચોરી

સિટી ન્યૂઝ@રાજકોટ

મજૂરી કામ કરતા ફરિયાદી પ્રવિણભાઈ બાબુભાઈ મકવાણા રાત્રે પરિવાર સાથે અગાસી પર સૂવા ગયા હતા. તે દરમિયાન રાત્રિના સાડા બારથી વહેલી સવારના સાડા ચાર વાગ્યાની વચ્ચે અજાણ્યા ચોર ઈસમોએ મોડી રાત્રે ઘરમાં ઘુસી તાળું તોડી ચોરીને અંજામ આપ્યો હતો લોધીકા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.ફરિયાદમાં જણાવ્યું હતું કે તસ્કરોએ ઘરના મુખ્ય દરવાજાનું તાળું તોડી બેડરૂમમાં રાખેલા કબાટને નિશાન બનાવ્યું હતું. કબાટમાં રાખેલી તિજોરીમાંથી પરિવારની બચતના રોકડા ૮૫૦૦ અને લગ્ન વખતના સોના-ચાંદીના દાગીના ૧,૪૧,૭૦૦ મળી કુલ ૧,૫૦,૨૦૦ની ચોરી થઇ હતી વહેલી સવારે ફરિયાદીએ જાગીને જોતા ચોરીની ઘટના પ્રકાશમાં આવી હતી.





# રાજકોટના 12 ઝોનમાં બાગેશ્વર ધામની કળશ યાત્રાઓ નીકળશે

## સનાતન સેતુ હનુમંત કથા પૂર્વે જૂને સાંજે 6 વાગ્યે પદયાત્રા સ્વરૂપે નીકળશે કળશ યાત્રા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સૌરાષ્ટ્ર સનાતન સમિતિ દ્વારા ૫ થી ૭ જૂન દરમિયાન રેસકોર્સ મેદાન ખાતે બાબા બાગેશ્વર ધામના ધીરેન્દ્રકૃષ્ણ શાસ્ત્રીના મુખેથી ભવ્ય 'હનુમંત કથા' નું આયોજન કરાયું છે. કથાની પૂર્વતૈયારીના ભાગરૂપે સનાતન ધર્મનો સંદેશ ગામે-ગામ પહોંચાડવા ૪ જૂને સાંજે ૬ વાગ્યે શહેરના ૧૨ અલગ-અલગ ઝોનમાં ભવ્ય કળશ યાત્રા અને પદયાત્રા નીકળશે.

મુખ્ય આયોજક કિશોર ખંભાયતા અને વિક્રમસિંહ પરમારે જણાવ્યું હતું કે, બાગેશ્વર ધામ (મધ્યપ્રદેશ) ખાતે હનુમંત



પૂજનથી પવિત્ર કરાયેલા ૧૧ અક્ષત કળશો ખાસ રાજકોટ લવાયા છે. પૂજ્ય ભક્તિ પ્રકાશ સ્વામી (ખીરસરા) ના હસ્તે આ કળશોનું ઝોનવાઇઝ વિતરણ કરાયું છે. ટ્રાફિક ન સર્જાય અને પેટ્રોલ-ડીઝલ બચે તે હેતુથી એક મોટી કળશ યાત્રા કાઢવાના બદલે વિવિધ ઝોનમાં પદયાત્રાનું આયોજન કરાયું છે.

૪ જૂને સાંજે સ્પીડવેલ પાર્ટી પ્લોટ, મવડી ચોકડી, રૈયા રોડ, કાલાવડ રોડ, સાધુ વાસવાણી રોડ, પોપટપરા, ગુંદાવાડી, રેલનગર, રણછોડનગર, કોઠારીયા ગામ, સોરઠિયા વાડી અને ભાવનગર રોડ સહિતના ૧૨ ઝોનમાંથી સ્થાનિક આગેવાનોની આગેવાનીમાં આ યાત્રાઓ પ્રસ્થાન કરશે.

કળશ યાત્રામાં મોટી સંખ્યામાં મહિલાઓ અને યુવાનો પરંપરાગત વેશભૂષામાં ભાગ લેશે. ભજન-કીર્તન, ધર્મધ્વજ અને સાંસ્કૃતિક ઝાંખીઓ દ્વારા સનાતન સંસ્કૃતિના મૂલ્યો જનમાનસ સુધી પહોંચાડવાનો પ્રયાસ કરાશે.

# નિવૃત્તિના એક દિવસ પહેલા જ રાજકોટના ACP બરતરફ

## વડોદરામાં જુગારના આરોપીને બચાવવા ૧૦ લાખની લાંચ લેવાનો આક્ષેપ

- » 10 લાખનું આંગડિયું, મોબાઈલ ચેટ અને કોલ્સના આધારે લેવાયો નિર્ણય
- » ૩૩ વર્ષની નોકરી બાદ ડિસમિસ થતાં પેન્શન અને ગ્રેચ્યુઈટીથી વંચિત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ પોલીસ કંટ્રોલ રૂમના ACP વી. જી. પટેલને ૩૧ મેના રોજ તેમની નિવૃત્તિના માત્ર ૧ દિવસ પહેલા જ ગૃહ વિભાગે નોકરીમાંથી ડિસમિસ કરી દીધા છે. વડોદરામાં ફરજ દરમિયાન જુગારના આરોપીને બચાવવા ૧૦ લાખ રૂપિયાની લાંચ લેવાના ગંભીર પ્રકરણમાં આ કડક નિર્ણય લેવાયો છે. ૩૩ વર્ષની નોકરી પૂરી કરી નિવૃત્ત થવાના ૧ દિવસ પૂર્વે જ હકાલપટ્ટી થતાં તેઓ પેન્શન અને ગ્રેચ્યુઈટી સહિતના તમામ આર્થિક લાભોથી વંચિત થઈ ગયા છે.વી. જી. પટેલ વડોદરાના એચ ડિવિઝનમાં ફરજ પર હતા ત્યારે મકરપુરામાં જુગારનો મોટો ગુનો



નોંધાયો હતો, જેમાં સંજય છનાણી મુખ્ય આરોપી હતો. તપાસમાં ખૂલ્યું કે ACP પટેલે વોટ્સએપ પર સંજયને પોલીસથી બચવા વડોદરા બહાર ભાગી જવાની ગુપ્ત સલાહ આપી હતી. જોકે, સંજયની ધરપકડ થતાં તેણે જ પૂછપરછમાં ACP ની શંકાસ્પદ ભૂમિકાનો પર્દાફાશ કર્યો હતો.

આરોપીને બચાવવા સુરતથી વડોદરાની આંગડિયા પેઢી મારફતે અશોકના નામે ૧૦ લાખ રૂપિયા મોકલાયા હતા. આ રકમ વચેટીયા નટવરસિંહ ઉર્ફે નટુભાએ મેળવી ૨ લાખ પોતાની પાસે રાખી બાકીના ૮ લાખ સુરેશ પાંડેને આપ્યા હતા, જે સીધો ACP પટેલના સંપર્કમાં હતો.

બંને વચ્ચે થયેલી ચેટ અને ફોન કોલ્સના મજબૂત પુરાવાના આધારે ખાતાકીય તપાસ શરૂ થઈ હતી. આ તપાસ ચાલુ હોવાથી રાજકોટ કંટ્રોલ રૂમમાં સાઈડલાઈન કરાયેલા ACP નો રિપોર્ટ ગૃહ વિભાગમાં સબમિટ થતાં ૩૦ મેના રોજ તેમને કાયમી ધોરણે ડિસમિસ કરવાનો હુકમ રાજ્ય પોલીસ વડા દ્વારા જારી કરાયો છે.